નવા નગર ચોમાસું કરી ને, મુનિવર ગુણસ્તુતિ ગાઇજી. તે૦ ૬

કલશ.

એમ દ્રવ્યભાવે સુમતિ સમતા, ગુપ્તિ ગુપ્તા મુનિવરાઃ
નિર્મોહી નિર્મલ શુદ્ધ ચિદ્ઘન, તત્ત્વસાધન તે નરાં. ૧
દેવચંદ અરિહા-આણ વિચરે, વિસ્તરે સુખ સંપદાઃ
નિર્ગ્રંથ વંદન સ્તવન કરતાં, પરમમંગલ સુખ સદા. ૨

—⁂—

શ્રીમાન્ દેવચંદ્રજી મહારાજ રચિત—

શ્રી ગજસુકુમાલની ઢાલો.

ઢાલ ૧ લી. (રાગ બંગાલ—રાજા નહિ નમે, એ દેશી.)

દ્વારિકાનગરી ઋદ્ધિ સમૃદ્ધ, કૃષ્ણ નરેશ્વર ભુવનપ્રસિદ્ધ ચેતનસાંભલો,
વસુદેવ દેવકી અંગ સુજાત, ગજસુકુમાલ કુંવર વિખ્યાત. ચે૦ ૧
નયરી—પરિસરે શ્રી જિનરાય, સમવસર્યા નિર્મમ નિર્માય, ચે૦
યાદવકુલ અવતંસ મુનીંદ, નેમનાથ કેવલગુણ વૃંદ. ચે૦ ૨
ત્રિભુવનપતિ શ્રી નેમજિણંદ, આવ્યા સુણી હરખ્યા ગોવિંદ; ચે૦
સજ્યું સામર્ઈયું વંદન કાજ, હરખે વાંદ્યા શ્રી જિનરાજ. ચે૦ ૩
લઘુવય પણ શ્રી ગજસુકુમાલ, રૂપ મનોહર લીલાએ ચાલ; ચે૦
વીતરાગ—વંદન અતિ રંગ, સુવિવેકે આવે ઉચ્છરંગ. ચે૦ ૪
સમવસરણ દેખી વિકસંત, ત્રિકરણ યોગે અતિ હરખંત; ચે૦
ધન્ય ! ધન્ય ! માને મન માંહિ, ગયો પાપ હું થયો સનાહ. ચે૦ ૫
કુંવરે વંદ્યા શ્રીજિન—પાય, આનંદ લહેર અંગ ન માય. ચે૦
નિષ્કામી પ્રભુ—દીઠા જામ, વીસરી વામા ને ધન ધામ ચે૦ ૬
જિન—મુખ અમૃત વયણ સુણંત, ભાગ્યો મિથ્યા મોહ અનંત, ચે૦
જ્ઞાન દર્શન ચરણ સુખ-ખાણ, શુદ્ધાતમ નિજતત્ત્વ-પિછાણ. ચે૦ ૭
પરપરિણતિ સંયોગીભાવ, સર્વ વિભાવ ન શુદ્ધ સ્વભાવ. ચે૦
દ્રવ્ય કર્મ નોકર્મ ઉપાધિ, બંધ હેતુ પમુહા સવિ વ્યાધિ ચે૦ ૮
તેથી ભિન્ન અમૃરત રૂપ, ચિન્મય ચેતન નિજગુણ ભૂપ.
શ્રદ્ધા ભાસન સ્થિરતાભાવ, કરતાં પ્રગટે શુદ્ધ સ્વભાવ ચે૦ ૯
નેમવચન સુણી વડવીર, ધીર વચન ભાખે ગંભીર. ચે૦
દેહાદિક એ મુઝ ગુણ નાંહિ, તો કેમ રહેવું મુઝ એ માંહિ ? ચે૦ ૧૦

જેહથી બંધાય નિજ તત્ત્વ, તેહથી સંગ કરે કોણ સત્ત્વ? ચે૦
પ્રભુજી! રહેવું કરી સુપસાય, હું આવું માતા-સમજાય. ચે૦ ૧૧

ઢાલ ૨ જી. (મારૂં મન મોહ્યું રે એણે ડુંગરે રે, એ દેશી.)

માતાજી! નેમિ-દેશના સુણી રે, મુઝ થયો આજ આનંદ;
મનુજ ભવ આજ સફળ થયો રે, આજ શુભ ઉદય દિણંદ. મા. ૧
દેવકી ચિત્ત અતિ ગહગહી રે, એમ કહે મધુર મુખ વાણી;
ધન્યો તું ધન્ય! મતિ તાહરી રે, જિણે સુણી નેમિ-મુખવાણી. મા. ૨
માતાજી! ઇણ સંસારમાં રે સુખ તણો નહિ લવલેશ;
વસ્તુગત ભાવ અવલોકતાં રે, સર્વ [1]સંયોગ કલેશ. મા. ૩
કર્મથી જન્મ તનુ કર્મથી રે, કર્મ એ સુખ દુઃખ-મૂલ;
આતમ-ધર્મ નવી એ કદા, આજ ટલી મુજ ભૂલ. મા. ૪
નેમિ-ચરણે રહી આદરૂં રે, ચરણ શિવ સુખ-કંદ;
વિષય વિષ મુઝ હવે નવી ગમે રે, સાંભળ્યું આત્માનંદ. મા. ૫
માતાજી! અનુમતિ આપિયેં રે, હવે મુઝ એમ ન રહાય;
એક ક્ષણ અવિરતિ દોષની, વાતડી વચનેં ન કહાય. મા. ૬
મોહાવેશે [2]બોલતી દેવકી રે, વિલપતી એમ કહે વાત;
પુત્ર! તેં એ શું આણિયું? રે, તુજ વિરહ મુજ ન સુહાત. મા. ૭
વચ્છ! સંયમ અતિ દોહિલું રે, તોલવું મેરૂ એક હાથ;
પ્રાણજીવન! મુઝ વાલહા! રે, આદરે તું કિંજ આથ. મા. ૮
માત! તમે શ્રાવિકા નેમની રે, તુમેં એમ ન કહાય;
મોક્ષ લાભ હેતુ સંયમ તણો, કેમ કરો? માત! અંતરાય મા. ૯
વત્સ! મુનિ-ભાવ દુષ્કર કહ્યો રે. જીપવો મોહ ભૂપાલ.
વિષધર-બેના સહ ખારવી રે, તમે છો બાલ સુકુમાલ. મા. ૧૦

---

૧ પાઠાંતર–સંસાર. ૨ રડતી.

માતજી ! નિજ ઘર આંગણે રે, બાલક રમે નિરબીહ;
તેમ મુઝ આતમ-ધર્મમાં રે, રમણ કરતાં કિશી બીહ ? મા. ૧૧
મોહવિષ સહિત જે વચનડાં રે, તે હવે મુઝ ન છિઅંત;
પરમ ગુરૂ વચન અમૃત થકી રે, હું થયો ઉપશમવંત. મા. ૧૨
ભવ તણો ફંદ[1] હવે ભાંજવો, સાધવો મોહ અરિ-વૃંદ;
આતમાનંદ આરાધવો રે, સાધવો મોક્ષ સુખ કંદ. મા. ૧૩
નેમ થકી અધિકો જો હુવે રે, તો માનિયે તાસ વચન;
માતજી ! કાંઇ નવી ભાંખિયે રે, માહરૂ સંયમે મન. મા. ૧૪

ઢાલ ૩ જી (ધન ધન સાધુ શિરોમણિ ઢંઢણો રે. એ દેશી)
ધન્ય ! ધન્ય! જે મુનિવર ધ્યાને રમ્યારે, સમતાસાગર ઉપશમવંતરે;
વિષય કષાયે જે નડિયા નહિરે, સાધક પરમાર્થ સુમહંતરે. ધન્ય ૧
યાદવપતિ પરિવારે પરવર્યા રે, નેમ-ચરણે પોતા ગજ સુકુમાલ રે,
માતપિતા પ્રીતે વહોરાવતારે; નંદન બાલ મનોહર ચાલરે. ધન્ય ૨
પ્રભુ-મુખે સર્વ વિરતિ અંગીકરીરે મૂકી સર્વ અનાદિ ઉપાધિરે,
પૂછે સ્વામિ! કહો કેમ નીપજે ? રે, મુઝને વહેલી સિદ્ધ સમાધિરે. ધન્ય ૩
પ્રભુ ભાખે નિજ સત્વે એકતારે, ઉદય અવ્યાપકતા પરિણામરે,
સંવર વૃદ્ધે વાધે નિર્જરારે. લઘુ કાલે લહિયે શિવ-ધામરે ધન્ય ૪
એક રાત્રિ-પડિમા તમે આદરોરે, ધરજો આતમ ભાવ સુધીરરે
સમતા સિંધુ મુનિવર તેમ કરે રે, શિવ-પદ સાધવા વડવીરરે ધન્ય ૫
શિર ઉપર સિગડી સોમિલે ઠરીરે, સમતા શીતલ ગજ સુકુમાલરે
ક્ષમા નીરે નવરાયો આતમારે, શું દાઝે તેનો નહિ ત્યાલ રે ધન્ય ૬
દહન ધર્મ તે દાઝે અગ્નિથીરે, હું તો પરમ અદાહ્ય અબાધરે
જે દાઝે છે તે માહરૂ નહિરે, અક્ષય ચિન્મય તત્ત્વ પ્રવાહરે ધન્ય ૭

૧ પાઠાન્તર-ફંદ

ક્ષપક શ્રેણિ-ધ્યાને આરોહનેરે, પુદ્ગલ-આત્મનો ભિન્ન ભાવરે;
નિજ ગુણ-અનુભવ વલી એકાગ્રતારે, ભજતાં કીધો કર્મ-અભાવરે
ધન્ય. ૮

નિર્મલ ધ્યાને તત્ત્વ-અભેદતારે, નિર્વિકલ્પ ધ્યાને તદ્રૂપરે.
ઘાતિ-વિલયે નિજ ગુણ ઉલ્લસ્યારે, નિર્મલ કેવલ આદિ અનુપરે.
ધન્ય. ૯

થઈ અયોગી શૈલેશી કરીરે, ટાલ્યો સર્વ સંયોગી ભાવરે;
આત્મ આત્મરૂપે પરિણમ્યો રે, પ્રગટ્યો પૂર્ણ વસ્તુ સ્વભાવરે
ધન્ય. ૧૦

સહજ અકૃત્રિમ વલી અસંગતારે, નિરૂપમ ચરિત્ત વલિ નિર્દ્વંદ્વરે;
નિરૂપમ અવ્યાબાધ સુખી થયારે, શ્રીગજ સુકુમાલ મુણિંદરે.
ધન્ય. ૧૧

નિત્ય પ્રત્યે એવા મુનિ-સંભારિયે રે, ધરિયે મનમાં એહજ ધ્યાનરે;
ઈચ્છા કીજે એ મુનિ-ભાવનીરે, જેમ લહિયે અનુભવ પરમનિધાનરે.
ધન્ય. ૧૨

ખરતર ગચ્છ પાઠક દીપચંદ્રનોરે, દેવચંદ્ર વંદે મુનિરાયરે;
સકલ સંઘ [1]ગુણકારણ સાધુજીરે, ભવ ભવ હોજો સુગુરૂ-સહાયરે.
ધન્ય. ૧૩



૧ [illegible]-નિધિ

શ્રીમાન્ દેવચંદ્રજી મહારાજ વિરચિત—

પ્રભંજનાની ઢાલો.

ઢાળ ૧ લી (પહેલેરે સુપનમે ગયવર દીઠો રે લો એ દેશી.)

ગિરિ વૈતાઢ્યની ઉપરે, ચક્રાંકા નયરી રે લોલ. અહો, ચ૦
ચક્રાયુધ રાજા તિહા, જીત્યા સવી વયરી રે લો૦ અ૦ જી.
મદનલતા તસ સુંદરી, ગુણશીલ અચભા રે લો૦ અ૦ ગુ૦
પુત્રી તાસ પ્રભંજના, રૂપે રતિ રંભારે લો૦ અ૦ રૂ૦
વિદ્યાધર ભૂચર-સુતા બહુ મલી એક પથે રે લો; અ૦ બ૦
રાધા વેધ મંડાવિયો, વર-વરવા ખતે રે લો૦ અ૦ વ૦
કન્યા એક હજારથી, પ્રભંજના ચાલીરે લો અ૦ પ્ર૦
આર્ય ખંડમાં આવતાં, વન ખંડ વિચાલે રે લો૦ અ૦ વ૦
નિર્ગ્રંથી સુપ્રતિષ્ઠિના, બહુ સુણુણી સંગે રે લો. અ૦ બ૦
સાધુ વિહારે વિચરતાં, વંદે મન રંગે રે લો૦ અ૦ વ૦
આર્યા પૂછે એવડો, ઉમાહો શ્યો છે ? રે લો. અ૦ ઉ૦
વિનયે કન્યા વીનવે, વર-વરવા ઇચ્છે રે લો૦ વ૦
એ શ્યો હિત ? જાણો તમે, એહથી નવી સિદ્ધિ રે લો. અ૦
વિષય હલાહલ વિષ નિહા, શી અમૃત બુદ્ધિ ? રે લો૦ અ૦ શી
ભોગ સંગ કારમા કહ્યા, જિનરાજે સદાય રે લો અ૦ જી૦
રાગ દ્વેષ-સંગે વધે, ભવ ભ્રમણ નદાય રે લો૦ અ૦ ભ૦
રાજસુતા કહે સાચ એ, જે ભાખો વાણી રે લો, અ૦ જે૦
પણ એ ભૂલ અનાદિની કેમ જાય ? છ ડાણી રે લો૦ અ૦ કે
જેહ તજે તે ધન્ય ! છે, નેરક જિનજીના રે લો. અ૦ તે૦
અમે જડ પુદ્ગલ ગમે નમ્યા, મોક સવલીના રે લો૦ અ૦ મ

અધ્યાતમ-રસ પાનથી, પીના મુનિરાયા રે લો; અ૦ પી૦
તે પરપરિણુતિ રતિ તજી, નિજ તત્ત્વે સમાયા રે લો૦ અ૦ નિ૦ ૧૧
અમને પણ કરવો ઘટે, કારણ સંજોગે રે લો; અ૦ કા૦
પણ ચેતનતા પરિણમે, જડ પુદ્ગલ ભોગે રે લો૦ અ૦ જ૦ ૧૨
અવર કન્યા એમ ઓચરે, ચિંતિત હવે કીજે રે લો; અ૦ ચિં
પછે પરમ પદ-સાધવા, ઉદ્યમ સાધીજે રે લો૦ અ૦ ઉ૦ ૧૩
પ્રભંજના કહે હે સખિ !, એ કાયર પ્રાણી રે લો; અ૦ એ૦
ધર્મ પ્રથમ કરવો [1]ઘટે, દેવચંદ્રની વાણી રે લો૦ અ૦ દે૦ ૧૪

ઢાલ ૨ જી (જીનવચને વૈરાગીઓ રે ધન્ના, એ દેશી.)

કહે સાહુણી સુણ કન્યકા ! રે, ધન્યા એ સંસાર કલેશ;
એહને જે હિત કરી ગણે રે, ધ૦ તે મિથ્યાત્વ આવેશ રે. ૧
સુજ્ઞાની કન્યા ! સાંભલો હિત-ઉપદેશ;
જગ-હિતકારી જિનેશ છે રે, ધ૦ કીજે તસ આદેશ રે. સુ૦ ૨
પરણીને જે પીવવું રે, ધ૦ તે નહિ શિષ્ટાચાર;
રત્નત્રયી સાધન કરી રે, ધ૦ મોહાધીનતા વાર રે. સુ૦ ૩
જે પુરૂષ-વરવા તણી રે, ધ૦ ઇચ્છે છે તે જીવ;
શ્યો સબંધ પણે ભણો ? રે, ધ૦ ધારી કાલ સદૈવ રે. સુ૦ ૪
તવ પ્રભંજના ચિંતવે રે, અપ્પા ! તું છે અનાદિ અનંત;
તે પણ મુઝ સત્તા સમો રે, અ૦ સહજ અકૃત સુમહંત રે. સુ૦ ૫
ભવ ભમતાં સવી જીવથી રે, અ૦ પામ્યા સર્વ સબંધ:
માત પિતા ભ્રાતા સુતા રે, અ૦ પુત્રવધૂ-પ્રતિબંધ રે. સુ. ૬
શ્યો સબંધ કહું ? ઇહાં રે અ૦ શત્રુ મિત્ર પણ થાય.
મિત્ર શત્રુતા વલી લહે રે, અ૦ એમ સંસરણ-સ્વભાવ રે. સુ. ૭

[1] પાઠાંતર—યત્ન

સત્તા સમ સવી જીવ છેરે, અ૦ જોતાં વસ્તુ-સ્વભાવ;
એ મ્હારો એ પારકોરે, અ૦ સવી આરોપિત ભાવરે. સુ. ૮
શુરૂણી આગલ એહવું રે, અ૦ જૂઠું કેમ કહેવાય ?
સ્વ-પર વિવેચન કીજતાંરે અ૦ માહરો કોઈ ન થાયરે. સુ. ૯
ભોગ્યપણું પણ ભૂલથીરે, અ૦ માને પુદ્ગલ-ખંધ;
હું ભોગી નિજ ભાવનોરે, અ૦ પરથી નહિ પ્રતિબંધરે. સુ. ૧૦
સમ્યક્ જ્ઞાને વ્હેંચતાં રે, અ૦ હું અમૂર્ત ચિદ્રૂપ;
કર્ત્તા ભોક્તા તત્ત્વનોરે. અ૦ અક્ષય અક્રિય સ્વરૂપરે. સુ. ૧૧
સર્વ વિભાવ થકી જૂદોરે, અ૦ નિશ્ચય નિજ અનુભૂતિ;
પૂર્ણાનંદી[1] પરમાત્મારે, અ૦ નહિ પર પરિણુતિ રીતિરે. સુ. ૧૨
સિદ્ધસમો એ સંગ્રહે રે, અ૦ પર-રંગે પલટાય;
સંગાંગી ભાવે[2]કહ્યો રે, અ૦ અશુદ્ધ વિભાવ અપાયરે. સુ. ૧૩
શુદ્ધ નિશ્ચય નયે કરીરે, અ૦ આતમ ભાવ અનંત;
તેહ અશુદ્ધ નયેં કરીરે, અ૦ દ્વષ વિભાવ મહંતરે. સુ. ૧૪
દ્રવ્ય કર્મ-કર્ત્તા થયોરે, અ૦ નય અશુદ્ધ વ્યવહાર,
તેહ નિવારો સ્વપદેરે, અ૦ રમતાં શુદ્ધ વ્યવહારરે. સુ. ૧૫
વ્યવહારે સમરે થકેરે, અ૦ સમરે નિશ્ચય આચાર,
પ્રવૃત્તિ સમારે વિકલ્પનેરે અ૦ તે સ્થિર પરિણુતિ સારરે. સુ ૧૬
પુદ્ગલને પર જીવથીરે, અ૦ કીધો ભેદ વિજ્ઞાન,
બાધકતા દૂરે ટલેરે, અ૦ હવે કોણ રોકે ? ધ્યાનરે સુ ૧૭
આલંબન ભાવન વગેરે, અ૦ ધર્મ ધ્યાન પ્રગટાય,
દેવચંદ્ર પદ સાધવારે, અ૦ એહજ શુદ્ધ ઉપાયરે સુ ૧૮

---

૧ પાઠાંતર-પરમ એ ૨ અગાંગીભાવે કરીરે.

ઢાલ ૨૭ (તુઠો તુઠોરે મુઝ સાહેબ જગનો તુઠોરે એ દેશી.)

યો આયોરે અનુભવ આતમચો આયો, શુદ્ધ નિમિત્ત આલંબન ભજતાં;
ાત્માલંબન પાયોરે, આયો આયોરે અનુભવ આતમચો આયો. ૧
ાતમ ક્ષેત્રી ગુણ પર્યય વિધિ, તિહાં ઉપયોગ રમાયો;
ર પરિણતિ પર રીતેં જાણી, તાસ વિકલ્પ ગમાયોરે. આ. ૨
ૃથક્ત્વ વિતર્ક શુકલ આરોહી, ગુણ ગુણી એક સમાયો;
ર્યાય દ્રવ્ય વિતર્ક એકતા, દુર્ધર મોહ ખપાયોરે. આ. ૩
અનંતાનુબંધી સુભટને કાઢી, દર્શન મોહ ગમાયો;
ત્રિગતિ-હેતુ પ્રકૃતિ ક્ષય કીધી, થયો આતમરસ રાયોરે. આ. ૪
દ્વિતીય તૃતીય ચોકડી ખપાવી, વેદ યુગલ ક્ષય થાયો;
હાસ્યાદિક સત્તાથી ધ્વંસી, ઉદય વેદ મિટાયો રે. આ. ૫
થઇ અવેદી ને અવીકારી, હણયો સંજ્વલનો કષાયો;
ભાર્યો મોહચરણ ક્ષયકારી, પૂરણ સમતા સમાયો રે. આ. ૬
ઘનઘાતિક ત્રિક યોધા લડિયા, ધ્યાન એકત્વને ધ્યાયો;
જ્ઞાનાવરણાદિક સુભટ પડિયા, જીત નીશાણ ઘુરાયો રે. આ. ૭
કેવલજ્ઞાન દર્શન ગુણ પ્રગટયો, મહારાજ પદ પાયો;
શેષ અઘાતિકર્મ ક્ષીણદલ, ઉદય અબાધ દેખાયો રે. આ. ૮
સયોગી કેવલી થયા પ્રભંજના, લોકાલોક જણાયો;
તીનકાલની ત્રિવિધ વર્તના, એક સમયે ઓલખાયો રે. આ. ૯
સર્વ સાધવીએ વંદના કીધી, ગુણી વિનય ઉપજાયો;
દેવેંદ્રી નવ કરે ગુણ સ્તુતિ, જગ જય પડહ વજાયો રે. આ. ૨૦

૧ પાઠાંતરે-નવાર. ૨ ત્યારે.

સહસ્ર કન્યકાએ દીક્ષા લીધી, આશ્રવ સર્વ તજાયો;
જગ ઉપકારી દેશ વિહારી, શુધ્ધ ધર્મ દીપાયો રે, આ. ૧૧

કારણ યોગે કારજ સાધે, તેહ ચતુર ગાઇ જે;
આત્મસાધન નિર્મલ સાધે, પરમાનંદ પાઈજેં રે. આ. ૧૨

એ અધિકાર કહ્યો ગુણરાગે, વૈરાગે મન લાવી;
વસુદેવહિંડ તણે અનુસારે, મુનિગુણ ભાવના ભાવી રે. આ. ૧૩


મુનિગુણ શુણતાં ભાવ વિશુધ્ધે, ભવવિચ્છેદન થાવે,
પૂર્ણાનંદ ઇહાંથી પ્રગટે, સાધન શક્તિ જમાવે રે. આ. ૧૪

મુનિગુણ ગાવો ભાવના ભાવો, ધ્યાવો સહજ સમાધિ;
રત્નત્રયી એકત્વે એવો, મિટે અનાદિ ઉપાધિ રે. આ. ૧૫

રાજસાગર પાઠક ઉપગારી, જ્ઞાન ધરમ દાતારી;
દીપચંદ પાઠક ખરતરવર, દેવચંદ સુખકારી રે. આ. ૧૬

નયર લીંબડી માંય રહીને, વાચંયમ સ્તુતિ ગાઇ;
આત્મ–રસિક શ્રોતાજન મનને, સાધન રૂચિ ઉપજાઇ રે. આ. ૧૭

એમ ઉત્તમ ગુણમાલા ગાવો, પાવો હર્ષ વધાઈ;
જૈન ધર્મ માર્ગ રૂચિ કરતાં, મંગલ લીલા સદાઈ રે. આ. ૧૮



શ્રીમાન્ દેવચંદ્રજી મહારાજ કૃત

પાંચ ભાવનાની ઢાલો.

દોહરા.

સ્વસ્તિશ્રી-મંદિર પરમ, ધર્મ-ધામ સુખ-ઠામ;
સ્યાદ્વાદ પરિણામ ધર, પ્રણમું ચેતન રામ. ૧
મહાવીર જિનવર નમું, ભદ્રબાહુ સૂરીશ;
વંદી શ્રી જિનભદ્રગણી, શ્રી ક્ષેમેંદ્ર મુનીશ. ૨
સદ્ગુરૂ શાસન-દેવ નમી, બૃહત્કલ્પ અનુસાર;
શુદ્ધ ભાવના સાધુની, ભાવિશ પંચ પ્રકાર. ૩
ઇંદ્રિય યોગ કષાય ને, જીપે મુનિ નિઃશંક;
પ્રણ જીતે કુધ્યાન-જય, જાએ ચિત્ત-તરંગ. ૪
પ્રથમ ભાવના શ્રુત તણી, બીજી તપ તીય સત્ત્વ;
તુરીય એકત્વ ભાવના, પંચમ [1]ભાવ સુતત્ત્વ. ૫
શ્રુત ભાવના મન-સ્થિર કરે, ટાલે ભવનો ખેદ;
તપ ભાવન કાયા-દમે, વમે વેદ-ઉવેદ [૧વેગ]. ૬
સત્ત્વભાવ નિર્ભય દશા, નિજ લઘુતા એકભાવ;
તત્ત્વ ભાવના આતમ-ગુણ, સિદ્ધિ-સાધના દાવ. ૭

ઢાલ ૧ લી (લોક સ્વરૂપ વિચારો આતમા રે, એ દેશી)

સૂત્ર-અભ્યાસ કરો મુનિવર સદા રે, અતિચાર સહુ ટાલ;
ધીણ અધિક આહાર ગત ઉચ્ચારો રે, શબ્દ-અર્થ-સંભાલ. સૂ. ૧
સૂક્ષ્મ અર્થ અગોચર દૃષ્ટિથી રે, રૂપી રૂપ વિહીન;
ભેદ અતીત અનાગત વર્તતા રે, જાણે જ્ઞાની લીન. સૂ. ૨

પાઠાંતર—૧ પંચમ ભાવન તત્ત્વ.

નિત્ય અનિત્ય એક અનેકતારે. સદસદ્ભાવ સ્વરૂપ;
છએ ભાવ એક દ્રવ્યે પરિણુમ્યારે, એક સમયમાં અનુપ. સુ. ૩

ઉત્સર્ગ અપવાદ પદે કરી રે, જાણે સહુ શ્રુત-ચાલ,
વચન-વિરોધ નિવારે યુક્તિથી રે, થાપે દ્રવ્ય-ટાલ સુ. ૪

દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક ધરે રે, નય ગમ ભંગ અનેક,
નય સામાન્ય વિશેષે તે રે ગ્રહેરે, લોકાલોક-વિવેક સુ ૫

નંદી સૂત્રે ઉપકારી કહ્યોરે, વલી અણુચ્યા ઠામ;
દ્રવ્ય શ્રુતને વાંદો ગણધરેરે, ભગવઈ અંગે નામ. સુ ૬

શ્રુત-અભ્યાસે જિનપદ પામિયેરે, છઠ્ઠે અંગે સાંખ,
શ્રુતનાણી કેવલ નાણી સમોરે, પન્નવણીજે ભાખ સુ ૭

સૂત્રધારી આરાધક સર્વનોરે, જાણે અર્થ સ્વભાવ.
નિજ આતમ પરમાત્મ સમ ગણેરે, ધ્યાવે તે નય-દાવ. સુ ૮

સંયમ દર્શન તે જ્ઞાને વધેરે, ધ્યા [જ્ઞા ?] ને શિવસાધન,
ભવ સ્વરૂપ ચઉગતિનો તે લખેરે, તેણે સંસાર-તજન સુ ૯

ઇંદ્રિય-સુખ ચંચલ જાણી તજેરે, નવ નવ અર્થ તરંગ.
જિમ જિમ પામે તિમ મન ઉલ્લસેરે, વધે નચિત્ત અનંગ સુ ૧૦

કાલ અસંખ્યાતાના ભવ લખેરે, ઉપદેશક પણ તેહ
પરભવ-સાથી અવલ મન ખરોરે. એણ વિના શિવગેહ સુ ૧૧

પંચમકાલે શ્રુત-બલ પણ ઘટ્યોરે, તો પણ એહ આધાર
દેવચંદ્ર જિનમતનું તત્વ એહ, ધરજો સુ ધરજો પ્યાર સુ ૧૨

• અ૦ મ૦ઠ૦

ઢાલ ૨ જી. (અનુમતિ દીધી માયે રોવતી, એ દેશી.)

રયણાવલી કનકાવલી, મુક્તાવલી ગુણરયણ;
વજ્રમધ્ય ને જવમધ્ય એ, તપ કરીને હો જીપો રિપુ મયણ. ૧
ભવિયણ ! તપગુણ આદરો, તપ તેજેરે છીજે સહુ કર્મ;
વિષય વિકાર દૂરે ટલે, મન ગંજે હો ભંજે ભવ ભર્મ. ભ૦ ૨
જોગ-જય ઈંદ્રિય-જય તહા, તપ જાણો હો કર્મ સૂડણ સાર;
ઉવહાણ જોગ દુહા કરી, શિવ સાધેરે સુધા અણગાર. ભ૦ ૩
જિમ જિમ પ્રતિજ્ઞા દૃઢ થકો, વૈરાગી તપસી મુનિરાય;
તિમ તિમ અશુભ દલ છીજે, રવિ તેજે રે જિમ શીત વિલાય. ભ૦ ૪
જે ભિક્ષુ-પડિમા આદરે, આસન અકંપ સુધીર;
અનિલીન સમતા ભાવમાં, તૃણની પરેહો જાણત શરીર. ભ૦ ૫
જિણુ સાધુ તપ તરવારથી, મૂક્યો મોહ ગયંદ,
તિણુ સાધુનો હું દાસ છું, નિત્ય વંદું તસ પય અરવિંદ. ભ૦ ૬
આચાર સુયગડાંગમાં, તિમ કહ્યો ભગવઈ અંગ;
ઉત્તરજ્ઝયણે એ ગુણનીધિ એ, તપ અંગે હો સહુ કર્મનો ભંગ. ભ૦ ૭
જે દુવિધ દુષ્કર તપ તપે, ભવ પાસ આસ વિરત;
ધન્ય ! સાધુ મુનિ ઢંઢણ સમા, ઋષિ ખંધક હો તિમ કુરુદત્ત. ભ૦ ૮
નિજ આતમ કંચન ભણી, તપ અગ્નિ કરી શોધંત,
નવ નવ લબ્ધિ-બલ ઉપને, ઉપસર્ગો તે સહંત મહંત. ભ૦ ૯
ધન્ય ! તેહ જે ધન ગૃહ તજી, તન-નેહનો કરી છેદ,
નિઃસંગ વનવાસે વસે, તપધારી તે અભિગ્રહ-ભેદ. ભ૦ ૧૦
ધન્ય ! તેહ ગચ્છ ગુફા-તટે, જિન કલ્પ-ભાવ અખંડ,
પરિહાર વિશુદ્ધિ તપ તપે, તે વંદે દેવચંદ મુણિંદ. ભ૦ ૧૧

ઢાલ ૩ ૭. (હવે રાણી પદ્માવતી, એ દેશી.)

રે જીવ ! સાહસ આદરો, મત થાઓ દીન;
સુખ દુઃખ સંપદ આપદા, પૂર્વ કર્મ આધીન. રે જીવ. ૧
ક્રોધાદિક વશે રણ સમે, સહ્યા દુઃખ અનેક;
તે જો સમતામાં સહે, તો તુજ ખરો વિવેક. રે જીવ. ૨
સર્વ આનત્ય અશાશ્વતો, જેહ દીસે એહ;
તન ધન સયણ સગા સહુ, તિણુસું શ્યો નેહ. ? રે જીવ ૩
જિમ બાલક વેલુતણા, ઘર કરીય રમંત;
તેહ છતે અથવા ઢહે, નિજ નિજ ઘર જંત. રે જીવ. ૪
પંથી જિમ સરાહમેં, નદી નાવની રીત,
તિમ એ પરિજન તો મિલ્યો, તિણથી શી પ્રીતિ. ? રે જીવ. ૫
જ્યાં સ્વાર્થ તિહાં સહુ સગા, વિણ સ્વાર્થ દૂર;
પર–કાજે પાપે ભળે, તું કિમ હોવે શૂર. ? રે જીવ. ૬
તજ બાહિર મેલાવડો, મિલિયો બહુ વાર;
જે પૂર્વે મલિયો નહિ, તિણ સું ધર પ્યાર. રે જીવ ૭
ચક્રી હરિ બલ પ્રતિહરિ, તસ વૈભવ અમાન;
તે પણ કાલે સંહર્યા, તુજ ધન શ્યે માન. ? રે જીવ ૮
હા હા ! હું તો તું ફિરે, પરિયણની ચિંત,
નરક પડ્યાં કહે તાહરી, કોણ કરશે ? ચિંત. રે જીવ ૯
રોગાદિક દુઃખ ઉપને, મન અરતિ મ ધરેવ [હ ?],
પૂરવ નિજ કૃત કર્મનો, એ અનુભવ હેવ [લેહ ?]. રે જીવ ૧૦
એહ શરીર અશાશ્વતું, ક્ષણમેં છીજંત,
પ્રીતિ કિશી તસ ઉપરે, જેહ સ્વાર્થ વંત. રે જીવ ૧૧
જ્યાં લગે તુજ ઇણ દેહથી, છે પૂરવ સંગ,
ત્યાં લગે કોઈ ઉપાયથી, નવિ થાયે ભંગ. રે જીવ ૧૨

આગલ પાછલ ચિંહું દિને, જે વિણશી જાય;
રોગાદિકથી નવિ રહે, કીધે કોડી ઉપાય. રે જીવ. ૧૩
અંતે પણ એહને તજ્યાં, થાય શિવ-સુખ;
તે જો છૂટે આપથી, તો તુઝ શ્યો દુઃખ. ? રે જીવ. ૧૪
એ તન વિણશે તાહરે, નવિ કાંઇ હાણ;
જો જ્ઞાનાદિક ગુણ તણો, તુજ આવે જાણ. રે જીવ. ૧૫
તું અજરામર આતમા અવિચલ ગુણ-ખાણ;
ક્ષણ ભંગુર આ દેહથી, તુજ કિહાં પીછાણ. ? રે જીવ ૧૬
છેદન ભેદન તાડના, વધ બંધન દાહ;
પુદ્ગલને પુદ્ગલ કરે, તું તો અમર અગાહ. રે જીવ. ૧૭
પૂર્વ કર્મ-ઉદયે સહી, જે વેદના થાય;
ધ્યાવે આતમ તિણ સમે, તે ધ્યાનીરાય. રે જીવ. ૧૮
જ્ઞાન ધ્યાનની વાતડી, કરણી આસાન;
અંત સમે આપદ પડ્યાં, વિરલા ધરે ધ્યાન. રે જીવ ૧૯
અરતિ કરી દુઃખ ભોગવે, પરવશ જિમ કીર;
તો તુજ જાણપણા તણો, ગુણ કિશો ? પીર ! રે જીવ ૨૦
શુદ્ધ નિરંજન નિર્મલો, નિજ આતમ-ભાવ;
તે વિણશે કહે દુઃખ કિશું ?, જો ગલિયો આવ; રે જીવ ૨૧
દેહ ગેહ ભાડા તણો, એ આપણો નાંહિ;
તુજ ગૃહ આતમ-જ્ઞાન એ, તિણ માંહિ સમાહિ રે જીવ ૨૨
મેતારજ સોહાસો, વલી ગજ સુકુમાલ.
સનત્કુમાર આદી પરે, તન-મમતા ટાલ રે જીવ ૨૩
કષ્ટ પડ્યાં સમતા રહે, નિજ આતમ-ધ્યાય.
દેવચંદ તિણ મુનિ તણા, નિત્ય વંદું પાય. રે જીવ. ૨૪

ઢાલ ૪ થી. (પ્રાણી ધરિયે સંવેગ વિચાર, એ દેશી.)

જ્ઞાન ધ્યાન ચારિત્રને રે, જો દ્રઢ કરવા ચાહ્ય;
તો એકાકી વિહરતો રે, જિન કલ્પાદિ સ્હાય રે.
પ્રાણી ! એકલભાવના ભાવો, શિવ માર્ગ સાધન દાવરે. પ્રા૦ ૧
સાધુ ભણી ગૃહ-વાસનીરે, છૂટી મમતા જેહ;
તો પણ ગચ્છ વાસી પણેરે, ગણ ગુરૂ પર છે નેહરે. પ્રા૦ ૨
વન-મૃગની પરે તેહથી રે, છોડી સકલ પ્રતિ બંધ;
તું એકાકી અનાદિનો રે, કિણથી તુજ સબંધ ? રે. પ્રા૦ ૩
શત્રુ મિત્રતા સર્વથીરે, પામી વાર અનંત;
કોણ સજ્જન ? દુશ્મન કિશ્યો ? રે, કાલે સહુનો અંતરે. પ્રા. ૪
બાંધે કર્મ જીવ એકલોરે, ભોગવે પણ તે એક;
કિણ ઉપર કિણ વાતનીરે, રાગ દ્વેષની ટેક રે. પ્રા. ૫
જો નિજ એકપણું ગ્રહેરે, છોડી સકલ પરભાવ;
શુદ્ધાતમ-જ્ઞાનાદિશું રે, એક સ્વરૂપે ભાવ રે. પ્રા. ૬
આવ્યો છે તું એકલોરે, જાઇશ પણ તું એક,
તો એ સયલ કુટુંબથીરે, પ્રીતિ કિ શી ? અવિવેકરે. પ્રા. ૭
વનમાં ગજ સિંહાદિથીરે, વિહરતાં ન ટલે જેહ;
જિણ આસને રવિ આથમેરે, તિણ આસન નિશિ છેહરે. પ્રા ૮
તપ પારણે આહાર ગ્રહેરે, કરમા લેપ વિહીન,
એકવાર પાણી પીવને રે, વનચારી ચિત્ત અદીનરે. પ્રા ૯
એહ દોષ [1]પર-ગ્રહણથીરે, પર-સંગે ગુણ-હાણ,
પરધન-ગ્રાહી ચોર તે રે, એકપણુ સુખ-ડાણ રે. પ્રા ૧૦
પર સંયોગથી બંધ છે રે, પર-વિયોગથી મોક્ષ,
તેણે તજી પર મેલાવડોરે, એકપણું નિજ પોખરે. પ્રા ૧૧

૧ પાઠાંતર-સૌ પર તણો રે.

જન્મ ન પામ્યો સાથ કો રે, સાથ ન મરશે કોય;
દુ:ખ વેંચાઉ કોય નહિરે, ક્ષણ ભંગુર સહુ લોયરે. પ્રા. ૧૨
પરિજન મરતો દેખીનેરે, શોચ કરે જન મૂઢ;
અવસરે વારો આપણોરે, સહુ જનની એ રૂઢરે. પ્રા. ૧૩
સુરપતિ ચક્રી હરિ હલીરે, એકલા પર ભવ જાય;
તન ધન પરિજન સહુ મિલીરે, કોઇ સખાઇ ન થાયરે. પ્રા. ૧૪
એક આતમા માહરોરે, જ્ઞાન દર્શન ગુણવંત
બાહ્ય યોગ સહુ અવર છે રે, પામ્યો વાર અનંતરે. પ્રા. ૧૫
કરકંડુ નમિ નિગ્ગઇરે, દુમુહપ્રમુખ ઋષિરાયા;
મૃગાપુત્ર .હરિકેશીનારે, હું વંદુ નિત્ય પાયારે. પ્રા. ૧૬
સાધુ ચિલાતી સુત ભલોરે, વલી અનાથી તેમ;
એમ મુનિ-ગુણ અનુમોદતારે, દેવચંદ્ર સુખ એમરે. પ્રા. ૧

(ઢાલ ૫ મી) એણી પરે ચંચલ આઉખી, એ દેશી.

ચેતન! એ તન હારમો, તમે ધ્યાવોરે શુદ્ધ નિરંજન દેવ;
ભવિક તમે ધ્યાવોરે, શુદ્ધ સ્વરૂપ અનુપ, ભવિક તમે ધ્યાવોરે; ૧
નરભવ શ્રાવક-કુલ લહ્યો, ત. લાધો સમકિત સાર; ભ.
જિન-આગમ રુચિશું સુણો, ત. આલસ નિંદ નિવાર. ભ. ૨
નિનરોહ તિહુ હાલની, ત. પરિણતિ તીન પ્રકાર. ભ.
એક સમયે જાણે તિણે, ત. નાણ અનંત અપાર. ભ. ૩
*અનપાતર સહભાવનો, ત. દર્શન જાસ અનંત. ભ.
આતમ ભાવે થિર સદા, ત. અક્ષય ચરણ અનંત. ભ. ૪

* ભ. ૪ થી ગાથા કેટલીક પ્રતોમાં નીજી છે. પરંતુ અર્થ-સંબંધ વિચારતા ચોથી જ હોવી જોઇએ

ઢાલ ૪ થી. (પ્રાણી ધરિયે સંવેગ વિચાર, એ દેશી.)

જ્ઞાન ધ્યાન ચારિત્રને રે, જો દઢ કરવા ચાહ્ય;
તો એકાકી વિહરતો રે, જિન કલ્પાદિ સ્હાય રે.
પ્રાણી ! એકલ ભાવના ભાવો, શિવ માર્ગ સાધન દાવરે. પ્રા૦ ૧
સાધુ ભણી ગૃહ–વાસનીરે, છૂટી મમતા જેહ;
તો પણ ગચ્છ વાસી પણેરે, ગણ ગુરૂ પર છે નેહરે. પ્રા૦ ૨
વન–મૃગની પરે તેહથી રે, છોડી સકલ પ્રતિ બંધ;
તું એકાકી અનાદિનો રે, કિણથી તુજ સબંધ ? રે. પ્રા૦ ૩
શત્રુ મિત્રતા સર્વથીરે, પામી વાર અનંત;
કોણ સજ્જન ? દુશ્મન કિશ્યો ? રે, કાલે સહુનો અંતરે. પ્રા. ૪
બાંધે કર્મ જીવ એકલોરે, ભોગવે પણ તે એક;
કિણ ઉપર કિણ વાતનીરે, રાગ દ્વેષની ટેક રે. પ્રા. ૫
જો નિજ એકપણું ગ્રહેરે, છોડી સકલ પરભાવ;
શુદ્ધાતમ–જ્ઞાનાદિશું રે, એક સ્વરૂપે ભાવ રે પ્રા. ૬
આવ્યો છે તું એકલોરે, જાઇશ પણ તું એક,
તો એ સયલ કુટુંબથીરે, પ્રીતિ કિ શી ? અવિવેકરે. પ્રા. ૭
વનમાં ગજ સિંહાદિથીરે, વિહરતાં ન ટલે જેહ,
જિણ આસને રવિ આથમેરે, તિણ આસન નિશિ છેહરે પ્રા. ૮
તપ પારણે આહાર ગ્રહેરે, કરમાં લેપ વિહીન;
એકવાર પાણી પીવને રે, વનચારી ચિત્ત અદીનરે. પ્રા ૯
એહ દોષ [1]પર–ગ્રહણથીરે, પર–સંગે ગુણ–હાણ,
પરધન–ગ્રાહી ચોર તે રે, એકપણુ સુખ–ખાણ રે પ્રા ૧૦
પર સંયોગથી બંધ છે રે, પર–વિયોગથી મોક્ષ,
તેણે તજી પર મેલાવરોરે, એકપણું નિજ પોખરે. પ્રા ૧૧

૧ પાઠાંતર–ઓ પર તજો રે.

જન્મ ન પામ્યો સાથ કો રે, સાથ ન મરશે કોય;
દુઃખ વેંચાઉ કોય નહિરે, ક્ષણ ભંગુર સહુ લોયરે. પ્રા. ૧૨
પરિજન મરતો દેખીનેરે, શોચ કરે જન મૂઢ;
અવસરે વારો આપણોરે, સહુ જનની એ રૂઢરે. પ્રા. ૧૩
સુરપતિ ચક્રી હરિ હલીરે, એકલા પર ભવ જાય;
તન ધન પરિજન સહુ મિલીરે, કોઈ સખાઈ ન થાયરે. પ્રા. ૧૪
એક આતમા માહરોરે, જ્ઞાન દર્શન ગુણવંત
બાહ્ય યોગ સહુ અવર છે રે, પામ્યો વાર અનંતરે. પ્રા. ૧૫
કરકંડુ નમિ નિગ્ગઈરે, દુમુહપ્રમુખ ઋષિરાય;
મૃગાપુત્ર હરિકેશીનારે, હું વંદુ નિત્ય પાયારે. પ્રા. ૧૬
સાધુ ચિલાતી સુત ભલોરે, વલી અનાથી તેમ,
એમ મુનિ-ગુણ અનુમોદતારે, દેવચંદ્ર સુખ એમરે. પ્રા. ૧

(ઢાલ ૫ મી) એણી પરે રાંભલ આઉરી, એ દેશી.

ચેતન ! એમ તન કારણો, તમે ધ્યાવોરે. શુદ્ધ નિરંજન દેવ;
ભવિક તમે ધ્યાવોરે, શુદ્ધ સ્વરૂપ અનુપ, ભવિક તમે ધ્યાવોરે. ૧
નરભવ શ્રાવક-કુલ લહ્યો, ત. લાધો સમકિત સાર; ભ.
જિન-આગમ રુચિશું ગુણો, ત. આલસ નિંદ નિવાર. ભ. ૨
નિનરોક લિંગ માલની, ત પરિણતિ તીન પ્રકાર. ભ.
એક સમયે જાણે તિહાં, ત નાણ અનંત અપાર. ભ. ૩
*સમયાંતર સહભાવનો, ત દર્શન જ્ઞાન અનંત ભ.
આતમ ભાવે થિર સદા, ત અક્ષય ચારિત્ર અનંત. ભ. ૪

* આ ૪ થી આઠ [illegible]
વિચારતા [illegible]

સકલ દોષ હર શાશ્વતો, ત. વીરજ પરમ અદીન; ભ.
સૂક્ષ્મતનું બંધ (ન) વિના, ત. અવગાહના સ્વાધીન. ભ.૫

પુદ્ગલ સકલ વિવેકથી, ત. શુદ્ધ અમૂર્ત્તિ રૂપ. ભ.
ઇંદ્રિય-સુખ નિસ્પૃહ થયા, ત. અકથ્ય અબાહ [ધ્ય] સ્વરૂપ. ભ.૬

દ્રવ્યતણા પરિણામથી, ત. અગુરૂ લઘુત્વ અનિત્ય; ભ.
સત્ય સ્વભાવમયી સદા, ત. છોડી ભાવ અસત્ય. ભ.૭

નિજ ગુણ રમતો રામએ, ત. સકલ અકલ ગુણ-ખાણ; ભ.
પરમાતમ પરજ્યોતિઃ એ, ત. અલખ અલેપ વખાણ. ભ.૮

પંચ પૂજ્યથી પૂજ્ય એ, ત. સર્વ ધ્યેયથી ધ્યેય. ભ.
ધ્યાતા ધ્યાન રૂ ધ્યેય એ, ત. નિશ્ચય એક[1] અભેય. ભ.૯

અનુભવ કરતાં એહનો, ત. થાય પરમ પ્રમોદ; ભ.
એક સ્વરૂપ અભ્યાસસું, ત. શિવ-સુખ છે તસ ગોદ. ભ.૧૦

બંધ અબંધ એ આતમા, ત. કર્ત્તા અકર્ત્તા એહ; ભ.
એહ ભોકતા અભોકતા, ત. સ્યાદ્વાદ ગુણ-ગેહ. ભ.૧૧

એક અનેક સ્વરૂપ એ, ત. નિત્ય અનિત્ય અનાદિ, ભ
સદસદ્ ભાવે પરિણમ્યા, ત. મુક્ત સકલ ઉન્માદ. ભ ૧૨

તપ જપ કિરિયા ખપ થકી, ત અષ્ટ કર્મ ન વિલાય ભ
તે સહુ આતમ ધ્યાનથી, ત. ક્ષણમાં ખેરૂ થાય ભ ૧૩

શુદ્ધાતમ-અનુભવ વિના, ત. બંધ હેતુ શુભ ચાલ ભ
આતમ પરિણામે રમ્યા, ત. એહજ આશ્રવ-પાલ ભ ૧૪

એમ જાણી નિજ આતમા, ત. વરજી સકલ ઉપાધ. ભ
ઉપાદેય અવલંબને, ત. પરમ મહોદય સાધ, ભ ૧૫

---

૧ પાઠાંતર-અભેદ એ ભેદ

ભરત એલાસુત તેતલી, ત. ઈત્યાદિક મુનિ-વૃંદ; ભ.
આતમ-ધ્યાનથી એ તર્યા, ત. પ્રણમે તે દેવચંદ્ર. ભ.૧૬

ઢાલ ૬ ઠી (સેત્રુંજ શેત્રુંજ્યે સિદ્ધ થયા, એ દેશી.)

ભાવના મુક્તિ નિશાણી જાણી, ભાવો આસક્તિ આણીજી;
યોગ કષાય કપટની હાણી, થાય નિર્મલ જાણીજી. ભા. ૧
પંચ ભાવના એ મુનિ [1] મનને, સંવર-ખાણી વખાણીજી;
બૃહત્કલ્પ સૂત્રની વાણી, દીઠી તેમ કહાણીજી; ભા. ૨
કર્મ-કતરણી શિવની શરણી, [2] જાણુ-ઠાણુ-અનુસરણીજી;
ચેતન રામ તણી એ ઘરણી, ભવ સમુદ્ર દુઃખ-હરણીજી. ભા. ૩
જયવંતા પાઠક ગુણધારી, રાજસાગર સુવિચારીજી;
નિર્મલ જ્ઞાન ધર્મ સંભાલી, પાઠક સહુ હિતકારીજી. ભા. ૪
રાજ હંસ સહ સુગુરૂ પસાયે, દેવચંદ્ર ગુણ ગાવેજી;
ભવિક જીવ જે ભાવના ભાવે, તે અમિત સુખ પાવેજી. ભા. ૫
જેસલ મેર શાહ સુત્યાગી, વર્દ્ધમાન વડભાગીજી;
પુત્ર કલત્ર સકલ સોભાગી સાધુ ગુણના રાગીજી. ભા. ૬
તસ આગ્રહથી ભાવના ભાવી, ઢાલ બંધમાં ગાઈજી;
ભણશે ગણશે જે એ જ્ઞાતા, લેહેશે તે સુખ સાતાજી. ભા. ૭
મન શુદ્ધે પંચ ભાવના ભાવો, પાવન જિન-ગુણ [3]ગાવોજી;
મન મુનિવર-ગુણ સંગ વસાવો, સુખ સંપત્તિ ગૃહ થાવોજી. ભા. ૮

પાઠાં-૧ મુનિજનને ૨ ધ્યાન. ૩ પાવેજી

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ કૃત
ચતુર્વિંશતિ સ્તવનો.

(૧) શ્રી ઋષભજિન-સ્તવન.

(મહા વિદેહ ક્ષેત્ર સોહામણું. એ દેશી.)

જગ-જીવન જગ-વાલહો, મરૂદેવીનો નંદ લાલરે;
મુખ દીઠે સુખ ઉપજે, દર્શન અતિ આનંદ લાલરે. જ૦
આંખડી અંબુજ-પાંખડી, અષ્ટમી શશી સમ ભાલ લાલરે;
વદન તે શારદ-ચંદલો, વાણી અતિહિ રસાળ લાલરે. જ૦ ૨
લક્ષણ અંગે વિરાજતા, અડહિ સહસ્સ ઉદાર લાલરે,
રેખા કર ચરણાદિકે, અભ્યંતર નહિ પાર લાલરે. જ૦ ૩
ઇંદ્ર ચંદ્ર રવિ ગિરિ તણા, ગુણ લઇ ઘડીયું અંગ લાલરે,
ભાગ્ય કિહાં થકી આવિયો, અચરજ એહ ઉત્તંગ લાલરે જ૦ ૪
ગુણ સઘલાં અંગે કર્યા, દૂર કર્યા સવી દોષ લાલ રે,
વાચક જશ વિજયે થુણ્યો, દેજો સુખનો પોષ લાલરે. જ૦ ૫

---

(૨) શ્રી અજિતનાથ જિન-સ્તવન.

(નિંદડી વેરણ હુઇ રહી એ દેશી)

અજિત જિણંદ શુ પ્રીતડી, મુઝ ન ગમે હો બીજાનો સંગકે.
માલતી-ફૂલે મોહીયો, કેમ બેસે ? હો બાવલતરૂ ભૃંગકે અ ૧
ગંગાજલમાં જે રમ્યા, કિમ છિલ્લર હો રતિ પામે ? મરાલકે.
સરોવર જલધર જલ વિના, નવિ ચાહે હો જગ ચાતુક બાલકે અ ૨
કોકિલ કલ કૂજિત કરે, પામી મંજરી હો પંજર સહકારકે
ઓછા તરૂવર નવી ગમે, ગિરૂઆશુ હો હોય ગુણનો પ્યારકે ૩

લિની દિનકર કર ગ્રહે, વલી કુમુદિની હો ધરે ચંદસું પ્રીતકે;
ારી ગિરીશ ગિરિધર વિના, નવી ચાહે હો કમલા નિજ ચિત્તકે.૪
તેમ પ્રભુશું મુઝ મન રમ્યું, બીજાસું હો નવિ આવે દાય કે;
શ્રી નયવિજય સુગુરૂ તણો, વાચક યશ હો નિત નિત ગુણ ગાયકે.૫

---

(૩) શ્રી સંભવનાથ જિન-સ્તવન.

(મન મધુકર મોહી રહ્યો. એ દેશી.)

સંભવ જિનવર વીનતી, અવધારો ગુણ જ્ઞાતા રે;
ખામી નહિ મુઝ ખિજમતે, કદિયેં હોશો ફલ-દાતા રે. સં૦ ૧
કર જોડી ઉભો રહું, રાત દિવસ તુમ ધ્યાને રે;
જો મનમા આણો નહિ, તો શું કહિયેં ? છાને રે. સં૦ ૨
ખોટ ખજાને કો નહિ, દીજે વંછિત દાનો રે;
કરૂણા નજર પ્રભુજી તણી, વાધે સેવક વાનો રે. સં૦ ૩
કાલ લબ્ધિ મતિ ગણો, ભાવ લબ્ધિ તુજ હાથે રે;
લડથડતુ પણ ગજ-બચ્ચુ, ગાજે ગજવર સાથે રે. સં૦ ૪
દેશો તો તુમહિ ભલું, બીજા તો નવી યાચું રે,
વાચક યશ કહે સાંઇશુ, ફળશે એ મુજ સાચું રે. સં૦ ૫

---

(૪) શ્રી અભિનંદન જિન-સ્તવન.

દીઠી હો પ્રભુ ! દીઠી જગગુરૂ તુજ,
મૂર્તિ હો પ્રભુ ! મૂર્તિ મોહન વેલડીજી,
મીઠી હો પ્રભુ ! મીઠી તાહરી વાણી,
લાગે હો પ્રભુ ! લાગે જેસી સેલડીજી. ૧
જાણું હો પ્રભુ ! જાણું જન્મ કયત્થ,
જો હું હો પ્રભુ ! જો હું તુમ સાથે મલ્યોજી;

સુરમણિ હો પ્રભુ ! સુરમણિ પામ્યો હત્થ,
આંગણે હો પ્રભુ ! આંગણે મુજ સુર તરૂ ફલ્યોજી. ૨
જાગ્યા હો પ્રભુ ! જાગ્યા પુન્ય અંકુર,
માગ્યા હો પ્રભુ ! મ્હોં માગ્યા પાશા ઢલ્યાજી;
વુઠા હો પ્રભુ ! વુઠા અમીરસ મેહ,
નાઠા હો પ્રભુ ! નાઠા અશુભ શુભ દિન વલ્યાજી. ૩
ભૂખ્યાં હો પ્રભુ ! ભૂખ્યાં મિલ્યા ઘૃતપુર,
તરસ્યાં હો પ્રભુ ! તરસ્યાં દિવ્ય ઉદક મિલ્યાજી;
થાકયાં હો પ્રભુ ! થાક્યાં મલ્યા સુખપાલ,
ચાહતા હો પ્રભુ ! ચાહતા સજ્જન હેજે હલ્યાજી. ૪
દીવો હો પ્રભુ ! દીવો નિશા વન ગેહ,
સાખી હો પ્રભુ ! સાખી થલે જલે નૌકા મલીજી,
કલિયુગે હો પ્રભુ ! કલિયુગે દુલ્લહો તુજ,
દર્શન હો પ્રભુ ! દર્શન લહી આશા ફલીજી. ૫
વાચક હો પ્રભુ ! વાચક જશ તુમ દાસ,
વિનવે હો પ્રભુ ! વિનવે અભિનદન સુણોજી,
કહીએ હો પ્રભુ ! કહીએ મ દેશો છેહ,
દેજો હો પ્રભુ ! દેજો સુખ દરિશન તણોજી. ૬

(૫) સુમતિનાથ જિન-સ્તવન.

(ઝાંઝરિયા મુનિવરની દેશી.)

સુમતિનાથ-ગુણ શું મિલીજી, વાધે મુજ મન પ્રીત,
તેલ બિંદુ જેમ વિસ્તરેજી, જલમાંહે ભલી રીત,
સોભાગી જિનશું, લાગો અવિહડ રંગ. ૧

સજ્જન શુ જે પ્રીતડીજી, છાની તે ન રખાય;
પરિમલ કસ્તુરી તણોજી, મહી માંહે મહકાય. સો૦ ૨
આંગલીએ નવી મેરૂ ઢંકાયે, છાબડીએ રવિ-તેજ;
અંજલીમાં જેમ ગંગ ન માયે, મુજ મન તેમ પ્રભુ-હેજ. સો. ૩
હુઓ છુપે નહિ અધર અરૂણ જેમ, ખાતાં પાન સુરંગ;
પીવત ભરભર પ્રભુ-ગુણ પ્યાલા, તેમ મુજ પ્રેમ અભંગ. સો. ૪
ઢાંકી ઇક્ષુ પરાલ શું જી, ન રહે લહે વિસ્તાર;
વાચક યશ કહે પ્રભુ તણોજી, તેમ મુજ પ્રેમ પ્રકાર. સો. ૫

---

(૬) શ્રી પદમપ્રભ જિન સ્તવન.

(સહજ સલુણા હો સાધુજી એ દેશી.)

પદમપ્રભ જિન જઇ અલગા રહ્યા, જિહાંથી નાવે લેખોજી;
કાગલ ને મસી તિહાં નવી સંપજે, ન ચલે વાટ વિદેશોજી.
સુગુણ સનેહા ! રે કદિય ન વીસરો. ૧
ઇહાંથી તિહાં જઈ કોઇ આવે નહિ, જેહ કહે સંદેશોજી;
જેહનું મલવું દોહિલું તેહશું, નેહ તે આપ કિલેશોજી. સુ. ૨
વીતરાગશું રાગ તે એક પખો, કીજે કવણ પ્રકારોજી;
ઘોડો દોડે રે સાહિબ [1]વાજમાં, મન નાણે અસવારોજી. સુ. ૩
સાચી ભક્તિ રે ભાવન રસ કહ્યો, રસ હોય તિહાં દોય રીઝેજી.
હોડાહોડે રે બીહું રસ રીઝથી, મનનાં મનોરથ સીઝેજી. સુ. ૪
પણ ગુણવંતા રે ગોઠે ગાજિયે, મોટા તે વિશ્રામજી,
વાચક જશ કહે એહજ આશરે, સુખ લહું ઠામોઠામજી સુ. ૫

---

૧. ખાતર-ખાડા

ગ ભરે [લ] જન મન રહો, પણ તિહું કાલ વૈરાગ;
ચિત્ત તુમારારે સમુદ્રનો, કોઇ ન પામે તાગ. શ્રી. ૩
સેહવાસું ચિત્ત મેલવ્યું, કેલવ્યું પહેલાં ન કાંઇ;
સેવક નિપટ અબુઝ છે, નિરવહેશો તુમ સાંઇ! શ્રી. ૪
વીરાગી સુંરે કેમ મિલે?, પણ મળવાનો [1]એકાંત;
વાચક યશ કહે મુજ મિલ્યો, ભક્તિયેં કામણ તંત. શ્રી. ૫

---

(૧૨) શ્રી વાસુપૂજ્ય જિન–સ્તવન.

(મોતીડાની દેશી.)

સ્વામિ! તમે કાંઈ કામણ કીધું?
ચિત્તડું અમારૂં ચોરી લીધું;
સાહિબા વાસુપૂજ્ય જિણંદા,
મોહના વાસુ પૂજ્ય જિણંદા.
અમે પણ તુમશું કામણ કરશું,
ભક્તિયેં ગ્રહી મન ઘરમાં ધરશું. સા. ૧
મન ઘરમાં ધરિયા ઘરશોભા,
દેખતા નિત રહેશો થિર થોભા;
મન વૈકુંઠ અકુંઠિત ભક્તેં,
યોગી ભાખે અનુભવ યુક્તે સા. ૨
ક્લેશ વાસિત મન સંસાર,
ક્લેશ રહિત મન તે ભવપાર;
જો વિશુદ્ધ મન ઘર તુમ આવ્યા,
પ્રભુ! તો અમે નવનિધિ ઋદ્ધિ પાવ્યા. સા. ૩

---

૧ આતમ–એ તત તે નિશ્ચય.

(૭) શ્રી સુપાર્શ્વ જિન સ્તવન.

(લાચ્છલ દે માત મલ્હાર, એ દેશી.)

શ્રી સુપાર્શ્વ જિનરાજ; તું ત્રિભુવન-શિરતાજ;
આજ હો છાજે રે, ઠકુરાઈ પ્રભુ ! તુજ પદ તણી જી. ૧

દિવ્યધ્વનિ સુરફૂલ, ચામર છત્ર અમૂલ; ૨
આજ હો રાજે રે, ભામંડલ ગાજે દુંદુભિજી.

અતિશય સહજના ચાર, કર્મ-ખપ્યાથી ઇગ્યાર; ૩
આજ હો કીધારે, ઓગણીશે સુરગણ ભાસુરેજી.

વાણી-ગુણ પાંત્રીશ, પ્રતિહારજ જગદીશ; ૪
આજ હો રાજે રે, દીવાજે છાજે આઠસું જી.

*સિંહાસન અશોક, માહેં બેઠા લોક;
આજ હો સ્વામી રે શિવગામી વાચક યશ થુણ્યોજી. ૫

---

* આ સ્તવનની છેલ્લી ત્રણ ગાથા આ પ્રમાણે હોવી સંભવિત છે
કારણ કે પ્રતિહાર્યનો ક્રમ બરોબર જળવાય છે.

*સિંહાસન અશોક, બેઠા[૧] મોહે લોક; ૩
આજ હો રાજે રે, દીવાજે છાજે આઠસુંજી.
અતિશય સહજ ના ચાર, કર્મ ખપ્યાથી ઇગ્યાર, ૪
આજ હો કીધારે, ઉગણીશે સુરગણ ભાસુરેજી
વાણી ગુણ પાંત્રીશ, પ્રતિહારજ જગદીશ,
આજ હો સ્વામી રે, શિવગામી વાચક યશે થુણ્યોજી[૧]

૧ પાઠાંતર-માહે બેઠા.

(૮) શ્રી ચંદ્રપ્રભ જિન--સ્તવન.

(ધરણ્ણા ઢોલાની દેશી.)

ચંદ્રપ્રભ જિન સાહિબા રે, તુમે છો ચતુર સુજાણુ મનનારે માન્યા;
સેવા જાણો દાસની રે, દેશો [1]ફલ નિર્વાણ. મ.
આવો આવો રે ચતુર સુખભોગી, કીજે વાત એકાંતે અભોગી;
ગુણ ગોઠે પ્રગટે પ્રેમ, મનના રે માન્યા ૧
ઓછું અધિકું પણ કહે રે, આસંગાયત જેહ, મ.
આપે ફલ જે અણ કહ્યું રે, ગિરૂઓ સાહિબ તેહ. મ. ૨
દીન કહ્યા વિણ દાનથી રે, દાતાની વાધે મામ; મ.
જલ દીયે ચાતક ખીજવીરે, મેઘ હુવો તેણે શ્યામ. મ. ૩
પિઉ પિઉ કરી તુમને જપું રે, હું ચાતક તમે મેહ; મ.
એક લહેરમાં દુઃખ હરો રે, વાધે બમણો નેહ મ. ૪
મોડું વહેલું આપવું રે, તો શી ઢીલ કરાય ?; મ.
વાચક યશ કહે જગ-ધણી રે, તુમ તૂઠે સુખ થાય. મ. ૫

---

(૯) શ્રી સુવિધિનાથ જિન-સ્તવન.

(સુણો મેરી સજની રજની ન જાવે એ દેશી)

લઘુ પણ હું તુમ મન નવી માવું રે, જગ-ગુરૂ તમને દિલમાં લાવું રે;
કિણુને એ દીજે શાબાશી રે, કહો શ્રી સુવિધિ જિણંદ [1]વિમાસી રે. ૧
મુજ મન અણુ માંહિ ભક્તિ છે ઝાઝી રે, તેહ દરીનો તું છે માઝી રે,
યોગી પણ જે વાત ન જાણે રે, તે અચરજ કુણ થી હુએ ટાણે રે ૨
અથવા થિરમાંહી અથિર ન માવે રે, મોટો ગજ દર્પણ માંહે આવે રે,
જેહને તેજે બુદ્ધિ પ્રકાશી રે, તેહને દીજે એ શાબાશી રે ૩

ઉર્ધ્વ મૂલ તરૂવર અધ શાખા રે, છંદ પુરાણે એવી છે ભાખા
અચરિજવાલે અચરજ દીઠું રે, ભક્તિયે સેવક કારજ સીધું રે
લાડ કરી જે બાલક બોલે રે, માતપિતા મન અમીય તોલે રે;
શ્રી નયવિજયનો શિષ્ય રે, જશ કહે એમ જાણો જગદીશ રે.

---

(૧૦) શ્રી શીતલ જિન-સ્તવન.

(અલિ અલિ કદિ આવેગે એ દેશી.)

શ્રી શીતલ જિન ભેટિયે, કરી ચોખું ભક્તિયેં ચિત્તહો;
તેહસું કહો છાનું કિશું ?, જેહને સોંપ્યા તન મન વિત્તહો. શ્રી
કાયક નામેં છે ઘણા, પણ તું સાયર તે કૂપહો;
તે બહુ ખજુવા તગ તગે, તું દિનકર તેજ સ્વરૂપહો. શ્રી ૨
મોટો જાણી આદર્યો, દારિદ્ર ભાંગ્યો જગતાત હો;
તું કરૂણાવંત શિરોમણિ, હું કરૂણા-પાત્ર વિખ્યાત હો. શ્રી ૩
અંતર્યામી સવી લહો, અમ મનની જે છે વાત હો;
મા આગલ મોશાલનાં, શ્યા વર્ણવવા ? અવદાત હો. શ્રી ૪
જાણો તો તાણો કિશું ? , સેવા-ફલ દીજે દેવ ! હો;
વાચક યશ કહે ઢીલની, ન ગમે મુજને ટેવ હો. શ્રી ૫

---

(૧૧) શ્રી શ્રેયાંસજિન-સ્તવન.

(કર્મ ન છૂટેરે પ્રાણિયા એ દેશી.)

તમે બહુ મિત્રીરે સાહેબા, માહરે તો મન એક;
તુમ વિણુ બીજોરે નવિ ગમે, એ મુજ મોટીરે ટેક.
શ્રી શ્રેયાંસ કૃપા કરો
મન રાખો તમે સવી તણા, પણ કિહાં એક મલી જાઓ;
લલચાવો લખ લોકને, સાથી સહજ ન થાઓ. શ્રી

રાગ ભરે [લ] જન મન રહો, પણ તિહું કાલ વૈરાગ;
ચિત્ત તુમારારે સમુદ્રનો, કોઇ ન પામે તાગ. શ્રી, ૩
એહવાસું ચિત્ત મેલવ્યું, કેલવ્યું પહેલાં ન કાંઇ;
સેવક નિપટ અબુઝ છે, નિરવહેશો તુમ સાંઇ! શ્રી. ૪
વીરાગી સુંરે કેમ મિલે?, પણ મળવાનો [1]એકાંત;
વાચક યશ કહે મુજ મિલ્યો, ભક્તિયેં કામણુવંત. શ્રી. ૫

---

(૧૨) શ્રી વાસુપૂજ્ય જિન-સ્તવન,

(મોતીડાની દેશી.)

સ્વામિ! તમે કાંઈ કામણ કીધું?
ચિત્તડું અમારૂં ચોરી લીધું;
સાહેબા વાસુપૂજ્ય જિણંદા,
મોહના વાસુ પૂજ્ય જિણંદા.
અમે પણ તુમસું કામણ કરશું,
ભક્તિયેં ગ્રહી મન ઘરમાં ધરશું. સા. ૧

મન ઘરમાં ધરિયા ઘર-શોભા,
દેખત નિત રહેશો થિર થોભા;
મન વૈકુંઠ અકુંઠિત ભક્તેં,
યોગી ભાંખે અનુભવ યુક્તે. સા. ૨

ક્લેશ વાસિત મન સંસાર,
ક્લેશ રહિત મન તે ભવપાર;
જો વિશુદ્ધ મન ઘર તુમ આવ્યા,
પ્રભુ! તો અમે નવનિધિ ઋદ્ધિ પાવ્યા. સા. ૩

---

1 પાઠાંતર-એ તત-એ નિશ્ચય.

સાત રાજ અલગા જઈ બેઠા,
પણ ભક્તિયે અમ મનમાં પેઠા;
અલગાને વલગ્યા જે રહેવું,
તે ભાણા ખડ ખડ દુઃખ સહેવું. સા. ૪
¹ધ્યાયક ધ્યેય ધ્યાન ગુણ એકે,
ભેદ છેદ કરશું હવે ટેકે;
ખીર નીર પરે તુમસું મિલશું,
વાચક યશ કહે હેજે હલસું સા. ૫

(૧૩) શ્રી વિમલ જિન-સ્તવન.

(તુમ સાથે નહિ બોલુ એ દેશી.)

સેવો ભવિયાં વિમલ જિનેશ્વર, દુલ્લહા સજ્જન-સંગાજી;
એહવા પ્રભુનું દર્શન લહેવુ, તે આલસમા ગંગાજી. સે. ૧
અવસર પામી આલસ કરશે, તે મુરખમાં પહેલોજી,
ભુખ્યાને જેમ ઘેવર દેતાં, હાથ ન માંડે ગહેલોજી, સે. ૨
ભવ અનંતમાં દર્શન દીઠું, પ્રભુ એહવા દેખાડેજી;
વિકટ ગ્રંથિ જે પોલે પોલિયો, કર્મ વિવર ઉઘાડેજી. સે ૩
તત્ત્વ પ્રીતિકર પાણી પાએ, વિમલાલોકે આંજીજી,
લોયણ ગુરૂ પરમાન્ન દીએ તવ, ભ્રમ નાખે સવી ભાંજીજી સે ૪
ભ્રમ ભાંગ્યો તવ પ્રભુસું પ્રેમે, વાત કરૂં મન ખોલીજી
સરલ તણે જે હૈયડે આવે, તેહ જણાવે બોલીજી સે ૫
શ્રી નયવિજય વિબુધ પય સેવક, વાચક યશ કહે સાચુંજી.
કોડ કપટ જો કોઇ દેખાડે, તોય પ્રભુ વિણ નવી રાચુંજી સે ૬

---

¹ધ્યાતા.

(૧૪) શ્રી અનંતનાથ જિન–સ્તવન.

(સાહેલડીઆં એ દેશી.)

શ્રીઅનંતજિનશું કરો સાહેલડિયાં, ચોલ મજીઠનો રંગરે ગુણવેલડિયાં
સાચો રંગ તે ધર્મનો. સા૦ બીજો રંગ પતંગરે; ગુ. ૧
ધર્મ–રંગ જીરણ નહિં સા૦ દેહ તે જીરણ થાય રે. ગુ.
સોનું તે વિણશે નહિં સા૦ ઘાટ ઘડામણ જાયરે. ગુ. ૨
ત્રાંબું જે રસ વેધિયું, સા૦ તે હોય જાચ્યું હેમરે. ગુ.
ફરી ત્રાંબું તે નવિ હુવે, સા૦ એવો જગ–ગુરૂ પ્રેમરે. ગુ. ૩
ઉત્તમ ગુણ અનુરાગથી, સા૦ લહિયે ઉત્તમ ઠામરે, ગુ૦
ઉત્તમ નિજ મહિમા વધે, સા૦ દીપે ઉત્તમ ધામ રે ગુ. ૪
ઉદક–બિંદુ સાયર ભલ્યો, સા૦ જેમ હોય અક્ષય અભંગરે. ગુ૦
વાચક યશ કહે પ્રભુ–ગુણે, સા૦ તેમ મુજ પ્રેમ પ્રસંગરે. ગુ૦ ૫

---

(૧૫) શ્રી ધર્મનાથ જિન–સ્તવન.

([illegible])

થાશું પ્રેમ બન્યો છે રાજ, નિરવહશો તો લેખે;
મેં રાગી [1]પ્રભુ! થેં છો નીરાગી અણજુગતે હોય હાંસી;
એક પખો જે નેહ નિરવહવો, તે માંહિ (કિસી) સાબાશી? થા૦ ૧
નીરાગી સેવે કાંઈ હોવે? ઈમ મનમેં નવી આણું;
ફળે અચેતન પણ જિમ સુરમણિ, તિમ તુમ ભક્તિ પ્રમાણું. થા૦ ૨
ચંદન શીતળતા ઉપજાવે, અગ્નિ તે શીત મિટાવે;
સેવકનાં તિમ દુઃખ ગમાવે, પ્રભુ ગુણ પ્રેમ સ્વભાવે. થા૦ ૩

---

[1] [illegible]

વ્યસન ઉદય જલધિ અણુહરે શશિને તેજ સબંધે;
અણુ સબંધે કુમુદ અણુહરે, શુદ્ધ સ્વભાવ પ્રબંધે. થા૦

દેવ અનેરા તુમથી છોટા, થેં જગમાં અધિકેરા;
જશ કહે ધર્મ જિનેશ્વર થાસું, દિલ માન્યા હે મેરા. થા.

(૧૬) શ્રી શાંતિનાથ જિન-સ્તવન.

(શ્રી જયાનંદ કુમાર એ દેશી.)

ધન્ય ! દિન વેલા ધન્ય ! [1]વલી તેહ,
અચિરાનો નંદન જિન યદિ ભેટસુંજી;
લહીશું રે સુખ દેખી મુખ ચંદ,
વિરહ વ્યથાના દુઃખ સવી મેટસુંજી. ૧

જાણ્યોરે જેણે તુજ ગુણ-લેશ,
બીજોરે રસ તેહને મન નવી ગમેજી,
ચાખ્યોરે જેણે અમી લવલેશ,
બાકસ બુકસ તસ ન રૂચે કિમેજી. ૨

તુજ સમકિતરસ-સ્વાદનો જાણ,
પાપ કુમતને[2] બહુ દિન સેવિયોજી,
સેવે જો કર્મને યોગે તોહિ,
વાંછે તે સમકિત અમૃત ધુરે લિખ્યુંજી ૩

તારું ધ્યાન તે સમકિત રૂપ,
તેહ જ્ઞાન ને ચારિત્ર તેહ છે જી
તેહથીરે જાય સઘળા પાપ,
ધ્યાતા ધ્યેય સ્વરૂપ હોય પછેજી ૪

---

૧ વલી પા૦ ૨ કુમતને=ખરાબ મતને

દેખી રે અદ્દભુત તાહરૂં રૂપ,
અચરિજ ભવિક અરૂપી પદ વરેજી;
તાહરી ગત તું જાણે દેવ,
સ્મરણ ભજન તે વાચક યશ કરેજી. ૫

(૧૭) શ્રી કુંથુનાથ જિન-સ્તવન.

(સાહેલા હે એ દેશી.)

સાહેલા હે કુંથુ જિનેશ્વર દેવ, રત્ન દીપક અતિ દીપતો હો લાલ;
સાહેલા હે મુજ મનમંદિર માંહે, આવે જો અરિ-દલ છીપ તો હો. ૧
સાહેલા હે મિટે તો મોહ અંધાર, અનુભવ તેજે જલહલે હો;
સાહેલા હે ધૂમ કષાયની રેખ, ચરણ ચિત્રામણ નવી ચલે હો. ૨
સાહેલા હે પાત્ર કરે નહિ હેઠ, સુરજ તેજે નવી છુપે હો;
સાહેલા હે સર્વ તેજનું તેજ, પહેલાંથી વાધે પછે હો. ૩
સાહેલા હે જેહ ન મરૂતને ગમ્ય, ચંચળતા જે નવી લહે હો.
સાહેલા હે જેહ સદા છે રમ્ય, પુણ ગુણે નવી કૃશ રહે હો. ૪
સાહેલા હે પુદ્ગલ તેલ ન ખેપ, જેહ ન શુદ્ધ દશા દહે હો;
સાહેલા હે શ્રીનયવિજય-સુશિષ્ય, વાચકયશ એમ જિનપદે કહે હો. ૫

(૧૮) શ્રી અરનાથ જિન સ્તવન.

(આશાભર્યા ચોગી એ દેશી)

શ્રીઅરજિન ભવજલનો તારૂ, મુજ મન લાગે વારૂં રે મનમોહન સ્વામી
બાંહે ગ્રહી ભવિજનને તારે, આણે શિવપુર આરે રે મ૦ ૧
તપ જપ–મોહ મહા તોફાને નાવ ન ચાલે માને રે, મ૦
પણ નવી ભય મુજ હાથોહાથે, તારે તે છે સાથે રે મ૦ ૨

નિશદિન સૂતાં જાગતાં, હૈયડાથી ન રહે દૂરરે;
જબ ઉપગાર સંભારિયેં, તબ ઉપજે આનંદ પૂરરે. જ૦ ૨
પ્રભુ ઉપગાર ગુણે ભર્યો, મન અવગુણ એક ન સમાયરે;
ગુણ ગુણ-અનુબંધી હુવા, તે તો અક્ષય[1] ભાવ કહાયરે. જ૦ ૩
અક્ષયપદ દીયે પ્રેમ જે, પ્રભુનો તે અનુભવ રૂપરે;
અક્ષર સ્વર ગોચર નહિ, એ તો અકલ અમાય અરૂપરે. જ૦ ૪
અક્ષર થોડા ગુણ ઘણા, સજ્જનના તે ન લખાયરે;
વાચક યશ કહે પ્રેમથી, પણ મનમાંહે પરખાયરે. જ૦ ૫

(૨૧) શ્રી નમિનાથ જિન સ્તવન.

(હું તુમ સાથે નહિ બોલું ઋષભજી. એ દેશી.)

શ્રી નમિ જિનની સેવા કરતાં અલિય વિઘન સવી દૂરે નાસેજી,
અડ મહાસિદ્ધિ નવનિધિ લીલા, આવે બહુ [1]મહમુર પાસેજી. શ્રી.૧
મયમત્તા આંગણે ગજ ગાજે, રાજે તુખાર ચંગાજી;
બેટા બેટી બંધવ જોડી, લહિયે બહુ અધિકાર રંગાજી. શ્રી. ૨
વલ્લભસંગમ રંગ લહીજે, અણવાહલા હોય દૂર સહેજેજી,
વાંછા તણો વિલંબ ન દીસે, કારજ સીઝે બહુ [2]હેજેજી. શ્રી. ૩
ચંદ્ર-કિરણ યશ ઉજ્વલ ઉલસે, સૂર્ય તુલ્ય પ્રતાપે દીપેજી.
જે પ્રભુ ભક્તિ કરે નિત વિનયે, તે અરિયણ બહુ પ્રતાપી જીપેજી શ્રી ૪
મંગલ માલા લચ્છી વિશાલા, બાલા બહુલે પ્રેમ રંગેજી.
શ્રી નયવિજય વિબુધ પયસેવક, કહે લહિયે પ્રેમસુખ અંગેજી શ્રી.૫

૧ [illegible] ૨ [illegible] ૩ [illegible]

(૨૨) શ્રી નેમિનાથ જિન-સ્તવન.

(કાચી કલિ અનારકી રે હાં. એ દેશી.)

તોરણથી રથ ફેરી ગયા રે હા, પશુડાં-શિર દઇ દોષ, મેરે વાલમા.
નવભવ નેહ નિવારિયો રે હાં, શ્યો જોઇ આવ્યા જોષ ?. મે. ૧
ચંદ્ર કલંકી જેહથી રે હાં, રામને સીતા વિયોગ; મે.
તેહ કુરંગને વયણલે રે હાં, [1]પતિઆવે કોણ લોગ ? મે. ૨
ઉતારી હું ચિત્તથી રે હાં, મુક્તિ ધૂતારી હેત. મે.
સિદ્ધ અનંતે ભોગવી રે હા, તેહથી કવણ સંકેત મે. ૩
પ્રીતિ કરતાં સોહેલી રે હાં, નિરવહતાં જંજાલ, મે
જેહવો વ્યાલ ખેલાવવો રે હાં, જેહવી અગનની જાલ મે ૪
જો વિવાહ અવસરે દિયો રે હા, હાથ ઉપર નવિ હાથ, મે.
દીક્ષા અવસર દીજિયે રે હાં, શિર ઉપર જગનાથ !. મે ૫
એમ વિલપતી રાજુલ ગઇ રે હા, નેમ કને વ્રત લીધ. મે
વાચક યશ કહે પ્રણમિયે રે હા, એ દંપતી દોય સિદ્ધ મે ૬

---

(૨૩) શ્રી પાર્શ્વનાથ જિન-સ્તવન

(રાગ મલ્હાર)

વામાનંદન જિનવર, મુનિવરમાં વડો રે કે મુનિવરમાં વડો.
જિમ સુર માંહે સોહે, સુરપતિ પરવડો રે કે. મુ૦
જિમ ગિરિ માંહે સુરાચલ મૃગ માંહે કેસરી રે કે. મુ૦
જિમ ચંદન તરૂ માંહે, સુભટ માંહે [2]મુર-અરિ રે કે મુ૦ ૧

---

૧ વિશ્વાસ ૨ મુરારિ કૃષ્ણ

નદી માંહે જેમ ગંગ, અનંગ સ્વરૂપમાં રે કે; અ૦
ફૂલ માંહે અરવિંદ, ભરતપતિ ભૂપમાં રે કે; ભ૦
ઐરાવણ ગજ માંહે, ગરૂડ ખગમાં યથા રે કે; ગ૦
તેજવંત માંહે ભાણ, વખાણમાં જિન-કથા રે કે; વ૦ ૨
મંત્ર માંહે નવકાર, રતન માંહે સુર મણિ રે કે; ર૦
સાગર માંહે સ્વયંભૂ,-રમણ શિરોમણિ રે કે; ર૦
શુક્લ ધ્યાન જિમ ધ્યાનમાં, અતિ નિર્મલપણે રે કે; અ૦
શ્રી નયવિજય વિબુધપય,-સેવક ઇમ ભણેરે કે, સે૦

---

(૨૪) શ્રી મહાવીર જિન-સ્તવન.

(શ્રી જયાનંદજી સાંભળો એ—દેશી.)

ગિરુઆરે ગુણ તુમતણા, શ્રી વર્દ્ધમાન જિનરાયા રે;
સુણતાં શ્રવણે અમી ઝરે, મારી નિર્મલ થાયે કાયા રે. ગિ૦ ૧

તુમ ગુણ ગણ ગંગાજલે, હું ઝીલી નિર્મલ થાઉં રે;
અવર ન ધંધો આદરું, નિશદિન તોરા ગુણ ગાઉં રે. ગિ૦ ૨

ઝીલ્યા જે ગંગાજલે, તે છિલ્લર જલ કેમ પેસે ? રે;
માલતી ફૂલે મોહિયા, તે બાવળે જઇ નવી બેસે રે. ગિ૦ ૩

એમ અમે તુજ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે,
તે કેમ પર સુર આદરે ?, જે પરનારી વશ રાચ્યા રે. ગિ૦ ૪

તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે,
વાચક જશ કહે માહરે, તું જીવ-જીવન આધારો રે. ગિ૦ ૫

શ્રીમાન્ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત

સમકિત સડસઠી.

(પ્રસ્તાવના-દોહરા.)

સુકૃત વલ્લિ કાદંબિની, સમરી સરસ્વતી માત,
સમકિત સડશઠ બોલની, કહિશું મધુરી વાત ૧

સમકિત-દાયક ગુરૂ તણો, [1]પચ્ચુવયાર ન થાય.
ભવકોડા કોડે કરી, કરતા સર્વ ઉપાય ૨

દાનાદિક કિરિયા ન દે, સમકિત વિણુ શિવ-શર્મ
તે માટે સમકિત વડુ, જાણો પ્રવચન-મર્મ. ૩

દર્શનમોહ-વિનાશથી, જે નિર્મલ ગુણ ઠાણ,
તે નિશ્ચય સમકિત કહ્યું, તેહના એ અહિઠાણ ૪

સમકિતના ૬૭ બોલ.

ઢાલ ૧ લી. (દેખ દેખ રૂગિમણુ આપણુ એ દેશા)

[૪] ચઉ સદ્દહણા [૩] ત્રિલિંગ છે, [૧૦] દશ વિધ વિનય વિચારો રે
[૩] ત્રણ શુદ્ધિ [૫] પણ દૂષણ, [૮] આઠ પ્રભાવિક ધારો રે

(ત્રુટક)

પ્રભાવક અડ [૫] પંચ ભૂષણ, [૫] પંચ લક્ષણ જાણીએ
[૬] ષટ્ જયણા [૬] ષટ્ આગાર [૬] ભાવના, છવિહા મન આણીએ
[૬] ષટ્ ઠાણ સમકિત તણા, સડશઠ ભેદ એ ઉદાર એ
એહનો તત્ત્વ વિચાર કરતાં, લહીજે ભવ-પાર એ ૧

---

૧ પ્રત્યુપકાર-ઉપકારનો બદલો.

(ચાર સદ્દહણા)

ચઉવિહ સદ્દહણા [1]તિહાં, જીવાદિક પરમત્થો રે;
પ્રવચન માંહિ જે ભાખિયા, લીજે તેહનો અત્થો રે.

(ત્રુટક)

તેહનો અર્થ [2]વિચાર કરીએ, એ પ્રથમ સદ્દહણા ખરી,
બીજી સદ્દહણા તેહના જે, જાણ મુનિ ગુણ જવહરી.
સંવેગ રંગ તરંગ ઝીલે, માર્ગ શુદ્ધ કહે બુધા;
તેહની સેવા કીજિયે જિમ, પીજીએ સમતા સુધા. ૨
સમકિત જેણે ગ્રહી વમ્યું, નિન્હવને અહ [હા ?] છંદા રે;
પાસત્થા ને કુશીલિયા, વેષ–વિડંબક મંદા રે.

(ત્રુટક)

મંદા અનાણી દૂર છંડો, ત્રીજી સદ્દહણા ગ્રહી;
પર દર્શનીનો સંગ તજિયે, ચોથી સદ્દહણા કહી.
હીણાતણો જે સંગ ન તજે, તેહનો ગુણ નવિ રહે.
જ્યું જલધિ જળમાં ભળ્યું ગંગા,–નીર લૂણપણું લહે. ૩

(ત્રણ લિંગ.)

ઢાળ ૨ જી. (કપૂર હોવે અતિ ઉજળો રે—એ દેશી.)

ત્રણ લિંગ સમકિત તણાં રે, [3]પહેલો શ્રુત–અભિલાષ,
જેહથી શ્રોતા રસ લહે રે, જેહવો સાકર દ્રાખ રે
પ્રાણી ધરીએ સમકિત રંગ, જિમ લહીએ સુખ અભંગ રે. પ્રા૦ ૧
તરુણ સુખી સ્ત્રી પરિવર્યો રે, ચતુર સુણે સુરગીત;
તેહથી રાગ અતિ ઘણો રે, ધર્મ સુણ્યાનો રીત રે. પ્રા૦ ૨

[illegible]

ભૂખ્યો અટવી ઉતર્યો રે, જિમ દ્વિજ ઘેવર ચંગ;
ઇચ્છે તિમ જે ધર્મને રે, એહિજ બીજું લિંગ રે પ્રા૦ ૩
વૈયાવચ્ચ ગુરૂદેવનું રે, ત્રીજું લિંગ ઉદાર;
વિદ્યાસાધક તણી પરે રે, આલસ નવિય લગાર રે પ્રા૦ ૪

(દશ પ્રકારનો વિનય.)

ઢાલ ૩ જી. (પ્રથમ ગોવાલણ તણે ભવેજી—એ દેશી.)

અરિહંત તે જિન વિચરતાજી, કર્મ ખપી હુઆ સિદ્ધ,
ચેઇય જિન પડિમા કહીજી, સૂત્ર સિદ્ધાંત પ્રસિદ્ધ.
ચતુરનર! સમજો વિનય-પ્રકાર, જેમ લહિયે સમકિત-સાર ચ૦ ૧
ધર્મ ક્ષમાદિક ભાંખિયોજી, સાધુ તેહના રે ગેહ,
આચાર્ય આચારનાજી, દાયક નાયક જેહ ચ૦ ૨
ઉપાધ્યાય તે શિષ્યનેજી, સૂત્ર ભણાવણહાર,
પ્રવચન સંઘ વખાણિયેજી, દર્શન સમકિત સાર ચ૦ ૩
ભક્તિ બાહ્ય પ્રતિપત્તિથીજી, હૃદય પ્રેમ બહુમાન.
ગુણ-સ્તુતિ અવગુણ-ઢાંકવાજી, આશાતનની હાણ ચ૦ ૪
પાંચ ભેદે એ દશતણોજી, વિનય કરે અનુકૂલ.
સીંચે તેહ સુધારસેંજી, ધર્મ વૃક્ષનુ મૂલ ચ૦ ૫

(ત્રણ શુદ્ધિ.)

ઢાલ ૪ થી. (ધોબીડા તું ધોજે મનનું ધોતીયું રે—એ દેશી)

ત્રણ શુદ્ધિ સમકિત તણી રે, તિહાં પહેલી મનશુદ્ધિ રે.
શ્રી જિનને જિન-મત વિના રે, જૂઠ સકલ એ બુદ્ધિ રે
ચતુર! વિચારો ચિત્તમાં રે ૧

જિન-ભક્તિએ જે નવી થયું રે, તે બીજાથી નવિ થાય રે;
એવું જે મુખે ભાખિયેરે, તે વચન શુદ્ધિ કહેવાય રે. ચ૦ ૨
છેદ્યો ભેદ્યો વેદના રે, જે સહતો અનેક પ્રકાર રે;
જિનવિણ પરસુર નવિનમે રે, તેહની કાયા શુદ્ધિ ઉદાર રે. ચ૦ ૩

(પાંચ દૂષણ.)

ઢાલ ૫ મી. (મુનિ જનમારગની—એ દેશી.)

સમકિત દૂષણ પરિહરો, જેહમાં પહેલી છે શંકા રે;
તે જિન-વચનમાં મત કરો, જેહને સમ નૃપ રંકા રે. સ૦ ૧
કંખા કુમતની વાંછના, બીજું દૂષણ તજિયે રે;
પામી સુરતરૂ પરગડો, કેમ બાવલ ભજિયે ? રે. સ૦ ૨
સંશય ધર્મના ફલ તણો, વિતિગિચ્છા નામે રે,
ત્રીજું દૂષણ પરિહરો, નિજ શુભ પરિણામે રે. સ૦ ૩
મિથ્યામતિ-ગુણ વર્ણના, ટાલો ચોથો દોષ રે;
[1]ઉન્માર્ગી-થુણતાં હુવે, ઉન્માર્ગનો પોષ રે. સ૦ ૪
પાંચમો દોષ મિથ્યામતિ,-પરિચય નવિ કીજે રે,
એમ શુભમતિ અરવિંદની, ભલી વાસના લીજે રે. સ૦ ૫

(આઠ પ્રભાવક.)

ઢાલ ૬ ઠી. (મોહિમ કમો રે વિષયન ધરિયે—એ દેશી.)

આઠ પ્રભાવક પ્રવચનના કહ્યા, પાવયણી ધુરિ જાણ,
વર્તમાન શ્રુતના જે અર્થનો, પાર લહે ગુણ ખાણ
ધન્ય ! ધન્ય ! શાસન મંડન મુનિવરા ૧

૧ પાઠાંતર-ઉન્માર્ગી ઠાવતાં હુવે

ધર્મકથી તે બીજો જાણિયે, નંદિષેણ પરે જેહ;
નિજ ઉપદેશે રે રંજે લોકને, ભંજે હ્રદય-સંદેહ. ધન્ય૦ ૨
વાદી ત્રીજો રે તર્ક નિપુણ ભણ્યો, મલ્લવાદી પરે જેહ;
રાજદ્વારે રે જય કમલા વરે, ગાજંતો જેમ મેહ. ધન્ય૦ ૩
ભદ્રબાહુ પરે જેહ નિમિત્ત કહે, પરમત-જીપણ કાજ,
તેહ નિમિત્તી રે ચોથો જાણિયે, શ્રી જિનશાસનરાજ. ધન્ય૦ ૪
તપગુણ [1]ઉપર રોપે ધર્મને, ગોપે નવિ જિન-આણ;
આશ્રવ લોપે રે નવિ કોપે કદા, પંચમ તપસી રેજાણ. ધન્ય૦ ૫
છઠ્ઠો વિદ્યા રે મંત્રતણો બલી, જિમ શ્રી વયર મુણિંદ,
સિદ્ધ સાતમો રે અંજનયોગથી, જિમ કાલિક મુનિ ચંદ, ધન્ય૦ ૬
કાવ્ય સુધારસ મધુર અર્થ ભર્યા, ધર્મ-હેતુ કરે જેહ,
સિદ્ધસેન પરે નરપતિ-રીઝવે, અટ્ઠમ વર કવિ તેહ ધન્ય૦ ૭
જબ નવિ હોવે પ્રભાવક એહવા, તબ વિધિ પૂર્વ અનેક,
જાત્રા પૂજાદિક કરણી કરે, તેહ પ્રભાવક છેક. ધન્ય૦ ૮

(પાંચ ભૂષણ.)

ઢાલ ૭ મી, (સતી સુભદ્રાની—એ દેશી)

સોહે સમકિત જેહથી, સખિ ! જિમ આભરણે દેહ રે,
ભૂષણ પાંચ તે મન વસ્યા, સખિ ! તેમા નહિ સંદેહ રે
મુજ સમકિત-રંગ અચલ હોજો ૧
પહેલું કુશલપણું તિહાં, સખિ ! વંદન ને પચ્ચખાણ રે,
ક્રિયાનો વિધિ અતિઘણો, સખિ ! આચરે તેહ સુજાણ રે મુ૦ ૨
બીજું તીર્થ-સેવના, સખિ ! તીર્થ તારે જેહ રે
તે ગીતાર્થ મુનિવરા, સખિ ! તેહનું કીજે નેહ રે મુ૦ ૩

[1] [illegible]

ભક્તિ કરે ગુરૂ દેવની, સખિ ! ત્રીજું ભૂષણ હોય રે;
કિણહિં ચલાવ્યો નવિ ચલે, સખિ ! ચોથું ભૂષણ જોય રે. સુ૦ ૪
જિનશાસન–અનુમોદના, સખિ ! જેથી બહુ જન હુંત રે;
કીજે તેહ પ્રભાવના, સખિ ! પંચ [1]ભૂષણની ખંત રે. સુ૦ ૫

(પાંચ લક્ષણ.)

ઢાલ ૮ મી, (દેશી રસિયાની.)

લક્ષણ પાંચ કહ્યા સમકિતતણા, ધુર ઉપશમ અનુકૂળ સુગુણ નર;
અપરાધી શું (પણ) નવિ ચિત્ત થકી, ચિંતવિયે પ્રતિકૂલ. સુ૦
શ્રી જિનભાષિત વચન વિચારિયે. ૧
સુરનર–સુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવ–સુખ એક; સુ૦
બીજું લક્ષણ તે અંગી કરે, સાર સંવેગશું ટેક. સુ૦ ૨
નારક ચારક સમ ભવ ઉભગ્યો, તારક જાણીને ધર્મ; સુ૦
ચાહે નિકલવું નિર્વેદ તે, ત્રીજું લક્ષણ મર્મ; સુ૦ ૩
દ્રવ્ય થકી દુઃખિયાની જે દયા, ધર્મહીણાની ભાવ; સુ૦
ચોથું લક્ષણ અનુકંપા કહી, નિજશક્તિએ મન લાવ. સુ૦ ૪
જે જિન ભાખ્યું તે નહિ અન્યથા, એહવો જે દૃઢ રંગ. સુ૦
તે આસ્તિકતા લક્ષણ પાંચમું, કરે કુમતિનો એ ભંગ સુ૦ ૫

૬ જયના.

ઢાલ ૯મી (જિન જિન પ્રતિમા વંદન દીસે–એ દેશી)

પર તીર્થી પરના સુર તેણે, ચૈત્ય ગ્રહ્યાં વળી જેહ.
વંદન પ્રમુખ તિહાં નવિ કરવું, તે જયણા ષટ ભેદ રે
ભવિકા ! સમકિત–યતના કીજે. ૧

[1] [illegible]

વંદન તે કર ²જોડન કહિયે, નમન તે શીશ નમાડે;
દાન ઇષ્ટ અન્નાદિક દેવું, ગૌરવ ભક્તિ દેખાડે રે. ભ૦ ૨

અનુપ્રદાન તે તેહને કહિયે, વારંવાર જે દાન;
દોષકુપાત્રે પાત્ર-મતિયે, નહિં અનુકંપા માન રે. ભ૦ ૩

અણુ બોલાવે જેહ ભાંખવું,[2] તે કહિયે આલાપ;
વારંવાર આલાપ જે કરવો, તે કહિયે[3] સંલાપરે. ભ. ૪

એ જયણાથી સમકિત દીપે, વલી દીપે વ્યવહાર;
એમાં પણ કારણથી જયણા, તેનાં અનેક પ્રકારરે. ભ. ૫

(૭ આગાર.)

ઢાલ ૧૦ મી. (દેશી લલનાની.)

શુદ્ધ ધર્મથી નવિ ચલે, અતિદૃઢ ગુણ-આધાર, લલના;
તો પણ જે નવી એહવા, તેહને એ આગાર લલના. ૧

બોલ્યું તેહવું પાલિયે, દંતી-દંત સમ બોલ, લલના
સજ્જનના દુર્જન તણા, કચ્છપ કોટીને તોલ. લલના. ૨

રાજા નગરાદિક ધણી, તસ શાસન અભિયોગ, લલના.
તેહથી કાર્તિકની પરે, નહિ મિથ્યાત્વ-સંયોગ લલના. ૩

મેલો જનનો ગણ કહ્યો, બલ ચોરાદિક જાણ, લલના.
ક્ષેત્રપાલાદિક દેવતા, તાતાદિક ગુરૂ-ઠાણ. લલના. ૪

વૃત્તિ દુર્લભ આજીવિકા, જે ભીષણ કાંતાર, લલના.
તે હેતુએ દૂષણ નહિ, કરતા અન્ય આચાર. લલના. ૫

---

૧ પ્રયોજન ૨ પાઠાન્તર-બોલવું ૩ તે જાણો.

છ ભાવના.

ઢાલ ૧૧ મી. (રાગ મલ્હાર.)

ભાવિજે રે સમકિત જેહથી રૂયડું,
તે ભાવનારે ભાવો મન કરી પરવડું;
જો સમકિતરે તાજુ સાજું મૂલરે,
તો વ્રતતરૂરે દિયે શિવફલ અનુકુલ રે.

(ત્રુટક.)

અનુકુલ મુલ રસાલ સમકિત, તેહ વિણ મતિ અંધ એ,
જે કરે કિરિયા ગર્વ ભરિયા, તેહ જુઠો ધંધ એ.
એ પ્રથમ ભાવના ગુણે રૂડી, સુણો બીજી ભાવના;
બારણું સમકિત ધર્મ-પુરનું, એહવી તે પાવના. ૧

ત્રીજી ભાવનારે સમકિત પીઠજો દ્રઢ સહી,
તો મોટોરે ધર્મ પ્રાસાદ ડગે નહિં;
પાયે ખોટેરે મોટા મંડાણ ન શોભિયે,
તેણે કારણ રે સમકિતશું ચિંત થોભિયે. ૧

(ત્રુટક)

થોભિયે ચિત્ત નિત એમ ભાવી, ચોથી ભાવના ભાવિયે;
સમકિત નિધાન સમસ્ત ગુણનું એહવું મન લાવિયે,
તે વિણ છુટા રત્ન સરિખા, મૂલ ઉત્તર ગુણ સવે,
કિમ રહે તાકે જેહ હરવા, ચોર જોર ભવે ભવે ૨

ભાવો પંચમી રે ભાવના શમ દમ સાર રે
પૃથવી પરેરે સમકિત તસ આધાર રે
છઠ્ઠી ભાવનારે સમકિત ભાજન જો મિલે,
શ્રુત શીલનોરે તો રસ તેહમાં નવિ ઢલે

(ત્રુટક)

નવિ ઢલે સમકિત ભાવના રસ, અમિય સમ સંવર તણો;
ષટ્ ભાવના એ કહી એહમાં, કરો આદર અતિ ઘણો;
એમ ભાવતાં પરમાર્થ જલનિધિ. હોય નિત્ય ઝકઝોલએ,
ઘન પવન પુણ્ય પ્રમાણ પ્રગટે, ચિદાનંદ કલ્લોલ એ. ૩

છ સ્થાનક.

ઠરે જિહાં સમકિત તે સ્થાનક, તેહના ષટ્વિધ કહિયે રે;
ત્યાં પહેલુ સ્થાનક છે ચેતન, લક્ષણ આતમ લહિયે રે
ક્ષીર નીરપરે પુદ્ગલ મિશ્રિત, પણ એહથી છે અલગો રે,
અનુભવ હંસ-ચંચુ જો લાગે, તો નવિ દીસે વલગો રે ક૦ ૧

બીજું સ્થાનક નિત્ય આતમા, જે અનુભૂત-સંભારે રે,
બાલકને સ્તન્યપાન-વાસના, પૂરવ ભવ-અનુસારે રે
દેવ મનુજ નરકાદિક તેહના, છે અનિત્ય પર્યાય રે,
દ્રવ્ય થકી અવિચલિત અખંડિત, નિજગુણ આતમરાયરે ક૦ ૨

ત્રીજુ સ્થાનક ચેતન કર્તા, કર્મ તણો છે યોગે રે,
કુંભકાર જિમ કુંભ તણો [1]જે, દંડાદિક-સંયોગે રે
નિશ્ચયથી નિજગુણનો કર્તા, અનુપચરિત વ્યવહારે રે
દ્રવ્ય કર્મનો નગરાદિકનો, તે ઉપચાર પ્રકારે રે ક૦ ૩

ચોથું સ્થાનક ચેતન ભોક્તા, પુન્ય પાપ-ફલ કેરાં
વ્યવહારે નિશ્ચય નય દૃષ્ટે, ભુંજે નિજ ગુણ નેરા રે.
પાંચમુ સ્થાનક છે પરમ પદ, અચલ અનંત સુખ-વાસો રે
આધિ વ્યાધિ તન મનથી લહિયે, તસ અભાવે સુખ ખાસો રે ક૦

૧ પા. તરૂ-જન્મ ૨ પા. તરૂ-અંઠ

છઠ્ઠું સ્થાનક મોક્ષતણું છે, સંયમ જ્ઞાન ઉપાયો રે;
જો સહજે લહિયે તો સઘલે, કારણ નિષ્ફલ થાયો રે.
કહે જ્ઞાન નય જ્ઞાન જ સાચું, તે વિણ જૂઠી કિરિયા રે;
ન લહે રૂપું રૂપું જાણી, છીપ ભણી જે ફરિયા રે. ૧૦ ૫

કહે ક્રિયાનય કિરિયા વિણ જે, જ્ઞાન તેહ શું કરશે ? રે;
જલ પેસી કર પદ ન હલાવે, તારૂ તે કિમ તરશે ? રે.
દૂષણ ભૂષણ છે ઇહાં [2]બહુલા, નય એકેકને વાદે રે;
સિદ્ધાંતી તે બેઉ [3]નય સાધે, જ્ઞાનવંત અપ્રમાદેરે. ૧૦ ૬

એણીપરે સડસઠ બોલ વિચારી, જે સમકિત આરાહે રે;
રાગ દ્વેષ-ટાલી મન-વાલી, તે સમ સુખ અવગાહે રે.
જેહનું મન સમકિતમાં નિશ્ચલ, કોઇ નહિં તસ તોલે રે;
શ્રી નયવિજય વિબુધપય-સેવક, વાચકયશ એમ બોલે રે. ૧૦૭



બહુ મુખે બોલ એમ સાંભળી, નવિ ધરે લોક વિશ્વાસરે;
ઢૂંઢતાં ધર્મને તે થયા, ભ્રમર જેમ કમલની વાસરે.—સ્વા. ૧૦

ઢાલ ૨ જી (ભોળીડા હંસારે વિષય ન રાચિયે.—એ દેશી.)

એમ ઢૂંઢતાં રે ધર્મ સોહામણો, મિલિયો સદ્ગુરુ એક;
[1]તેહને સાચોરે માર્ગ દાખિયો, આણી હૃદય વિવેક:—
શ્રી સીમંધર સાહિબ ! સાંભળો. ૧

પર ઘર જોતાંરે ધર્મ તમે ફરો, નિજ ઘરે ન લહોરે ધર્મ;
જેમ નવિ જાણેરે મૃગ કસ્તુરીઓ, મૃગમદ—પરિમલ મર્મ.—શ્રી ૨

જેમ તે ભૂલોરે મૃગ દિશિ દિશિ ફરે, લેવા મૃગમદ—ગંધ;
તેમ જગ ઢૂંઢેરે બાહિર ધર્મને, મિથ્યા દૃષ્ટિરે અંધ. શ્રી. ૩

જાતિ અંધનો રે દોષ ન આકરો, જે નવિ દેખે રે અર્થ;
મિથ્યા દૃષ્ટિરે તેથી આકરો, માને અર્થ—અનર્થ. શ્રી. ૪

આપ પ્રશંસેરે પરગુણ ઓળવે, ન ધરે ગુણનો રે લેશ;
તે જિન—વાણીરે નવિ શ્રવણે સુણે, દિયે મિથ્યા ઉપદેશ. શ્રી ૫

જ્ઞાન પ્રકાશે રે મોહ તિમિર હરે, જેહને સદ્ગુરૂ સૂર,
તે નિજ દેખેરે સત્તા ધર્મની, ચિદાનંદ ભરપૂર. શ્રી. ૬

જેમ નિર્મલતા રે રત્ન સ્ફટિક તણી, તેમ જે જીવ સ્વભાવ;
તે જિનવીરે રે ધર્મ પ્રકાશિયો, પ્રબલ કષાય—અભાવ શ્રી. ૭

જેમ તે રાતે રે ફૂલે રાતડું, શ્યામ ફૂલથી રે શ્યામ,
પાપ પુણ્યથી રે તેમ જગ જીવને, રાગ દ્વેષ પરિણામ. શ્રી. ૮

ધર્મ ન કહિયે રે નિશ્ચે તેહને, જે વિભાવ વડ વ્યાધિ,
પહેલે અંગે રે એણીપેરે ભાખિયું, કર્મે હોય ઉપાધિ શ્રી. ૯

---

૧ પાઠાન્તરે—[illegible]

જે અંશેરે નિરૂપાધિકપણું, તે તે જાણોરે ધર્મ;
મ્યગ્ દષ્ટિરે ગુણઠાણા થકી, જાવ લહે શિવ-શર્મ. શ્રી. ૧૦
.મ જાણીનેરે જ્ઞાન-દશા ભજી, રહીએ આપ સ્વરૂપ;
ર પરિણતિથી રે ધર્મ ન છાંડિયે. નવિ પડિયે ભવકૂપ. શ્રી. ૧૧

ઢાલ ૩ જી. (હવે રાણી પદ્માવતી-એ દેશી.)

જિહાં લગે આતમ ધર્મનું, લક્ષણ નવિ જાણ્યું;
તિહાં લગે ગુણઠાણું ભલું, કેમ આવે તાણ્યું ?
આતમ-તત્ત્વ વિચારીયે. આ. ૧

આતમ-અજ્ઞાને કરી; જે ભવ દુઃખ લહીએ
આતમ-જ્ઞાને તે ટલે, એમ મન સદ્દહીએ. આ. ૨

જ્ઞાન દશા જે આકરી, તેહ ચરણ વિચારો;
નિર્વિકલ્પ ઉપયોગમાં, નહીં કર્મનો ચારો. આ. ૩

ભગવઇ અંગે ભાંખિયો, સામાયિક-અર્થ;
સામાયિક પણ આતમા, ધરો સૂધો અર્થ. આ. ૪

લોક સાર અધ્યયનમાં, સમકિત મુનિ ભાવે,
મુનિભાવજ સમકિત કહ્યું, નિજ શુદ્ધ સ્વભાવે આ. ૫

કષ્ટ કરો સંયમ ધરો, ગાળો નિજ દેહ;
જ્ઞાનદશા વિણ જીવને, નહીં દુઃખનો છેહ. આ ૬

બાહિર યતના બાપડા, કરતાં દુહવાય,
અંતર યતના જ્ઞાનની, નવી તેણે થાય. આ. ૭

રાગ-દ્વેષમલ ગાલવા, ઉપશમ રસ ઝીલો;
આતમ-પરિણતિ આદરી, પર પરિણતિ પીલો આ. ૮

હું એહનો એ માહરો, એ હું એણિ બુદ્ધિ,
ચેતન જડતા અનુભવે, ન વિમાસો શુદ્ધિ. આ. ૯

બાહિર દૃષ્ટિ દેખતાં, બાહિર મન ધાવે;
અંતર દૃષ્ટિ દેખતાં, અક્ષયપદ-પાવે. આ૦ ૧૦
ચરણ હોય લજ્જાદિકે, નવી મનને ભંગે;
ત્રીજે અધ્યયને કહ્યું, એમ પહેલે અંગે. આ૦ ૧૧
અધ્યાતમ વિણુ જે ક્રિયા, તે તનુ-મલ તોલે;
મમકારાદિક યોગથી, એમ જ્ઞાની બોલે. આ૦ ૧૨
હું કરતા પરભાવનો, એમ જેમ જેમ જાણે;
તેમ તેમ અજ્ઞાની પડે, નિજ કર્મને ઘાણે. આ૦ ૧૩
પુદ્ગલ કર્માદિક તણો, કરતા વ્યવહારે;
કર્ત્તા ચેતન કરમનો, નિશ્ચય સુવિચારે. આ૦ ૧૪
કર્ત્તા શુદ્ધ સ્વભાવનો, નયશુદ્ધે કહીએ;
કર્ત્તા પર પરિણામનો, બેઉ કિરિયા ગ્રહીએ. આ૦ ૧૫

ઢાલ ૪ થી (વીરમતી પ્રીતિ કારણી-એ દેશી.)

શિષ્ય કહે જો પરભાવનો, અકર્ત્તા કહ્યો પ્રાણી રે;
દાન-હરણાદિક કેમ ઘટે ?, કહે સદ્ગુરુ વાણી રે.
શુદ્ધનય-અર્થ મન ધારીએ. ૧
ધર્મ નવિ દીએ ન વા સુખ દીએ, પર જંતુને દેતો રે,
આપ સત્તા રહે આપમાં, એમ હૃદયમાં ચેતો રે. શુ૦ ૨
જોગ વશી જે પુદ્ગલ ગ્રહ્યા, નવી જીવના તેહ રે;
તેહથી જીવ છે જૂજૂઆ, વળી જૂજૂઆ દેહ રે શુ૦ ૩
ભક્તપાનાદિ પુદ્ગલ પ્રતે, ન દીએ છતી વિના કેને રે,
દાન-હરણાદિ પર જંતુને, એમ નવિ ઘટે તેને રે. શુ૦ ૪
દાન-હરણાદિક અવસરે, શુભ અશુભ સંકલ્પે રે,
દીએ હરે તું નિજરૂપને, મુધા અન્યથા જલ્પે રે. શુ૦ ૫

અન્યથા વચન–અભિમાનથી, ફરી કર્મ તું બાંધે રે;
જ્ઞાયકભાવ જે એકલો, ગ્રહે તે સુખ સાધે રે. શુ૦ ૬
શુભ અશુભ વસ્તુ સંકલ્પથી, ધરે જે નટ–માયા રે;
તે ટલે સહજ સુખ અનુભવે, પ્રભુ આતમ રાયા રે. શુ૦ ૭
પરતણી આશા વિષવેલડી, ફલે કર્મ બહુ ભાંતિ રે,
જ્ઞાન દહને કરી તે દહે, હોય એક જે જાતિ રે. શુ૦ ૮
રાગ દ્વેષ રહિત એક જે, દયા શુદ્ધ તે પાલેરે
પ્રથમ અંગે એમ ભાંખિયું, નિજ શકિત અજુવાલેરે. શુ૦ ૯
એકતા જ્ઞાન નિશ્ચય દયા, સુગુરૂ તેહને ભાખેરે,
જેહ નિર્વિકલ્પ ઉપયોગમાં, નિજ પ્રાણ ને રાખેરે શુ૦ ૧૦
જે રાખે પર પ્રાણને, દયા તાસ વ્યવહારે રે;
નિજ દયા વિણ કહો પર દયા, હોવે કવણ પ્રકારે ? રે શુ૦ ૧૧
લોક વિણ જેમ નગર મેદિની, જેમ જીવ વિણ કાયારે,
ફોક તેમ જ્ઞાન વિણ પર દયા, જિસી નટ તણી માયારે શુ૦ ૧૨
સર્વ આચારમય પ્રવચને, ભણ્યો અનુભવ યોગરે,
તેહથી મુનિ વમે મોહને, વલી રતિ અરતિ શોગરે શુ ૧૩
સૂત્ર અક્ષર પરાવર્તના, સરસ સેલડી દાખીરે,
તાસ રસ અનુભવ ચાખિયે, જીહા એક છે સાખીરે શુ૦ ૧૪
આતમ રામ અનુભવ–ભજો, તજો પરતણી માયારે
એહ છે સાર જિન–વચનનો, વલી એ શિવ–છાયારે શુ૦ ૧૫

ઢાલ ૫ મી. (પ્રભુ ચિત્ત ધરીને અવધારો મુજ વાત એ દેશી)
એમ નિશ્ચય નય સાંભલી જી, બોલે એક અજાણ
આદરશું અમે જ્ઞાનને જી, શું કીજે પચ્ચખાણ ?
સોભાગી જિન ! સીમંધર ! સાં ... ... !

કિરિયા-ઉત્થાપી કરીજી, છાંડી તેણે લાજ;
નવી જાણે તે ઉપજે જી, કારણ વિણુ નવી કાજ. સો૦ ૨

નિશ્ચય નય-અવલંબતાંજી, નવી જાણે તસ મર્મ;
છોડે જે વ્યવહારને જી, લોપે તે જિન-ધર્મ. સો૦ ૩

નિશ્ચય દૃષ્ટિ હૃદયે ધરીજી, પાલે જે વ્યવહાર;
પુન્યવંત તે પામશેજી, ભવ સમુદ્રનો પાર સો૦ ૪

તુરંગ ચઢી જેમ પામિયેંજી, વેગે પુરનો પંથ;
માર્ગ તેમ શિવનો લહેજી, વ્યવહારે નિર્ગ્રંથ. સો૦ ૫

મહેલ ચઢતાં જેમ નહીંજી, તેહ તુરંગનું કાજ;
સફલ નહીં નિશ્ચય લહેજી, તેમ તનુ કિરિયા-સાજ. સો૦ ૬

નિશ્ચય નવી પામી શકેજી, પાલે નવી વ્યવહાર;
પુન્ય રહિત જે એહવાજી, તેહનો કોણ આધાર ? સો૦ ૭

હેમ-પરીક્ષા જેમ હુવેજી, સહત હુતાશન-તાપ;
જ્ઞાન દશા તેમ પરખીએજી, જિહાં બહુ કિયા વ્યાપ સો૦ ૮

આલંબન વિણુ જેમ પડેજી, પામી વિષમી વાટ,
મુગ્ધ પડે ભવ કૂપમાંજી, તેમ વિણુ કિરિયા ઘાટ સો૦ ૯

ચરિત્ર ભણી બહુ લોકમાંજી, ભરતાદિકનાં જેહ;
લોપે શુભ વ્યવહારનેજી, બોધિ-હણે નિજ તેહ સો૦ ૧૦

બહુ દલ દીસે જીવનાંજી, વ્યવહારે શિવયોગ,
છીંડી તાકે પાધરોજી, છોડી પંથ અયોગ. સો૦ ૧૧

આવશ્યક માંહિ ભાખિયોજી, એહજ અર્થ-વિચાર,
ફલ સંશય પણ જાણતાંજી, જાણીજે સંસાર સો૦ ૧૨

ઢાલ ૬ ઠી. (મુનિ મન સરોવર હંસલો. એ દેશી)

અવર ઇસ્યો નય સાંભલી, એક ગ્રહે વ્યવહારો રે.
મર્મ દ્વિવિધ તસ નવી લહે, શુદ્ધ અશુદ્ધ વિચારો રે.
તુજ વિણુ ગતિ નહીં જંતુને તું જગ-જંતુનો દીવો રે;
જીવીએં તુજ અવલંબને, તું સાહેબ ! ચિરંજીવો રે, તુ. ૨

જેહ ન આગમે વારિયો, દીસે અસઠ આચારો રે.
તેહ જ બુધે બહુ માનીયો, શુદ્ધ કહ્યો વ્યવહારો રે તુ ૩

જેહમાં નિજ મતિ-કલ્પના, જેહથી નવી ભવ-પારો રે,
અંધ પરંપરા [એ] બાંધિયો, તેહ અશુદ્ધ આચરો રે.તુ ૪

શિથિલ વિહારીએ આચર્યા, આલંબન જે કૂડા રે;
નિયત વાસાદિક સાધુને, તે નવી જાણીએ રૂડા રે. તુ પ

આજ ન ચરણ છે આકરૂં, સંહનનાદિક-દોષે રે,
એમ નિજ અવગુણ ઓલવી, કુમતિ કદાગ્રહ પોષે રે તુ ૬

ઉત્તર ગુણ માંહે હીણલા, ગુરૂ કાલાદિક પાખે રે,
મૂલ ગુણે નહીં હીણલા, એમ પંચાશક ભાખે રે તુ ૭

પરિગ્રહ ગ્રહ વશ લિંગિયા, લઈ કુમતિ રજ માથે રે,
નિજ ગુણ પર અવગુણ લહે, ઈંદ્રિય વૃષભ ન નાથે રે તુ

નાણ રહિત હિત-પરિહરી, નિજ દંસણ ગુણ-લમે રે
મુનિજનના ગુણ સાંભલી, તેહ અનારજ કંપે રે તુ ૯

અણુ સમ દોષ જે પર તણો, મેરૂ સમાન તે ભાખે રે,
જેહસ્યું પાપની ગોઠડી, તેહસ્યું હેજ ભાખે રે. તુ ૧૦

સૂત્ર વિરૂદ્ધ જે આચરે, થાપે અવિધિ ના ચાલ રે
તે અતિ નિબિડ મિથ્યા નહિ બોલે ઉપદેશમાલ રે તુ ૧૧

પામર જન પણ નવી કહે, સહસા જૂઠ સશૂકો રે,
જૂઠ કહે મુનિવેષ જે, તે પરમારથ ચૂકો રે. તુ. ૧૨

નિર્દય હૃદય છકાયમાં, જે મુનિ વેષે પ્રવર્તે રે;
ગૃહ-યતિ-ધર્મથી બાહિરા, તે નિર્ધન ગતિ પ્રવર્તે રે. તુ. ૧૩

સાધુ ભક્તિ જિનપૂજના, દાનાદિક શુભ કર્મ રે;
શ્રાવક જિને કહ્યો અતિ ભલો, નહીં મુનિવેષ અધર્મ રે. તુ. ૧૪

કેવલ લિંગધારી તણો, જે વ્યવહાર અશુદ્ધો રે;
આદરીએં નવી સર્વથા, જાણી ધર્મ વિરૂદ્ધો રે. તુ. ૧૫

ઢાલ ૭ મી. (આગે પૂરવવાર નવાણું. એ દેશી.)

જે મુનિ વેષ શકે નવિ છાંડી, ચરણ કરણ ગુણ હીણાજી,
તે પણ મારગ માંહે દાખ્યા, મુનિ ગુણ-પક્ષે લીણાજી.
મૃષાવાદ ભવ કારણ જાણી, મારગ શુદ્ધ પ્રરૂપેજી,
વંદે નવી વંદાવે મુનિને, આપ થઈ નિજ રૂપેજી. ૧

મુનિ ગુણ-રાગે પૂરા શૂરા, જે જે જયણા પાલેજી
તે તેહથી શુભ ભાવ લહીને; કર્મ આપણા ટાળેજી.
આપ હીનતા જે મુનિ ભાખે, માન સાંકડે લોકેજી,
એ દુર્ધર વ્રત એહનું દાખ્યું, જે નવી ફુલે ફોકેજી. ૨

પ્રથમ સાધુ બીજો વર શ્રાવક, ત્રીજો સંવેગ પાખીજી,
એ ત્રણે શિવ મારગ કહીએ, જીહાં છે પ્રવચન સાખીજી
શેષ ત્રણ ભવ-મારગ કહીએ, કુમતિ કદાગ્રહ ભરિયાજી,
ગૃહી અન્યલિંગ કુલિંગે લખિયે, સકલ ગુણે વિસરિયાજી ૩

જે વ્યવહાર મુક્તિ-મારગમાં, ગુણ ઠાણાને લેખેજી
અનુક્રમે ગુણ શ્રેણીનું ચઢવું, તેહજ જિનવર દેખેજી

જે પણ દ્રવ્ય કિયા પ્રતિપાલે, તે પણ સન્મુખ ભાવેજી;
શુકલ બીજની ચંદ્રકલા જેમ, પૂર્ણ ભાવમાં આવેજી.

તે કારણ લજ્જાદિકથી પણ, શીલ ધરે જે પ્રાણીજી;
ધન્ય તેહ કૃતપુન્ય કૃતારથ, મહા નિશીથે વાણીજી.

એ વ્યવહાર નયે મન ધારો, નિશ્ચય નય મત દાખ્યુંજી;
પ્રથમ અંગમાં વિતિગિચ્છાએ, ભાવચરણ નવિ ભાખ્યુંજી.

ઢાલ ૮ મી (ચોપાઈની દેશી.)

અવર એક ભાંખે આચાર, દયામાત્ર શુદ્ધજ વ્યવહાર,
જે બોલે તેહજ ઉત્થપે, શુદ્ધ કરૂં હું મુખ એમ જલ્પે ૧

જિન–પૂજાદિક શુભ વ્યાપાર, તે માને આરંભ અપાર,
નવી જાણે ઉતરતાં [1]નઇ, મુનિને જીવદયા કયા ગઇ ? ૨

જો ઉતરતાં મુનિને નદી, વિધિ–જોગે નવી હિંસા વદી,
તો વિધિજોગે જિનપૂજના, શિવકારણ મત ભૂલો જના. ૩

વિષયારંભ તણો જ્યાં ત્યાગ, તેહથી લહીયે ભવજલ–તાગ,
જિન પૂજામાં શુભ ભાવથી, વિષયારંભ તણો ભય નથી ૪

સામાયિક પ્રમુખે શુભ ભાવ, યદ્યપિ લહિયે ભવજલ–નાવ,
તો પણ જિનપૂજાએ સાર, જિનનો વિનય કહ્યો ઉપચાર ૫

આરંભાદિક–શંકા ધરી, જો જિનરાજ–ભક્તિ પરિહરી
દાન માન વંદન આદેશ, તો તુજ સમજો પડ્યો કલેશ ૬

સ્વરૂપથી દીસે સાવદ્ય, અનુબંધે પૂજા નિરવદ્ય
જે કારણ જિન–ગુણ બહુમાન, તે અવસર વરતે શુભ ધ્યાન ૭

---

૧ નદી

જિનવર પૂજા દેખી કરી, ભવિયણ ભાવે ભવજલ તરી;
છકાયના રક્ષક હો વળી, એહ ભાવ જાણે કેવલી. ૮
જલ તરતાં જલ ઉપર યથા, મુનિને દયા ન હોય વૃથા;
પુષ્પાદિક ઉપર તિમ જાણ, પુષ્પાદિક પૂજાને ઠાણ. ૯
તો મુનિને નહીં કેમ પુજના ? એમ તું શું ચિંતે ? શુભમના;
રોગીને ઓષધ સમ એહ, નીરોગી છે મુનિવર દેહ. ૧૦

ઢાલ ૯ મી. (પ્રથમ ગોવાલ તણે ભવેજી એ દેશી.)

ભાવ સ્તવ મુનિને ભલોજી, બેહુ ભેદ ગૃહી ધાર;
ત્રીજે અધ્યયને કહ્યોજી, મહા નિશીથ મુઝાર.
સુણો જિન ! તુજ વિણ કવણ આધાર. સુ૦ ૧
વળી નિહાં ફલ દાખિયુંજી, દ્રવ્ય સ્તવનું રે સાર;
સ્વર્ગ બારમું ગૃહીનેજી, એમ દાનાદિક ચાર. સુ૦ ૨
છઠે અંગે દ્રૌપદીજી, જિન-પ્રતિમા પૂજેય;
સૂરિયાભ પરે ભાવથીજી, એમ જિન વીર કહેય. સુ૦ ૩
નારદ આવ્યે નવી થઈજી, ઉભી તેહ સુજાણ;
તે કારણ તે શ્રાવિકાજી, ભાખે આળ અજાણ. સુ૦ ૪
જિન પ્રતિમા આગલ કહ્યોજી, શક્ર સ્તવન તેણે નાર;
જાણે કોણ વિણ શ્રાવિકાજી, એહ વિધિ હૃદય વિચાર. સુ૦ ૫
પૂજે જિન પ્રતિમા પ્રત્યેજી, સૂરિયાભ સુરરાય,
વાંચી પુસ્તક રત્નનાંજી, લેઈ ધર્મ વ્યવસાય સુ૦ ૬
રાયપસેણી સૂત્રમાંજી, મોટો એહ પ્રબંધ.
એહ વચન અણમાનતાજી, કરે કરમનો બંધ સુ૦ ૭
જિન[illegible]જી, [illegible] રે એમ,
[illegible] સુ૦ ૮

સિદ્ધાર્થરાયે કર્યાજી. યાગ અનેક પ્રકાર;
કલ્પસૂત્રે એમ ભાખિયુંજી, તે જિન-પૂજા સાર. સુ૦ ૯
શ્રમણોપાસક તે કહ્યાજી, પહેલા અંગ મુઝાર;
યાગ અનેરા નવી કરેજી, તે જાણો નિરધાર. સુ૦ ૧૦
એમ અનેક સૂત્રે ભણ્યુંજી, જિનપૂજા ગૃહિ-કૃત્ય;
જે નવી માને તે સહીજી, કરશે બહુ ભવ નૃત્ય સુ૦ ૧૧

ઢાલ ૧૦ મી. (એણે પુર કંબલ કોઇ ન લેશી એ દેશી.)

અવર કહે પુજાદિક ઠામે, પુન્યબંધ છે શુભ પરિણામે,
ધર્મ નવી ઇહાં કોઇ દીસે, જેમ વ્રત પરિણામે ન દીસે. ૧
નિશ્ચય ધર્મ ન તેણે જાણ્યો, જે શૈલેશી અંત વખાણ્યો;
ધર્મ અધર્મ તણો ક્ષયકારી, શિવસુખ દે જે ભવજલ તારી. ૨
તસ સાધન તું જે જે દેખે, નિજ નિજ ગુણઠાણાને લેખે,
તેહ ધર્મ વ્યવહારે જાણો, કારજ કારણ એક પ્રમાણો ૩
એવંભૂત તણો મત ભાંખ્યો, શુદ્ધ દ્રવ્ય નય એમ વલી દાખ્યો,
નિજ સ્વભાવ પરિણતિ તે ધર્મ, જે વિભાવ તે ભાવજ કર્મ ૪
ધર્મ શુદ્ધ ઉપયોગ સ્વભાવે, પુન્ય પાપ શુભ અશુભ વિભાવે.
ધર્મહેતુ વ્યવહારજ ધર્મ, નિજ સ્વભાવ પરિણતિનો મર્મ
શુભ યોગે દ્રવ્યાશ્રવ થાય, નિજ પરિણામ ન ધર્મ હણાય,
યાવત્ યોગ-ક્રિયા નહીં થંભી, તાવત જીવ છે યોગારંભી.
મલિનારંભ કરે જે ક્રિયા, અસદારંભ તજીને તરિયા.
વિષય કષાયાદિકને ત્યાગે, ધર્મ મતિ રહીયે શુભ માગે
સ્વર્ગ-હેતુ જો પુન્ય કહીજે, તો સરાગ સંયમ પણ લીજે
બહુરાગે જે જિનવર પૂજે, તસ મુનિની પરે પાતક ધ્રુજે

ભાવ સ્તવ એહથી પામિજે, દ્રવ્ય સ્તવ એ તેણે કહીજે;
દ્રવ્ય શબ્દ છે કારણ વાચી, ભમે ન ભૂલો કર્મ નિકાચી ૯

ઢાલ ૧૨ મી. (દાન ઉલટ ધરી દીજી એ—એ દેશી,)

મતિ એમ સકલ હૃદે કરી, ધારીએ ધર્મની રીતરે;
રીએ નવી પ્રભુ-બલ થકી, પામીએ જગતમાં જીત રે.
સ્વામી સીમંધર ! તું જયો. ૧
ાવ જાણો સકલ જંતુના, ભવ થકી દાસને રાખ રે;
ાલિયા બોલ જે તે ગણું, સફલ જો છે તુજ સાખ રે. સ્વા. ૨
ાક છે રાગ તુજ ઉપરે, તે મુજ શિવતરૂ-કંદરે;
ી ગણું તુજ પરે અવરને, જો મલે સુર નર વૃંદ રે. સ્વા. ૩
જ વિના મેં બહુ દુઃખ લહ્યાં, તુજ મિલે તે કેમ હોય ? રે;
ેહ વિણ મોર નાચે નહિ, મેહ દેખી નાચે સોયરે સ્વા. ૪
ન થકી મિલન મેં તુજ કિયો, ચરણ તુજ ભેટવા સાંઇ ! રે
જીએ જતન જિન ! એ વિના, અવર ન વાંછિએ કાંઇ રે સ્વા. ૫
જ વચનરાગ-સુખ આગલે, નવી ગણું સુર-નરશર્મ રે;
ાી જો કપટ કોઈ દાખવે, નવી તજું તોય તુજ ધર્મ રે સ્વા. ૬
ુજ હૃદયગિરિમાં વસે, સિંહ જો પરમ નિરીહ રે;
મત માતંગના જૂથથી, તો ન કરી મુજ બીહ રે. સ્વા. ૭
ાી છે દાસ પ્રભુ ! તાહરે, માહરે દેવ ! તું એક રે.
ીએ સાર સેવક તણી, એ તુજ ઉચિત વિવેક રે. સ્વા. ૮
ક્તિ ભાવે ઇશ્યું ભાખિયે, રાખિયે એહ મન માંહી રે.
ાસના ભવદુઃખ-વારીએ, તારીએ સો ગ્રહી બાંહી રે સ્વા. ૯

બાલ જેમ તાત આગલ કહે, વિનવું હું તેમ તુઝ રે;
ઉચિત જાણો તેમ આચરૂં, નવી રહ્યો તુજ કિશું ગુઝ રે. સ્વા.
મુજ હોજો ચિત્ત શુભ ભાવથી, ભવ ભવ તાહરી સેવ રે,
યાચિયે કોડી યતને કરી, એહ તુજ આગલે દેવ! રે. સ્વા.

કલશ. (હરિગીત ૭૬)

ઈમ સકલ સુખકર દુરિત ભયહર વિમલ લક્ષણ ગુણધરો,
પ્રભુ અજર અમર નરિંદ વંદિત વીનવ્યો શીમંધરો;
નિજ નાદ તર્જિત મેઘ ગર્જિત ધૈર્ય નિર્જિત મંદરો,
શ્રી નયવિજય બુધ ચરણ સેવક જસ વિજય બુધ જય કરો ૧

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ કૃત
આઠ દૃષ્ટિની ઢાલો.

ઢાલ ૧ લી. (ચતુર સનેહી મોહના એ દેશી)

શિવ-સુખ કારણ ઉપદિશી, યોગની અડ દિઠ્ઠિ રે
તે ગુણ થુણી જિન વીરનો, કરશું ધર્મની પુષ્ટિ રે
વીર જિનેશ્વર-દેશના. ૧

સઘન અઘન દિન રયણિમા, બાલ વિકલ ને અનેરા રે
અર્થ જુવે જેમ જૂજૂઆ, તેમ ઓઘ નજરના ફેરા રે વી. ૨
દર્શન જે થયા જૂજૂઆ, તે ઓઘ નજરને ફેરે રે,
ભેદ સ્થિરાદિક દૃષ્ટિના, સમકિત દૃષ્ટિને હેરે રે વી. ૩
દર્શન સકલના નય ગ્રહે, આપ રહે નિજ ભાવે રે,
હિત કરી જનને સંજીવની, ચારો તેહ ચરાવે રે વી. ૪

ષ્ટિ સ્થિરાદિક ચારમાં, મુક્તિ-પ્રયાણ ન ભાંજે રે;
રયણી શયન જેમ શ્રમ હરે, સુર-નર સુખ છાજે રે. વી. ૫
એહ પ્રસંગથી મેં કહ્યું, પ્રથમ દૃષ્ટિ હવે કહીએ રે;
જિહાં મિત્રા તિહાં બોધજે, તે તૃણ-[1]અગ્નિસો લહીએ રે. વી. ૬
વ્રત પણ ઇહાં યમ સંપજે, ખેદ નહીં શુભ કાજે રે;
દ્વેષ નહીં વળી અવર શું, એ ગુણ અંગ વિરાજે રે. વી. ૭
યોગના બીજ ઇહાં ગ્રહે, જિનવર-શુદ્ધ પ્રણામો રે;
ભાવાચારજ-સેવના, ભવ-ઉદ્વેગ સુઠામો રે. વી. ૮
દ્રવ્ય અભિગ્રહ પાલવા, ઓષધ પ્રમુખને દાને રે;
આદર આગમ આસરી, લિખનાદિક બહુમાને રે. વી. ૯
લેખન પૂજન આપવું, શ્રુત-વાચના ઉદ્ગ્રાહો રે;
ભાવ વિસ્તાર સજ્ઝાયથી, ચિંતન ભાવન-ચાહો રે. વી. ૧૦
બીજ કથા ભલી સાંભળી, રોમાંચિત હુવે દેહ રે;
એહ અવંચક યોગથી, લહીએ ધર્મ સનેહ રે. વી. ૧૧
સદ્ગુરુ યોગે વંદન ક્રિયા, તેહથી ફલ હોય જેહ રે;
યોગ ક્રિયા ફલ ભેદથી, ત્રિવિધ અવંચક એહ રે. વી. ૧૨
ચાહે ચકોર તે ચંદ્રને, મધુકર માલતી-ભોગી રે,
તેમ ભવ્ય સહજ ગુણે હોવે, ઉત્તમ નિમિત્ત-સંયોગી રે. વી. ૧૩
એહ અવંચક યોગ તે, પ્રગટે ચરમાવર્ત્ત રે;
સાધુને સિદ્ધદશા સમું, બીજનું ચિત્ત પ્રવર્ત્ત રે. વી. ૧૪
કરણ અપૂર્વના નિકટથી, જે પહેલું ગુણ ઠાણું રે,
મુખ્યપણે તે ઇહાં હોવે, સુજસ વિલાસનું ટાણું રે. વી. ૧૫

---

૧ અગ્નિકણ.

ઢાલ ૨ જી. (મન મોહન મેરે. એ દેશી.)

દર્શન તારા દૃષ્ટિમાં મન મોહન મેરે, [1]ગોમય–અગ્નિ સમાનરે, મ૦
શૌચ સંતોષને તપ ભલું, મ૦ સજ્ઝાય ઇશ્વર–ધ્યાન રે. મ૦ ૧
નિયમ પંચ ઇહાં સંપજે, મ૦ નહિં કિરિયા–ઉદ્વેગ રે, મ૦
જિજ્ઞાસા ગુણ તત્ત્વની, મ૦ પણ નહિ નિજ હઠ ટેગ રે મ૦ ૨
એહ દૃષ્ટિમાં વર્તતા, મ૦ યોગ–કથા બહુ પ્રેમ રે; મ૦
અનુચિત તેહ ન આદરે, મ૦ વાળ્યો વળે જેમ હેમ રે. મ૦ ૩
વિનય અધિક ગુણિનો કરે, મ૦ દેખે નિજ ગુણ હાણ રે, મ૦
ત્રાસ ધરે ભવ ભય થકી, મ૦ ભવ માને દુઃખ ખાણ રે. મ૦ ૪
શાસ્ત્ર ઘણા મતિ થોડલી, મ૦ શિષ્ટ કહે તે પ્રમાણ રે, મ૦
સુયશ લહે એ ભાવથી, મ૦ ન કરે જૂઠ ડફાણ રે મ૦ ૫

ઢાલ ૩ જી. (પ્રથમ ગોવાળ તણે ભવજી. એ દેશી)

ત્રીજી દૃષ્ટિ બલા કહીજી, કાષ્ટ અગ્નિ સમ બોધ.
ક્ષેપ નહિ આસન–સધેજી, શ્રવણ સમીહા શોધ[2]
જિનજી ! ધન્ય ધન્ય તુજ ઉપદેશ ૧
તરુણ સુખી સ્ત્રી પરિવર્યોજી, જેમ ચાહે સુરગીત,
સાંભળવા તેમ તત્ત્વનેજી, એ દૃષ્ટિ સુવિનીત. જિ૦ ૨
[2]સરી એ બોધ પ્રવાહનીજી એ વિણ શ્રુત થલ–કૂપ.
શ્રવણ–સમીહા તે કિસીજી, શયિત સુણ્યો જિમ ભૂપ. જિ૦ ૩
મન રીઝે તન ઉલ્લસેજી, રીઝે–બુઝે એકતાન
તે ઇચ્છા વિણ ગુણકથાજી બહેરા આગળ ગાન. જિ૦ ૪
વિઘન ઇહાં પ્રાયે નહીંજી, ધર્મ હેતુ [illegible]
અનાચાર–પરિહારથીજી, સુયશ મહોદય [illegible] જિ૦ ૫

---

૧ છાણાના [illegible]

ઢાલ ૪ થી. (ઝાંઝરિયા મુનિવરની દેશી.)

યોગ દષ્ટિ ચોથી કહીજી, દીપ્રા તિહાં ન ઉત્થાન;
પ્રાણાયામ તે ભાવથીજી, દીપ-પ્રભા સમ જ્ઞાન.
મન મોહન જિનજી ! મીઠી તાહરી વાણ. ૧

બાહ્યભાવ-રેચક ઈહાંજી, પૂરક અંતરભાવ;
કુંભક સ્થિરતા ગુણે કરીજી, પ્રાણાયામ સ્વભાવ. મ૦ ૨

ધર્મ-અર્થે ઇહાં પ્રાણનેજી, છોડે પણ નહિં ધર્મ;
પ્રાણ-અર્થે સંકટ પડેજી, જુઓ એ દષ્ટિનો મર્મ. મ૦ ૩

તત્ત્વ-શ્રવણ મધુરોદકેજી, ઈહાં હોય બીજ-પ્રરોહ;
ખાર ઉદક સમ ભવ-તણેજી, ગુરૂ-ભક્તિ અદ્રોહ. મ૦ ૪

સૂક્ષ્મ બોધ તો પણ ઇહાંજી, સમકિત વિણ નવિ હોય;
વેદ્ય સંવેદ્ય પદે કહ્યોજી, તે ન અવેદ્યે જોય. મ૦ ૫

વેદ્ય બંધ શિવ હેતુ છેજી, સંવેદન તસ નાણ;
નય નિક્ષેપે અતિ ભલુંજી, વેદ્ય સંવેદ્ય પ્રમાણ. મ૦ ૬

તે પદ અંશી-જેહથીજી, ઝહલી પાપ પ્રવૃત્તિ;
તમ લોહપદ ધૃતિ સમીજી, તિહાં હોય અંતે નિવૃત્તિ. મ૦ ૭

એહ થકી વિપરિત છેજી, પદ તે અવેદ્ય સંવેદ્ય,
ભવાભિનંદી જીવનેજી, તે હોય વજ્ર અભેદ્ય. મ૦ ૮

લોભી કૃપણ [૧]દયામણોજી, માયી મચ્છર-ઠાણ,
ભવાભિનંદી ભય ભર્યોજી, અફલ આરંભ અયાણ. મ૦ ૯

એહવા અવગુણવંતનુંજી, પદ છે અવેદ્ય કઠોર,
સાધુસંગ-આગમ તણોજી, તે જીતે ધુર ઘોર. મ૦ ૧૦

તે જીતે સહજે ટળેજી, વિષમ કુતર્ક-પ્રચાર,
દૂર નિકટ હાથી હણ્યોજી, જેમ એ બટુક વિચાર. મ૦ ૧૧

૧ [illegible]

ઢાલ ૫ મી. (ધન્ય ધન્ય સંપ્રતિ સાચો રાજા એ દેશી.)

દૃષ્ટિ સ્થિરા માંહે દર્શન નિત્યે, રત્ન-પ્રભા સમ જાણો રે;
ભ્રાંતિ નહિં વલી બોધ તે સૂક્ષ્મ, પ્રત્યાહાર વખાણો રે. ૧
એ ગુણ વીરતણું ન વીસારું, સંભારું દીન રાતો રે;
પશુ ટાલી સુરરૂપ કરે જે, સમકિતને અવદાત રે. એ. ૨
બાલ ધુલિ-ઘર લીલા સરખી, ભવ ચેષ્ટા ઇહાં ભાસે રે;
ઋદ્ધિ સિદ્ધિ સવી ઘટમાં પેસે, અષ્ટ મહા સિદ્ધિ પાસે રે. એ. ૩
વિષય વિકારે ઇંદ્રિય ન જોડે, તે ઇહાં પ્રત્યાહારોરે;
કેવલ જ્યોતિ તે તત્ત્વ પ્રકાશે, શેષ ઉપાય અસારોરે. એ. ૪
શીતલ ચંદનથી પણ ઉપન્યો, અગ્નિ દહે જેમ વનનેરે;
ધર્મ જનિત પણ ભોગ ઇહાં તેમ, લાગે અનિષ્ટ તે મનનેરે. એ. ૫
અંશે હોય ઇહાં અવિનાશી, પુદ્ગલ જાલ તમાશીરે;
ચિદાનંદ ઘન સુજશ વિલાસી, કેમ હોય જગનો આશીરે એ. ૬

ઢાલ ૬ ઠ્ઠી. (બોલીએ હમારે વિષય ન ગંજીયે.) એ દેશી.

અચપલ રોગ રહિત નિષ્ઠુર નહિં, અલ્પ હોય દોય નીતિ;
ગંધ તે સારો કાંતિ પ્રસન્નતા, સુસ્વર પ્રથમ પ્રવૃત્તિ.
ધન્ય ! ધન્ય ! શાસન શ્રી જિનવરતણું. ૧
ધીર પ્રભાવી આગલે યોગથી, મિત્રાદિક ગુણ ચિત્ત.
લાભ ઇષ્ટનોરે દ્વંદ્વ અધૃષ્યતા, જન પ્રિયતા હોય નિત્ય. ધ. ૨
નાશ દોષનોરે તૃપ્તિ પરમ લહે, સમતા ઉચિત સંયોગ.
નાશ વૈરનોરે બુદ્ધિ ઋતંભરા, એહ નિષ્પન્ન યોગ. ધ. ૩
ચિહ્ન યોગનારે જે પર ગ્રંથમાં, યોગાચાર્યે દિઠ્ઠ.
પંચમ દૃષ્ટિ થકી તે જોઇએ, એહવા તેહ ગરિઠ્ઠ ધ. ૪

ઢાલ ૮ મી. (તુજ સાથે નહિ બોલું મારા વ્હાલા એ દેશી.)

દૃષ્ટિ આઠમી સાર સમાધિ, નામ પરા તસ જાણુંજી;
આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ, શશીસમ બોધ વખાણુંજી;
નિરતિચારપદે[1] એ યોગી, કહીએ નહિં અતિચારીજી,
આરોહે આરૂઢે ગિરિને, તેમ એહની ગતિ ન્યારીજી. ૧

ચંદન ગંધ સમાન ક્ષમા ઇહાં, વાસકને ન ગવેષેજી,
આસંગે વર્જિત વળી એહમાં, કિરિયા નિજ ગુણ લેખેજી;
શિક્ષાથી જેમ રતન-નિયોજન, દૃષ્ટિ ભિન્ન તેમ એહોજી,
તાસ નિયોગે કરણ અપૂરવ, લહે મુનિ કેવલ ગેહોજી. ૨

ક્ષીણ દોષ સર્વજ્ઞ મહામુનિ, સર્વ લબ્ધિ-ફલ ભોગીજી,
પર-ઉપકાર કરી શિવસુખ તે, પામે યોગી અયોગીજી,
સર્વ શત્રુ-ક્ષય સર્વ વ્યાધિ-ક્ષય, પૂરણ સર્વ સમીહાજી,
સર્વ અર્થયોગે સુખ તેહથી, અનંતગુણ નિરીહાજી. ૩

એ અડ દિટ્ઠી કહી સંક્ષેપે, યોગ શાસ્ત્ર-સંકેતેજી,
કુલ યોગીને પ્રવૃત્ત ચક્ર જે, તેહ તણે હિત હેતેજી;
યોગિ કુલે જાયા તસ ધર્મે, અનુગત તે કુલયોગીજી,
અદ્વેષી ગુરુ દેવ દ્વિજ પ્રિય, દયાવંત ઉપયોગીજી. ૪

શુશ્રૂષાદિક અડગુણ સંપૂર્ણ, પ્રવૃત્ત ચક્ર તે કહીએજી,
યમદ્વય લાભી પર દુગ અર્થી, આદ્ય અવંચક લહીએજી.
ચાર અહિંસાદિ યમ ઇચ્છાદિક, પ્રમુખ ભેદથી ભિન્નાજી,
શુદ્ધ રુચિએ પાળે અતિચારહ, ટાળે ફલ પરિછિન્નાજી. ૫

કુલયોગીને પ્રવૃત્ત ચક્રને, શ્રવણ શુદ્ધિ-પક્ષપાતજી.
યોગ દૃષ્ટિ ગ્રંથ હિત હેતે, ... કહી એ વાતજી

૧ [illegible]

કોઇ પતિ-રંજન અતિ ઘણો તપ કરે રે, પતિરંજન તન-તાપ;
એ પતિરંજન મેં નવી ચિત્ત ધર્યું રે, રંજન ધાતુ-મિલાપ. ઋ. ૪
કોઇ કહે લીલા રે અલખ અલખ તણી રે, લખ પૂરે મન આશ;
દોષ રહિતને લીલા નવી ઘટે રે, લીલા દોષ-વિલાસ. ઋ. ૫
ચિત્ત-પ્રસન્ને રે પૂજન ફલ કહ્યું રે, પૂજા અખંડિત એહ;
કપટ રહિત થઇ આતમ-અર્પણા રે, આનંદઘન પદ-રેહ. ઋ. ૬

---

(૨) શ્રી અજિતનાથનું સ્તવન.

(રાગ આશાવરી.)

પંથડો નિહાળું રે બીજા જિન તણું રે, અજિત અજિત ગુણ ધામ;
જે તેં જીત્યા રે તેણે હું જીતિયો રે, પુરૂષ કિશ્યું મુજ નામ? પં. ૧
ચરમ નયણે કરી માર્ગ જોવતાં રે, ભૂલ્યો સયલ સંસાર;
જેણે નયણે કરી મારગ જોઇએ રે, નયણ તે દિવ્ય વિચાર. પં. ૨
પુરૂષ પરપર અનુભવ જોવતાં રે, અંધો અંધ પલાય;
વસ્તુ વિચારે રે જો આગમે કરી રે, (તો) ચરણ ધરણ નહિ ઠાય. પં. ૩
તર્ક-વિચારે રે વાદ-પરંપરારે, પાર ન પહોંચે કોય,
અભિમત વસ્તુ રે વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય. પં. ૪
વસ્તુ-વિચારે રે દિવ્ય નયન તણો રે, વિરહ પડ્યો નિરધાર
તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર. પં. ૫
કાલ લબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ,
એ જન જીવે રે જિનજી ! જાણજો રે, આનંદઘન મત અંબ. પં. ૬

---

(૩) શ્રી સંભવનાથનું સ્તવન.

(રાગ રામગિરિ.)

સંભવદેવ તે ધુર સેવો સવે રે, લહી પ્રભુ-સેવન ભેદ;
સેવન કારણ પહેલી ભૂમિકા રે, અભય અદ્વેષ અખેદ. સં. ૧
ભય ચંચલતા હો જે પરિણામની રે, દ્વેષ અરોચક ભાવ;
ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકિયે રે, દોષ અબોધ લખાવ. સં. ૨
ચરમાવર્ત (ન) હો ચરમ કરણ તથા રે, ભવ પરિણતિ-પરિપાક;
દોષ ટલે વલી દૃષ્ટિ ખુલે ભલી રે, પ્રાપ્તિ પ્રવચન-વાક. સં. ૩
પરિચય પાતિક-ઘાતક સાધુશું રે, અકુશલ અપચય ચેત;
ગ્રંથ અધ્યાતમ-શ્રવણ મનન કરી રે. પરિશીલન નય હેત. સં. ૪
કારણ જોગે હો કારજ નિપજે રે, એહમાં કોઇ ન વાદ;
પણ કારણ વિણ કારજ સાધિયે રે, એ નિજ [1]મત-ઉન્માદ. સં ૫
મુગ્ધ સુગમ કરી સેવન-આદરે રે, સેવન અગમ અનુપ,
દેજો કદાચિત સેવક યાચના રે, આનંદઘન રસ રૂપ !. સં ૬

---

(૪) શ્રી અભિનંદન જિન સ્તવન.

(રાગ ધન્યાશ્રી-સિંધુઓ.)

અભિનંદન જિન-દર્શન-તરસિયે, દર્શન દુર્લભ દેવ !.
મત મત-ભેદે રે જો જઇ પૂછિયે, સહુ થાપે અહમેવ. અ ૧
સામાન્યે કરી દરિસણ દોહિલું, નિર્ણય સકલ વિશેષ.
મદમેં ઘેર્યો રે અંધો કેમ કરે ?, રવિ શશિ-રૂપ વિલેખ. અ ૨
હેતુ વિવાદે હો ચિત્ત ધરી જોઇએ, અતિ દુર્ગમ નય-વાદ.
આગમ-વાદે હો ગુરૂગમ કો નહિ, એ સબલો વિખવાદ અ ૩

[1] મતિ

ઘાતી ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિસણ જગનાથ !;
ધીઠાઇ કરી મારગ સંચરૂં, સેંગુ કોઇ ન સાથ. અ. ૪

દર્શન દર્શન રટતો જો ફરૂં, તો રણ–રોઝ સમાન;
જેહને પિપાસા હો અમૃત–પાનની, કેમ ભાંજે ? વિષપાન. અ. ૫

[1]તરસ ન આવે હો મરણ જીવન તણો, સીઝે જો દર્શન કાજ;
દરિસણ દુર્લભ સુલભ કૃપા થકી, આનંદઘન મહારાજ. અ. ૬

---

(૫) શ્રી સુમતિનાથ જિન સ્તવન.

રાગ વસંત–કેદારો.

સુમતિ–ચરણકજ આતમ–અર્પણા, દર્પણ જેમ અવિકાર. સુજ્ઞાની
મતિ–તર્પણ બહુ સંમત જાણિયે, પરિસર્પણ સુવિચાર. સુ૦ ૧

ત્રિવિધ સકલ તનુધર ગત આતમા, બહિરાતમ ધુર ભેદ; સુ૦
બીજો અંતર આતમ તીસરો, પરમાતમ અવિચ્છેદ. સુ૦ ૨

આતમ–બુદ્ધે કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અઘ રૂપ; સુ૦
કાયાદિકનો સાખીધર રહ્યો, અંતર આતમ રૂપ. સુ૦ ૩

જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો, વર્જિત સકલ ઉપાધિ; સુ૦
અતીંદ્રિય ગુણગણ મણિ–આગરૂ, ઇમ પરમાતમ સાધ. સુ૦ ૪

બહિરાતમ તજ અંતરઆતમા,–રૂપ થઇ થિર ભાવ, સુ૦
પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અર્પણ દાવ. સુ૦ ૫

આતમ–અર્પણ વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિ દોષ, સુ૦
પરમ પદારથ સંપત્તિ સંપજે, આનંદઘન–રસપોષ સુ૦ ૬

---

૧ મ.સેન્દુ ખ

(૬) શ્રી પદ્મપ્રભ જિન સ્તવન.

(રાગ મારૂ–સિંધુ.)

પદ્મપ્રભુ જિન ! તુજ મુજ આંતરૂં રે, કેમ ભાંજે ? ભગવંત !.
કર્મ–વિપાકે કારણ જોઇને રે, કોઇ કહે મતિ મત. પદ્મ૦ ૧
પયઇ ઠિઇ અણુભાગ પ્રદેશથી, મૂલ ઉત્તર બહુ ભેદ,
ઘાતી અઘાતી હો બંધોદય ઉદીરણા રે, સત્તા કર્મ–વિચ્છેદ પદ્મ૦ ૨
કનકોપલવત્ પયડી પુરૂષ તણી રે, જોડી અનાદિ સ્વભાવ,
અન્ય સંજોગી જિહાં લગે આતમા રે, સંસારી કહેવાય. પદ્મ૦ ૩
કારણ જોગે હો બાંધે બંધને રે, કારણ મુક્તિ મૂકાય;
આશ્રવ સંવર નામ અનુક્રમે રે, હેય ઉપાદેય સુણાય. પદ્મ૦ ૪
યુંજન કરણે હો અંતર તુજ પડ્યો રે, ગુણ કરણે કરી ભંગ,
ગ્રંથ–ઉક્તે કરી પંડિતજને કહ્યો રે, અંતર–ભંગ સુઅંગ પદ્મ૦ ૫
તુજ મુજ અંતર અંતર ભાંજસે રે, વાજસે મંગલ તૂર,
જીવ સરોવર અતિશય વાધશે રે, આનંદઘન–રસપૂર. પદ્મ૦ ૬

---

(૭) શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન.

(દેશી લલનાની.)

શ્રી સુપાસજિન–વંદીએ, સુખ સંપત્તિનો હેતુ. લલના
શાંત સુધારસ જલનિધિ, ભવસાગરમાં સેતુ લલના૦ શ્રી૦ ૧
સાત મહાભય–ટાલતો, સપ્તમ જિનવર દેવ, લલના
સાવધાન મનસા કરી, ધારો જિનપદ–સેવ લલના૦ શ્રી૦ ૨
શિવ શંકર જગદીશ્વરૂ, ચિદાનંદ ભગવાન લલના
જિન અરિહા તીર્થંકરૂ, જ્યોતિ સ્વરૂપ અસમાન લલના૦ શ્રી૦ ૩

અલખ નિરંજન વચ્છલુ, સકલ જંતુ–વિસરામ; લલના
અભયદાન–દાતા સદા, પૂરણ આતમરામ. લલના૦ શ્રી૦ ૪

વીતરાગ મદ કલ્પના, રતિ અરતિ ભય સોગ; લલના
નિંદ્રા તંદ્રા દુરંદશા, રહિત અબાધિત યોગ. લલના૦ શ્રી૦ ૫

પરમ પુરૂષ પરમાતમા, પરમેશ્વર પરધાન; લલના
પરમ પદારથ પરમેષ્ઠી, પરમદેવ પરમાન. લલના૦ શ્રી૦ ૬

વિધિ વિરંચિ વિશ્વંભરૂ, હૃષીકેશ જગનાથ; લલના
અઘહર અઘમોચન ધણી, મુક્તિ પરમપદ સાથ. લલના૦ શ્રી૦ ૭

એમ અનેક અભિધા ધરે, અનુભવ ગમ્ય વિચાર; લલના
જે જાણે તેહને કરે, આનંદ ધન અવતાર. લલના૦ શ્રી૦ ૮

---

(૮) શ્રી ચંદ્રપ્રભુ જિન સ્તવન.

(રાગ કેદારો ગોડી.)

દેખણ દે રે સખી! મુને દેખણ દે, ચંદ્રપ્રભુ–મુખચંદ; સ૦
ઉપશમ રસનો કંદ સ૦, ગત કલિમલ દુઃખ દંદ. સ૦
સેવે સુરનર–ઇંદ સખિ! મુને દેખણ દે. સ૦ દે૦ ૧

સુહમ નિગોદે ન દેખિયો, સ૦ બાદર અતિહિ વિશેષ; સ૦
પુઢવી આઉ ન લેખિયો, સ૦ તેઉ વાઉ ન લેશ. સ૦ ૨

વનસ્પતિ અતિ ઘણ દિહા, સ૦ દીઠો નહિ દીદાર; સ૦
બિ તિ ચઉરિંદિય જલલીહા, સ૦ ગતસન્ની પણ ધાર. સ૦ ૩

સુર તિરિ (૧) નિરય નિવાસમાં, સ૦ મનુજ અનારજ સાથ. સ૦
અપજ્જતા પ્રતિભાસમાં, સ૦ ચતુર ન ચઢિયો હાથ. સ૦ ૪

---

૧ [illegible]

(૧૦) શ્રી શીતલનાથજિન સ્તવન.

(રાગ ધન્યાશ્રી ગોડી.)

શીતલ જિનપતિ-લલિત ત્રિભંગી, વિવિધ ભંગી મન-મોહે રે;
કરૂણા કોમલતા તીક્ષણતા, ઉદાસીનતા સોહે રે. શી૦ ૧
સર્વજંતુ-હિત કરણી કરૂણા, કર્મ-વિદારણ તીક્ષણ રે;
હાનાદાન રહિત પરિણામિ, ઉદાસીનતા વીક્ષણ રે. શી૦ ૨
પર-દુ:ખ છેદન-ઇચ્છા કરૂણા, તીક્ષણ પરદુ:ખ રીઝે રે;
ઉદાસીનતા ઉભય વિલક્ષણ, એક ઠામે કેમ સીઝે ? રે. શી૦ ૩
અભયદાન તિમ લક્ષણ કરૂણા, તીક્ષણતા ગુણ ભાવે રે;
પ્રેરણ વિણ કૃતિ ઉદાસીનતા, ઇમ વિરોધ-મતિ નાવે રે. શી૦ ૪
શક્તિ વ્યક્તિ ત્રિભુવન-પ્રભુતા, નિર્ગ્રંથતા સંયોગે રે;
યોગી ભોગી વક્તા મૌની, અનુપયોગી ઉપયોગે રે. શી૦ ૫
ઇત્યાદિક બહુભંગ ત્રિભંગી, ચમત્કાર ચિત દેતી રે,
અચરજકારી ચિત્ર વિચિત્રા, આનંદઘન પદ લેતી રે. ૬

---

(૧૧) શ્રી શ્રેયાંસજિન સ્તવન.

(રાગ ગોડી-પ્રભાતી.)

શ્રી શ્રેયાંસ જિન અંતરજામી, આતમરામી નામી રે,
અધ્યાતમ મત પૂરણ પામી, સહજ મુગતિગતિ ગામી રે. શ્રી૦ ૧
સયલ સંસારી ઇંદ્રિયરામી, મુનિ ગુણ આતમરામી રે
મુખ્યપણે જે આતમરામી, તે કેવલ નિ:કામી રે. શ્રી૦ ૨
નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તે અધ્યાતમ લહીએ રે
જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહીએ રે. શ્રી૦ ૩

૮

નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે;
ભાવ અધ્યાતમ નિજગુણ સાધે, તો તેહસું રઢ મંડો રે. શ્રી૦ ૪
શબ્દ અધ્યાતમ–અર્થ સુણીને, નિર્વિકલ્પ આદરજો રે;
શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાન ગ્રહણ મતિ ધરજો રે. શ્રી ૫
અધ્યાતમી જે વસ્તુ-વિચારી, બીજા જાણ લબાસી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન–મત વાસી રે. શ્રી૦ ૬

(૧૨) શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન.

(રાગગોડી–પ્રભાતી.)

વાસુપૂજ્ય જિન ત્રિભુવન–સ્વામી, ઘન નામી પરનામી રે,
નિરાકાર સાકાર સચેતન, કરમ કરમ ફલ કામી રે. વા૦ ૧
નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે,
દર્શન જ્ઞાન દુ ભેદ ચેતના, વસ્તુ–ગ્રહણ વ્યાપારો રે વા ૨
કર્ત્તા પરિણામી પરિણામો, કર્મ જે જીવે કરિયે રે,
એક અનેક રૂપ નય–વાદે, નિયતે [1]નર અનુસરિયે રે. વા ૩
સુખદુ:ખ રૂપ કર્મ–ફલ જાણો, નિશ્ચય એક આનંદો રે,
ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિનચંદો રે વા ૪
પરિણામી ચેતન–પરિણામો, જ્ઞાન કરમ–ફલ ભાવીરે.
જ્ઞાન કર્મફલ ચેતન કહીએ, લેજો તેહ મનાવી રે. વા. ૫
આતમ–જ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે,
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન–મત સંગી રે વા. ૬

[1] આત્મા.

(૧૩) શ્રી વિમલનાથ જિન સ્તવન.

(રાગ મારૂ.)

દુઃખ દોહગ દૂરે ટલ્યાંરે, સુખ સંપદશુંરે ભેટ;
ધીંગ ધણી માથે કિયોરે, કોણ ગંજે ? નર ખેટ.
વિમલ જિન ! દીઠા લોયણ આજ, મારા સીધાં વાંછિત કાજ
વિમલ જિન ! દીઠા દરિસણ આજ. ૧

ચરણ કમલ કમલા વસેરે, નિર્મલ થિર પદ દેખ;
સમલ અથિર પદ [૧]પરિહરેરે, પંકજ પામર પેખ. વિ. ૨
મુજ મન તુજ પદ પંકજેરે, લીનો ગુણ મકરંદ;
રંક ગણે મંદર-ધરારે, ઇંદ ચંદ નાગેંદ. વિ. ૩
સાહિબ ! સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર;
મન વિસરામી વાલહો રે, [૨]આતમનો આધાર. વિ. ૪
દરિસણ દીઠે જિન તણે રે, સંશય ન રહે વેધ;
દિનકર-કરભર પસરંતા રે, અંધકાર-પ્રતિષેધ. વિ. ૫
અમિય ભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય. વિ. ૬
એક અરજ સેવક તણી રે, અવધારો જિનદેવ !,
કૃપા કરી મુજ દીજિયે રે, આનંદઘન-પદ સેવ. વિ. ૭

---

(૧૪) શ્રી અનંતનાથ જિન સ્તવન.

(રાગ રામગિરી કડખો.)

ધાર તરવારની સોહિલી દોહિલી,
ચૌદમા જિન તણી ચરણ-સેવા,

૧ પરિહરે-ત્યજે છે. ૨ [illegible]

ધાર પર નાચતા દેખ બાજીગરા,
સેવના ધાર પર રહે ન દેવા. ધાર. ૧
એક કહે સેવિયે વિવિધ કરિયા કરી,
ફલ અનેકાંત લોચન ન દેખે;
ફલ અનેકાંત કિરિયા કરી બાપડા,
રડવડે ચાર ગતિ માંહે લેખે, ધાર. ૨
ગચ્છના ભેદ બહુ નયણે નિહાલતાં,
તત્ત્વની વાત કરતા ન લાજે;
ઉદર ભરણાદિ નિજ કાજ કરતા થકા,
મોહ નડિયા કલિકાલ રાજે. ધાર. ૩
વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફલ,
સાંભલી આદરી કાંઇ રાચો ? ધાર. ૪
દેવગુરૂ ધર્મની શુદ્ધિ કહો કેમ રહે ?
કેમ રહે ? શુદ્ધ શ્રદ્ધાન આણો;
શુદ્ધ શ્રદ્ધાન વિણુ સર્વ કિરિયા કરી,
છાર પર લીંપણું તેહ જાણો ધાર ૫
પાપ નહિં કોઇ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો,
ધર્મ નહિ કોઈ જગ સૂત્ર સરિખો,
સૂત્ર અનુસાર જે ભવિક કિયા કરે,
તેહનું શુદ્ધ ચારિત્ર પરખો ધાર ૬
એહ ઉપદેશનો સાર સંક્ષેપથી
જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે,
તે નરા દિવ્ય બહુકાલ સુખ અનુભવી,
નિયત આનંદ ઘન રાજ પાવે. ધાર ૭

(૧૫) શ્રીધર્મનાથ જિન સ્તવન.

(રાગ ગોડી રસિયાની દેશી.)

ધર્મ જિનેશ્વર–ગાઉં રંગસું, ભંગ મ પડશો હો પ્રીત; જિનેશ્વર.
બીજો મન મંદિર આણું નહિ, એ અમ કુલવટ રીત. જિ. ધ. ૧
ધર્મ ધર્મ કરતો જગ સહુ ફરે, ધર્મ–ન જાણે હો મર્મ; જિ.
ધર્મ જિનેશ્વર–ચરણ ગ્રહ્યા પછી, કોઇ ન બાંધે હો કર્મ. જિ. ધ. ૨
પ્રવચન અંજન જો સદગુરૂ કરે, દેખે પરમ નિધાન; જિ.
હૃદય નયણ નિહાલે જગધણી, મહિમા મેરૂ સમાન. જિ. ધ. ૩
દોડત દોડત દોડત દોડિયો, જેતી મનની રે દોડ; જિ.
પ્રેમ–પ્રતીત વિચારો હુકડી, ગુરૂગમ લેજો રે જોડ. જિ. ધ. ૪
એક પખી પ્રીતિ કેમ ૧પરવડે ?, ઉભય મિલ્યા હોય સંધિ; જિ.
હું રાગી હું મોહે ફંદિયો, તું નીરાગી નિર્બંધ. જિ. ધ. ૫
પરમ નિધાન પ્રગટ મુખ આગલે, જગત ઓલંઘી જાય; જિ.
જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધો અંધ પલાય, જિ. ધ. ૬
નિર્મલ ગુણ મણિ–રોહણ ભૂધરા, મુનિજન માનસ હંસ; જિ.
ધન્ય ! તે નગરી ધન્ય ! વેલા ઘડી, માત પિતા કુલવંશ. જિ. ધ. ૭
મન મધુકર વર કરજોડી કહે, પદકજ નિકટ નિવાસ; જિ.
ઘનનામી આનંદઘન ! સાંભળો, એ સેવક અરદાસ. જિ. ધ ૮

---

(૧૬) શ્રી શાંતિનાથ જિન સ્તવન.

([illegible])

શાંતિ જિન ! એક મુજ વીનતી, સુણો ત્રિભુવન રાય ! રે.
શાંતિ સ્વરૂપ કેમ જાણીયે ?, કહો મન કેમ પરખાય ! રે. શાં. ૧

૧ [illegible]

ધન્ય ! તું આતમ જેહને, એહવો પ્રશ્ન-અવકાશ રે;
ધીરજ મન ધરી સાંભલો, કહું શાંતિ [1] પ્રતિભાસ રે. શાં. ૨
ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે, કહ્યા જિનવર દેવ રે;
તે તેમ [2] અવિતથ્થ સદ્દહે, પ્રથમ એ શાંતિપદ-સેવ રે. શાં ૩
આગમધર ગુરૂ સમકિતી, કિરિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવાધાર રે. શાં. ૪
શુદ્ધ આલંબન આદરી, તજી અવર જંજાલ રે;
તામસી વૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્ત્વિક સાલરે. શાં. ૫
ફલ વિસંવાદ જેહમાં નહીં, શબ્દ તે અર્થ સબંધી રે,
સકલ નયવાદ વ્યાપી રહ્યો, તે શિવ સાધન સંધી રે. શાં. ૬
વિધિ પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધ રે;
ગ્રહણ વિધિ મહાજને પરિગ્રહ્યો, ઇસ્યો આગમે બોધ રે. શાં. ૭
દુષ્ટજન-સંગતિ પરિહરી, ભજે સુગુરૂ-સંતાન રે;
જોગ સામર્થ્ય ચિત ભાવથી, ધરે મુક્તિ નિદાન રે. શાં. ૮
માન અપમાન ચિત્ત સમગણે, સમગણે કનક પાષાણ રે;
વંદક નિંદક-સમગણે, ઇસ્યો હોય તું જાણ રે. શાં. ૯
સર્વ જગ જંતુને સમગણે, (સમ)ગણે તૃણમણિ ભાવ રે;
મુક્તિ સંસાર બેહુ સમગણે, મુણે ભવ જલ નિધિ નાવ રે. શાં ૧
આપણો આતમ ભાવજે, એક ચેતનાધારરે;
અવર સવી સાથ સંયોગથી, એ નિજ પરિકર સારરે શાં. ૧૧
પ્રભુ મુખથી એમ સાંભલી, કહે આનમરામ રે,
તાહરે દરિસણે નિસ્તર્યો, મુજ સીધા સવી કામ રે. શાં. ૧૨
અહો ! અહો ! હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે;
અમિત ફલ દાન-દાતારની, જેહની ભેટ થઇ તુજ રે. શાં. ૧૩

૧ સ્વરૂપ ૨ પાઠાંતર-અહાનથ.

શાંતિ-સ્વરૂપ સંક્ષેપથી, કહ્યો નિજ પર રૂપ રે;
આગમ માંહે વિસ્તર ઘણો, કહ્યો શાંતિ જિન ભૂપ રે. શાં. ૧૪
શાંતિ-સ્વરૂપ એમ ભાવસે, ધરી શુદ્ધ પ્રણિધાન રે;
આનંદઘન-પદ પામસે, તે લહેશે બહુમાન રે. શાં. ૧૫

(૧૭) શ્રી કુંથુનાથ જિન સ્તવન.

(રાગ રામકલી.)

હો કુંથુજિન! મનડું કિમહિં ન બાઝે, હો કુંથુજિન! મ૦;
જિમજિમ જતન કરીને રાખું, તિમતિમ અલગું ભાજે હો, કું. ૧
રજની વાસર વસતી ઉજડ, ગયણ પાયાલે જાય;
સાપ ખાયે ને મુખડું થોથું, એહ ઉખાણો ન્યાય હો. કું. ૨
મુક્તિ તણા અભિલાષી તપિયા, જ્ઞાનને ધ્યાન અભ્યાસે;
વયરીડું કાંઈ એહવું ચિંતે, નાખે અવળે પાસે હો. કું. ૩
આગમ આગમધરને હાથે, નાવે કિણ વિધ આંકું;
કિહાં કણે જો હઠ કરી હટકું, તો વ્યાલ તણી પરે વાંકું હો. કું. ૪
જો ઠગ કહું તો ઠગતો ન દેખું, શાહુકાર પણ નાંહિ;
સર્વ માંહે ને સહુથી અલગું, એ અચરજ મન માંહિ હો. કું. ૫
જે જે કહું તે કાન ન ધરે, આપ મતે રહે કાલો,
સુર નર પંડિતજન સમજાવે, સમજે ન માહરો સાલો હો. કું. ૬
મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકલ મરદને ઠેલે;
બીજી વાતે સમરથ છે નર, એહને કોઈ ન ઝેલે હો. કું. ૭
મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહિ ખોટી;
એમ કહે સાધ્યું તે નવિ માનું, એ કહી વાત છે મોટી હો. કું. ૮

[illegible]

(૧૯) શ્રી મલ્લિનાથ જિનસ્તવન.

(રાગ કાફી.)

સેવક કેમ અવગણિયે ? હો મલ્લિજિન ! એ અબ શોભા સારી;
અવર જેહને આદર અતિ દિયે, તેહને મૂલ નિવારી. હોમ. ૧
જ્ઞાન સ્વરૂપ અનાદિ તમારું, તેહ લીધું તમે તાણી.
જુવો અજ્ઞાન દશા રીસાણી, જાતાં કાણ ન આણી. હોમ. ૨
નિદ્રા સુપન જાગર ઉજાગરતા; તુરિય અવસ્થા આવી;
નિદ્રા સુપન દશા રીસાણી, જાણી ન નાથ ! મનાવી. હોમ. ૩
સમકિત સાથે સગાઇ કીધી, સપરિવાર શું ગાઢી;
મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બાહિર કાઢી. હોમ. ૪
હાસ્ય રતિ અરતિ શોક દુગંછા, ભય પામર [1]કરસાલી;
નો કષાય શ્રેણિ ગજ ચઢતાં, શ્વાન તણી ગતિ ઝાલી. હોમ. ૫
રાગ દ્વેષ અવિરતિની પરિણતિ, એ ચરણ મોહના યોધા;
વીતરાગ પરિણતિ પરિણમતાં, ઉઠી નાઠા [2]અબોધા. હોમ. ૬
વેદોદય કામા પરિણામા, કામ્યક રસ સહુ ત્યાગી;
નિઃકામી કરૂણારસ-સાગર, અનંત ચતુષ્ક પદ પાગી. હોમ. ૭
દાન વિઘન-વારી સહુ જનને, અભયદાન પદ દાતા;
લાભ વિઘન જગ વિઘન-નિવારક, પરમ લાભ રસ માતા. હોમ. ૮
વીર્ય વિઘન પંડિત વીર્યે હણી, પૂરણ પદવી યોગી.
ભોગોપભોગ દોય વિઘન નિવારી, પૂરણ ભોગ સુભોગી. હોમ. ૯
એ અઢાર દૂષણ વર્જિત તનુ, મુનિજન વૃંદે ગાયા;
અવિરતિ રૂપક દોષ નિરૂપણ, નિર્દૂષણ મન ભાયા. હોમ. ૧૦
ઇણ વિધ પરખી મન વિસરામી, જિનવર ગુણ જે ગાવે.
દીનબંધુની મહેર નજરથી, આનંદઘન પદ પાવે. હોમ. ૧૧

[illegible]

(૨૦) શ્રી મુનિસુવ્રત જિન સ્તવન.

(રાગ કાફી.)

આતમ તત્ત્વ કયું જાણ્યું ? જગતગુરૂ !, એ વિચાર મુજ કહિયો;
આતમ તત્ત્વ જાણ્યા વિણુ નિર્મલ ચિત્ત-સમાધિ નવિ લહિયો.
મુનિ સુવ્રત જિનરાજ ! એક મુજ વીનતી નિસુણો. ૧
કોઇ અબંધ આતમતત[1] માને, કિરિયા કરતો દીસે;
ક્રિયા તણું ફલ કહો કોણ ભોગવે ?, એમ પૂછયું ચિત્ત રીસે. મુ. ૨
જડ ચેતન એ આતમ એકજ, સ્થાવર જંગમ સરિખો;
સુખ દુ:ખ શંકર દૂષણ આવે, ચિત્ત વિચારીજો પરિખો. મુ. ૩
એક કહે નિત્યજ આતમ તત, આતમ દરસણ લીનો;
કૃત વિનાશ અકૃતાગમ દૂષણ, નવિ દેખે મતિ હીણો. મુ. ૪
સૌગત મતરાગી કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો;
બંધ મોક્ષ સુખ દુ:ખ નવિ ઘટે, એહ વિચાર મન આણો. મુ. ૫
ભૂત ચતુષ્ક વર્જિત આતમ તત, સત્તા અલગી ન ઘટે;
અંધ શકટ જો નજરે ન દેખે, તો શું કીજે શકટે ?. મુ. ૬
એમ અનેક વાદી મત-વિભ્રમ, સંકટ પડિયો ન લહે,
ચિત્ત-સમાધિ તે માટે પૂછું, તુમ વિણુ તત કોઇ ન કહે. મુ ૭
વલતું જગગુરૂ ઇણિપરે ભાંખે, પક્ષપાત સવી છ ડી;
રાગ દ્વેષ મોહ પખ વર્જિત, આતમસું રઢ મંડી. મુ. ૮
આતમ-ધ્યાન કરે જો કોઉ, સો ફિર ઇણમેં નાવે,
વાગ્જાલ બીજું સહુ જાણે, એ તત્ત્વ ચિત્ત ચાવે મુ ૯
જેણે વિવેક ધરી એ પખ ગ્રહિયો, તે તત જ્ઞાની કહિયે.
શ્રી મુનિ સુવ્રત ! કૃપા કરો તો, આનંદઘન પદ લહિયે મુ ૧૦

---

૧. તત્ત્વ.

(૨૧) શ્રી નેમિનાથ જિન સ્તવન.

(રાગ આશાવરી.)

ખટ્ દર્શન જિન-અંગ ભણી જે, ન્યાસ ષડંગ જે સાધે રે;
નમિ જિનવરના ચરણ ઉપાસક, ખટ્ દર્શન આરાધે રે ખ. ૧
જિન સુર પાદપ પાય [1]વખાણ્યા, સાંખ્ય જોગ દોય ભેદે રે;
આતમ સત્તા વિવરણ કરતા, લહો દુગ અંગ અખેદે રે. ખ. ૨
ભેદ અભેદ સુગત મિમાંસક, જિનવર દોય કર ભારી રે;
લોકાલોક અવલંબન ભજિયે, ગુરૂગમથી અવધારી રે. ખ. ૩
લોકાયતિક કુંખ જિનવરની, અંશ-વિચાર જો કીજે રે;
તત્ત્વ વિચાર સુધારસ ધારા, ગુરૂગમ વિણુ કેમ પીજે? રે. ખ. ૪
જૈન જિનેશ્વર વર ઉત્તમાંગ, અંતરગ બહિરંગે રે;
અક્ષર ન્યાસ ધરા આરાધક, આરાધે ધરી સંગે રે. ખ. ૫
જિનવરમાં સઘલા દર્શન છે, દર્શને જિનવર-ભજના રે.
સાગરમાં સઘલી તટિની સહી, તટિનીમાં સાગર ભજના[2] રે. ખ. ૬
જિન સ્વરૂપ થઈ જિન-આરાધે, તે સહી જિનવર હોવે રે,
ભૃંગી ઇલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે. ખ. ૭
ચૂરણિ ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ, વૃત્તિ પરંપર-અનુભવ રે,
સમય પુરૂષના અંગ કહ્યા એ, જે છેદે તે દુરભવ રે. ખ. ૮
મુદ્રા બીજ ધારણા અક્ષર,-ન્યાસ અરથ વિનિયોગે રે,
જે ધ્યાવે તે નવી વંચિજે, ક્રિયા અવંચક ભોગે રે ખ. ૯
શ્રુત અનુસાર વિચારી બોલું, સુગુરૂ તથાવિધ ન મિલે રે,
કિરિયા કરી નવી સાધી શકીયે, એ વિખવાદ ચિત્ત સઘલે રે. ખ. ૧૦

૧ [illegible] ૨ [illegible]

(૨૦) શ્રી મુનિસુવ્રત જિન સ્તવન.

(રાગ કાફી.)

આતમ તત્ત્વ કયું જાણ્યું ? જગતગુરૂ !, એ વિચાર મુજ કહિયો;
આતમ તત્ત્વ જાણ્યા વિણુ નિર્મલ ચિત્ત–સમાધિ નવિ લહિયો.
મુનિ સુવ્રત જિનરાજ ! એક મુજ વીનતી નિસુણો. ૧
કોઇ અબંધ આતમતત[1] માને, કિરિયા કરતો દીસે;
ક્રિયા તણું ફલ કહો કોણુ ભોગવે ?, એમ પૂછયું ચિત્ત રીસે. મુ. ૨
જડ ચેતન એ આતમ એકજ, સ્થાવર જંગમ સરિખો;
સુખ દુઃખ શંકર દૂષણુ આવે, ચિત્ત વિચારીજો પરિખો. મુ. ૩
એક કહે નિત્યજ આતમ તત. આતમ દરસણુ લીનો;
કૃત વિનાશ અકૃતાગમ દૂષણુ, નવિ દેખે મતિ હીણો. મુ. ૪
સૌગત મતરાગી કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો;
બંધ મોક્ષ સુખ દુઃખ નવિ ઘટે, એહ વિચાર મન આણો. મુ. ૫
ભૂત ચતુષ્ક વર્જિત આતમ તત, સત્તા અલગી ન ઘટે;
અંધ શકટ જો નજરે ન દેખે, તો શું કીજે શકટે ?. મુ. ૬
એમ અનેક વાદી મત–વિભ્રમ, સંકટ પડિયો ન લહે;
ચિત્ત–સમાધિ તે માટે પૂછું, તુમ વિણુ તત કોઇ ન કહે. મુ. ૭
વલતું જગગુરૂ ઇણિપરે ભાંખે, પક્ષપાત સવી છંડી;
રાગ દ્વેષ મોહ પખ વર્જિત, આતમસું રઢ મંડી. મુ. ૮
આતમ–ધ્યાન કરે જો કોઉ, સો ફિર ઇણુમેં નાવે;
વાગ્જાલ બીજુ સહુ જાણે, એ તત્ત્વ ચિત્ત ચાવે. મુ. ૯
જેણે વિવેક ધરી એ પખ ગ્રહિયો, તે તત જ્ઞાની કહિયે;
શ્રી મુનિ સુવ્રત ! કૃપા કરો તો, આનંદઘન પદ લહિયે. મુ. ૧૦

---

1 તત્વ.

(૨૧) શ્રી નેમિનાથ જિન સ્તવન.

(રાગ આશાવરી.)

ષટ્ દર્શન જિન-અંગ ભણી જે, ન્યાસ ષડંગ જે સાધે રે;
નમિ જિનવરના ચરણ ઉપાસક, ષટ્ દર્શન આરાધે રે ષ. ૧
જિન સુર પાદપ પાય [1]વખાણો, સાંખ્ય જોગ દોય ભેદે રે;
આતમ સત્તા વિવરણ કરતા, લહો દુગ અંગ અખેદે રે. ષ. ૨
ભેદ અભેદ સુગત મિમાંસક, જિનવર દોય કર ભારી રે;
લોકાલોક અવલંબન ભજિયે, ગુરુગમથી અવધારી રે. ષ. ૩
લોકાયતિક કૂખ જિનવરની, અંશ-વિચાર જો કીજે રે;
તત્ત્વ વિચાર સુધારસ ધારા, ગુરુગમ વિણ કેમ પીજે? રે. ષ. ૪
જૈન જિનેશ્વર વર ઉત્તમાંગ, અંતરંગ બહિરંગે રે;
અક્ષર ન્યાસ ધરા આરાધક, આરાધે ધરી સંગે રે. ષ. ૫
જિનવરમાં સઘલાં દર્શન છે, દર્શને જિનવર-ભજના રે.
સાગરમાં સઘલી તટિની સહી, તટિનીમાં સાગર-ભજના[2] રે. ષ. ૬
જિન સ્વરૂપ થઈ જિન-આરાધે, તે સહી જિનવર હોવે રે;
ભૃંગી ઇલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે. ષ. ૭
ચૂરણિ ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ, વૃત્તિ પરંપર-અનુભવ રે,
સમય પુરુષના અંગ કહ્યાં એ, જે છેદે તે દુરભવ રે. ષ. ૮
મુદ્રા બીજ ધારણા અક્ષર,—ન્યાસ અર્થ વિનિયોગે રે;
જે ધ્યાવે તે નવી વંચિજે, ક્રિયા અવંચક ભોગે રે. ષ. ૯
શ્રુત અનુસાર વિચારી બોલું, સુગુરુ તથાવિધ ન મિલે રે,
કિરિયા કરી નવી સાધી શકિયે, એ વિખવાદ ચિત્ત સઘલે રે. ષ. ૧૦

૧ [illegible] ૨ [illegible]

તે માટે ઉભો કરજોડી, જિનવર આગલ કહીએ રે;
સમય ચરણ-સેવા શુદ્ધ દેજો, જેમ આનંદઘન લઈએ રે. ઋ૦ ૧૧

(૨૨) શ્રી નેમીશ્વર જિન સ્તવન.

(રાગ મારૂણી. ધરણાદોલા. એ દેશી.)

અષ્ટ ભવાંતર વાલહો રે, તું મુજ આતમ રામ; મનરા રે વાલ્હા
મુક્તિ સ્ત્રી શું આપણે રે, સગપણ કોઇ ન કામ. મનરા૦ ૧
ઘર આવો હો વાલિમ! ઘર આવો, મારી આશાના વિશ્રામ, મ૦
રથ ફેરો હો સાજન! રથ ફેરો, સાજન! મારા મનોરથ-સાથ. મ૦ ૨
નારી પખો શ્યો નેહલો ? રે, સાચ [1]કહું જગ-નાથ !, મ૦
ઈશ્વરે અર્ધાંગે ધરી રે, તું મુજ ઝાલે ન હાથ !. મ૦ ૩
પશુજનની કરૂણા કરી રે, આણી હૃદય વિચાર; મ૦
માણસની કરૂણા નહિ ! રે, એ કુણ ઘર-આચાર ?. મ૦ ૪
પ્રેમ કલ્પતરૂ છેદિયો રે, ધરિયો યોગ ધતૂર; મ૦
એ ચતુરાઇરો કુણ કહો રે, ગુરૂ મલિયો જગ સૂર. મ૦ ૫
મારૂં તો એમાં કંઈ નહિં રે, આપ વિચારો રાજ !; મ૦
રાજ સભામાં બેસતા રે, કિસરી વધશી લાજ ?. મ૦ ૬
પ્રેમ કરે જગ જન સહુ રે, નિરવાહે તે ઓર; મ૦
પ્રીતિ કરીને છોડી દે રે, તે શું ન ચાલે જોર. મ૦ ૭
જો મનમાં એવું હતું રે, નિસપતિ કરત ન જાણ; મ૦
નિસપતિ કરીને છોડતાં રે, માણસ હુવે નુકસાન. મ૦ ૮
દેતા દાન સંવત્સરી રે, સહુ લહે વંછિત પોષ; મ૦
સેવક વંછિત નવી લહે રે, તે સેવકનો દોષ. મ૦ ૯

1 પાઠાંતર-કહે.

સખી કહે એ શામળો રે, હું કહું લક્ષણ સેત; મ૰
ઈણ લક્ષણે સાચી સખી રે, આપ વિચારો હેત. મ૰ ૧૦
રાગી શું રાગી સહુ રે, વૈરાગી (થી) શ્યો રાગ ? મ૰
રાગ વિના કેમ દાખવો ? રે, મુગતિ સુંદરી-માગ. મ૰ ૧૧
*એહ શુદ્ધ ઘટતું નથી રે, સઘળો જાણે લોગ; મ૰
અનેકાંતિક ભોગવો રે, બ્રહ્મચારી ગતરોગ, મ૰ ૧૨
જિણ જોગી[1] તમને જોઉં રે, તિણ જોગી જુવો રાજ !; મ૰
એકવાર મુજને જુવો રે, તો સીજે મુજ કાજ. મ૰ ૧૩
મોહ-દશા ધરી ભાવના રે, ચિત્ત લહે તત્ત્વ વિચાર; મ૰
વીતરાગતા આદરી રે, પ્રાણનાથ ! નિરધાર. મ૰ ૧૪
સેવક પણ તે આદરે રે, તો રહે સેવક-મામ[2]; મ૰
આશય સાથે ચાલિયે રે, એહી જ રૂડું કામ. મ૰ ૧૫
ત્રિવિધ યોગ ધરી આદર્યોરે, નેમનાથ ભરતાર. મ૰
ધારણ પોષણ તારણોરે, નવરસ મુક્તાહાર. મ૰ ૧૬
કારણરૂપી પ્રભુ ભજ્યોરે, ગણ્યો ન કાજ અકાજ; મ૰
કૃપા કરી મુજ દીજીએરે, આનંદઘનપદ-રાજ. મ૰ ૧૭

---

(૨૩) શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન.

(રાગ સારંગ રસીયાની)

ધ્રુવપદ રામી હો સ્વામી માહરા, નિઃકામી ગુણરાય સુજ્ઞાની.
નિજ ગુણ કામી હો પામી તું ધણી, ધ્રુવ આરામી હો થાય સુ. ધ્રુ. ૧
સર્વ વ્યાપી કહે સર્વ જાણગપણે, પર પરિણમન સ્વરૂપ. સુ
પરરૂપે કરી તત્ત્વપણું નહિ, સ્વસત્તા ચિદ્રૂપ સુ. ધ્રુ. ૨
જ્ઞેય વિનાશે હો જ્ઞાન વિનશ્વરુ, કાળ પ્રમાણે રે થાય સુ.
સ્વકાળે કરી સ્વસત્તા સદા તે પર રીતે ન જાય સુ. ધ્રુ. ૩

[illegible]

અધ્યાત્મયોગી શ્રીમાન્ આનંદઘનજી મહારાજ કૃત.

×પાંચ સમિતિની ઢાલો.

દોહરો.

પંચ મહાવ્રત આદરી, આતમ કરો વિચાર;
અહો મુજ પ્રત્યક્ષ થયો, ધન્ય ! ધન્ય ! અવતાર. ૧

ઢાલ ૧ લી. (ચિત્રોડ રાજાએ. એ દેશી.)

વિનંની અવધારીરે, ઇરિયાયેં ચાલો રે;
શક્તિ સંભાલો આતમ સ્વભાવની રે. ૧

ઇરિયા ને કહીએરે, સુમતિશું ભેટ લહિયે રે;
છૂટ નવ વાલી કુમતિ–સંગથી રે ૨

દ્રવ્યથી ષટ્ કાયરે, હિંસાભાવ નિવાર રે;
સ્નેહ નવી ઉપજે હવે પર પ્રાણને રે. ૩

મુનિ ! મારગ ચાલોરે, દ્રવ્ય ભાવશું મ્હાલો રે;
આતમને અજવાળો ભવ સ્વ માહતી રે ૪

એમ સુમતિ ગુણ પામીરે, પરભાવને વામી રે;
કહે હવે સ્વામી આનંદઘન તે ધરો રે. ૫

× [illegible]

ઢાલ ૨ જી. (અહો ગુણવંતાજી. એ દેશી.)

બીજી સમિતિ સાંભલો, જયવંતાજી ભાષાદી ઇર્યુનામ રે; ગુણવંતાજી
ભાંખે ભાષણ સ્વરૂપનું, જ૦ રૂપિ પદારથ ત્યાગ રે ગુ૦ ૧
નિજ સ્વરૂપ રમણે રહ્યા, જ૦ નવી પરનો પ્રચાર રે; ગુ૦
ભાષા સમિતિથી સુખ થયું, જ૦ તે જાણે મુનિરાય રે. ગુ૦ ૨
જ્ઞાનવંત નિજ જ્ઞાનથી, જ૦ અનુભવ ભાવક થાય રે, ગુ૦
હવે દ્રવ્યથી પણ મહામુનિ, જ૦ સાવદ્ય વચનનો ત્યાગ રે. ગુ. ૩
સાવદ્યે વિરમ્યા જે મુનિ, જ૦ તે કહીએ મહાભાગ્ય રે; ગુ૦
ભાષા સમિતિ સ્વભાવથી, જ૦ સ્વપર વિવેચન થાય રે. ગુ૦ ૪
પર-ભાષણ-દૂરે કરી; જ૦ નિજ સ્વરૂપને ભાસ રે; ગુ૦
આનંદઘન-પદ તે લહે, જ૦ આત્મ-ઋદ્ધિ-ઉલ્લાસ રે. ગુ૦ ૫

ઢાલ ૩ જી. (રાગ બંગાલો. રાજા નહિ નમે.)

ત્રીજી સમિતિ એષણા નામ, તેણે દીઠો આનંદઘન સ્વામ;
ચેતન ! સાભલો.
જગ દીઠો આનંદઘન વીર, સહજ સ્વભાવે થયો છે ધીર; ચે. ૧
વીર થઇ અરિ-પૂઠ ધાય, અરિ હનો તે નાઠો જાય ગયો આમરો
વીરને સન્મુખ કોઇ ન થાય, રત્નત્રય નું મળવા જાય. ચે ૨
અરિ-બલહવે નથી કાંઇ રેસ, નિજ સ્વભાવમાં મ્હાલ્યો વિશેષ. ચે.
નિરખણ લાગો નિજ ઘરમાંય, નવ વિસામો લીધો ત્યાંય ચે ૩
હવે પરઘરમાં કદીય ન જાઉં, પરને સન્મુખ કદીય ન થાઉં. ચે
એમ વિચારી થયો ઘર-રાય, તવ પર પરિણતિ રોતી જાય ચે ૪
મુનિવર કરૂણા રસ-ભંડાર, દોષ રહિત લે છે આહાર ચે
દ્રવ્ય થકી ચાલે છે એમ, પર પરિણતિનો છાંડ્યો નેમ ચે ૫

દ્રવ્ય ભાવશું જે મુનિરાય સમિતિ સ્વભાવમાં ચાલ્યા જાય. ચે.
આનંદઘન પ્રભુ કહીએ તેહ, દુષ્ટ વિભાવને દીધો છેહ. ચે. ૬

ઢાલ ૪ થી. (જગતગુરૂ હીરજી રે. એ દેશી.)

ચોથી સમિતિ આદરો રે, આદાન નિખેવણા નામ;
આદાનને જે આદર કરે રે, નિજ સ્વરૂપને તેમ.—
સ્વરૂપ ગુણ ધારજો રે, ધારજો અક્ષય અનંત
ભવિક ! દુઃખ વારજો રે. ૧

નિખેવણા તે નિવારવું રે, પર વસ્તુ વલી જેહ;
તેહ થકી ચિત્ત વાલવું રે, કરવા ધર્મશું નેહ. સ્વ. ૨
ધર્મનેહ જબ જાગિયો રે, નવ આનંદ જણાય;
પ્રગટ્યો સ્વરૂપ વિષે હવે રે, ધ્યાતા તે ધ્યેય થાય. સ્વ. ૩
અજ્ઞાન વ્યાધિ નસાડવા રે, જ્ઞાન સુધારસ જેહ;
આસ્વાદન હવે મુનિ કરે રે, તૃપ્તિ ન પામે તેહ. સ્વ. ૪
સ્વરૂપમાં જે મુનિવરા રે, સમિતિશું ધરે સનેહ;
સુગતિ-સ્વરૂપ પ્રગટાવીને રે, દીધો કુગતિને છેહ. સ્વ. ૫
કાલ અનાદિ અનંતનો રે, હતો અસંગનો ભાવ;
તે પર પુદ્ગલથી હવે રે, વિરક્ત થયો સ્વભાવ. સ્વ. ૬
દ્રવ્ય ભાવ રોય જોડથી રે, મુનિવર ! સમિતિ-ધાર,
આનંદઘન પદ-સાધક રે, તે મુનિ ગુણ-ભંડાર. સ્વ. ૭

ઢાલ ૫ મી. ([illegible] એ દેશી)

સમિતિ પંચમી મુનિવર આદરો રે,
ઉચ્ચારાદિક પરિહાર રે. સ્વ. [illegible]

સુનિ માર્ગ રૂડી પરે સાધજો રે,
પર છોડીને નિજ સંભાર રે. સુ ૧
પારિઠાવણિયા નામ વલી જે કહું રે,
તે તો પરિહરવો પર ભાવ રે. સુ.
આદર કરવો નિજ સ્વભાવનો રે,
એ તો અકલ સ્વભાવ કહેવાય રે. સુ ૨
પર પુદ્ગલ મુનિ પરઠવે રે,
વિચાર કરી ઘટમાંય રે, સુ
લોક સંજ્ઞાને જે મુનિ પરિહરે રે,
ગતિ ચાર પછે વોસરાય રે. સુ. ૩
અનાદિનો સંગ વલી જે હતો રે,
તેનો હવે કરે મુનિ ત્યાગ રે, સુ
વિકલ્પ ને સંકલ્પ ટાલવા રે,
વલી જે થયા ઉજમાલ રે સુ ૪
અનાચીર્ણ મુનિ પરઠવે રે,
તે જાણીને અનાચાર રે સુ
આચારને વલી મુનિ આદરે રે,
કર્ત્તા કાર્ય સ્વરૂપી થાય રે. સુ ૫
ષટ્ દ્રવ્યનો જાણપણું કહ્યુ રે,
તે જે જાણે આપ સ્વભાવ રે, સુ
સ્વભાવનો કર્ત્તા વલી જે થયો રે,
તે તો અનવગાહી કહેવાય રે સુ ૬
સુમતિસું હવે મુનિ મ્હાલતા રે,
ચાલતા સમિતિ સ્વભાવ રે, સુ

કુમતિથી દષ્ટિ નહિ જોડતા રે,
વલી તોડતા જે વિભાવ રે. સુ૦ ૭

પર પરિણતિ કહે સુણ સાહેબા રે,
તમે મુજને મુકી કેમ ? રે; સુ૦
કહો મુનિ ! કવણ અપરાધથી રે,
તમે મુજને છોડી એમ રે. સુ૦ ૮

મેં મારો સ્વભાવ નથી છોડિયો રે,
નથી આદર્યો કોઇ વિભાવ રે; સુ૦
પંચરંગી માહરૂં સ્વરૂપ છે રે,
તેને આદરૂં હું સદા કાલ રે. સુ૦ ૯

વર્ણ ગંધ રસાદિ છોડું નહિ રે,
તો શ્યો અવગુણ કહેવાય ? રે; સુ૦
કદી અવર સ્વભાવ ન આદરૂં રે,
સડણ પડણ વિધ્વંસન ન છંડાય રે. સુ૦ ૧૦

સિદ્ધ જીવથી અનંત ગુણ કહ્યા રે,
મારા ઘરમાં જે ચેતનરાય રે, સુ૦
તે સઘલા મારે વશ થઇ રહ્યા રે,
તમથી છોડીને કેમ જવાય ? રે. સુ૦ ૧૧

તવ મુનિવર કહે કુમતિ ! સુણો રે,
તારૂં સ્વરૂપ જાણ્યું અમે આજ રે. સુ૦
તારા સ્વરૂપમાં ભિન્ન છું [illegible] રે,
મારા સ્વરૂપમાં [illegible] હું [illegible] રે સુ૦ ૧૨
મારૂં સ્વરૂપ [illegible] રે
[illegible] રે. સુ૦

જડપણું પ્રગટ મેં જાણિયું રે,
તું તો પર પુદ્‌ગલમાં સમાય રે. સુ૦ ૧૯

તેનો વિવરો પ્રગટ હવે સાંભલો રે,
સંસાર સમુદ્ર અથાહ રે; સુ૦
તૃષ્ણા રૂપ જલ તે મધ્યે ઘણું રે,
પણ પીધે તૃપતિ ન થાય રે. સુ૦ ૨૦

તે સમુદ્રનો અધિષ્ટાયક વલી રે,
તે તો નામે મોહ ભૂપાલ રે; સુ૦
તેના પ્રધાન વલી પંચ છે રે,
તે તલે [૧] ત્રેવીશ છડીદાર છે રે. સુ૦ ૨૧


રાજ્યધાની ત્રેવીશ જણને આસરી રે,
તેની ખબર રાખે તે પંચ રે; સુ૦
રાજ્યધાની એવી તે મેલવી રે,
ધર્મરાયનું લૂટે ધન-સંચ રે. સુ૦ ૨૨

આઠાધર્મી જે એને આદરે રે,
તેને બોલાવે તે છડીદાર રે, સુ૦
વશ કરી સોંપે મોહરાયને રે,
મોહ કરાવે પ્રકાર-પ્રકાર રે. સુ૦ ૨૩

તેથી જાય નરક નિગોદમાં રે,
તિહાં કાલ અનાદિ ગમાય રે, સુ૦
ઈહ ધર્મી કોઈક વલી ચઢે રે,
તેહને દીધા હાથ ન જાય રે. સુ૦ ૨૪

૧ સેવક, હાથ નીચે.

પ્રમાદીને મોહ પીડે ઘણું રે,
અપ્રમાદી ઘરે નવી જાય રે; સુ૦
તેણે પંચ મહાવ્રત આદર્યા રે,
છોડ્યા સર્વ અનાચાર રે. સુ૦ ૨૫
આચારથી હું હવે નવી ચલું રે,
સુણ મુજ ચિત્તના અભિપ્રાય રે; સુ૦
કુમતિજી! કહું તમને એટલું રે,
મારા સધર્મી છે અનંત કાય રે. સુ૦ ૨૬
તે સર્વને દાસપણું દીઓ રે,
તે સાલે છે મુજ ચિત્તમાંય રે; સુ૦
શું કીજે? પૂંઠ તે નવી ફેરવે રે,
તો પણ મુજને દયા થાય રે. સુ૦ ૨૭
તેથી દેશના બહુ વિધ કરૂં રે,
જિહાં ચાલે મારો પ્રયાસ રે; સુ૦
ચેતનજીને બહુપરે પ્રીછવું રે,
તેને બતાવું સ્થિર વાસ રે. સુ૦ ૨૮
તે તો તારે વશ ફરી ન હોવે રે,
તને વોસરાવી શિવ થાય રે; સુ૦
ધર્મરાયની આણને અનુસરે રે,
તે તો આનંદઘન મહારાય રે. સુ૦



શ્રીમાન્ જ્ઞાનવિમલસૂરિ કૃત પાંચ વ્યવહારની ઢા

(એ દીઠી હિંદ ગખી. એ દેશી.)

શ્રી જીનવરદેવે ભવિ હેને, સુગતિ તણો પથ દાખ્યો,
જ્ઞાન દર્શન ચારિત્ર તપ ચઉવિધ, એથી શિવસુખ ચાખ્યો રે

આતમ! અનુભવ ચિત્તમાં ધારો, જેમ ભવ ભ્રમણ નિવારો રે. આ. ૧

જ્ઞાન થકી સવી ભાવ જણાયે, દર્શને તાસ પ્રતીત.
ચારિત્ર આવતા આશ્રવ રૂંધે, પૂર્વ શોધે તપ નિત રે. આ. ૨

જ્ઞાન દર્શન બેઉં સહચારી, ચારિત્ર તસ ફલ કહિયે;
નિરાસંશ તપ કર્મ ખપાવે, તો આતમ ગુણ લહિયે રે. આ. ૩

તે ચારિત્ર નિશ્ચયથી નિજ ગુણ, સુમતિ ગુપ્તિ વ્યવહાર;
જ્ઞાનક્રિયા સમ્મત ફલ કહિયે, ચારિત્રનો નિરધાર રે. આ. ૪

તે વ્યવહાર કહ્યો પણ ભેદે, પંચમ અંગ સુખકાર;
પ્રથમ આગમ શ્રુત ને આણા, ધારણા જીત વિચાર રે. આ. ૫

કેવલી મણપજ્જવ ને ઓહી, ચઉદ પૂર્વ દશ પૂર્વ;
નવ પૂર્વ લગે ખટ વિધ આગમ,—વ્યવહારી ટાળે ગર્વ રે. આ. ૬

શેષ પૂર્વ આચાર પ્રકલ્પક (?), કિંદાદિક શ્રુત જાણ;
શ્રુત વ્યવહાર કહી જે ભાંખે, અતિશય વિણુ જે નાણ રે. આ. ૭

દેશાંતર સ્થિત બેઉ ગીતારથ, જ્ઞાન બલે ગુરુ પાસ;
[illegible] ટાળે, [illegible] રે. આ. ૮

[illegible] ગુરુ મુનિ પાસે [illegible],
[illegible] રે. આ. ૯

[illegible] પ્રમાણ,
[illegible] રે. આ. ૧૦

તે [illegible] વ્યવહાર [illegible],
[illegible] રે. આ. ૧૧

[illegible]
[illegible] રે. આ. ૧૨

ઇત્યાદિક બહુ જાણે ગીતારથ, તેણે જે શુભ આચરિયો;
આગમમાં પણ જે ન નિષેધ્યું, અવિધિ અશુદ્ધ નવિ ધરિયો રે. આ.૧૩

પૂરવ ચાર વ્યવહાર ન બાધે, સાધે ચારિત્ર યોગ;
પાપભીરૂ પંચાંગી સમ્મત, સંપ્રદાયી ગુરૂ લોગરે. આ. ૧૪

ગચ્છગત અનુયોગી ગુરૂ સેવી, અનિયતવાસી આઉત્ત;
એ પણ ગુણ સંયમનો ધારી, તેહજ જીત પવિત્તરે. આ. ૧૫

પાસત્થો ઉસન્નો કુશીલો, સંસત્તો અહાછંદો;
એ પંચ દોષને દૂર ન કરે, અને મુનિપણું ભાંખે મંદરે. આ. ૧૬

ગુણ હીણોને ગુણાધિક સરિખો, થાય જે અન્નાણી;
દર્શન અસાર તો ચરણ કિહાંથી, એ ધર્મદાસ ગણી વાણીરે. આ.૧૭

ગુણ-પક્ષી ને ગુણનો રાગી, શક્તિ વિધિ ઉજમાલ;
શ્રદ્ધા જ્ઞાન કથે ને કરણી, તે મુનિ-વંદું ત્રિકાલરે આ. ૧૮

વિષમકાલ માંહે પણ એ ગુણ, પરખી જે મુનિ વંદે;
પ્રવચનને અનુસારણી ક્રિયા, કરતા ભવ ભય છેદે રે. આ. ૧૯

એહ સુત્ત વ્યવહાર તણે બલ, શાસન જિનનું દીપે,
સંપ્રતિ દુપ્પસહ સૂરિ લગેં એ, કુમતિ કદાગ્રહને જીપેરે આ ૨૦

ઇણ વ્યવહારે જે વ્યવહરસે. સયમનો ખપ કરશે.
જ્ઞાન વિમલ ગુરૂને અનુસરસે, તે ભવ સિંધુને તરશેરે. આ. ૨૧



ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી રચિત—

આરાધના (પુણ્ય પ્રકાશ)નું સ્તવન.

દોહરા.

સકલ સિદ્ધિ-દાયક સદા, ચોવીસે જિનરાય;
સહ ગુરૂ સ્વામિની સરસ્વતી, પ્રેમે પ્રણમું પાય. ૧
ત્રિભુવનપતિ ત્રિશલા તણો, નંદન ગુણ ગંભીર;
શાસન નાયક જગ જયો, વર્દ્ધમાન વડવીર. ૨
એક દિન વીર જિણંદને, ચરણે કરી પ્રણામ;
ભવિક જીવના હિત ભણી, પૂછે ગૌતમ સ્વામ. ૩
મુક્તિ-માર્ગ આરાધિયે, (કહો) કેણિ પરે અરિહંત;
સુધા સરસ તવ વચન રસ, ભાખે શ્રી ભગવંત. ૪
અતિચાર આલોઇયે, વ્રત ધરિયે ગુરૂ-શાખ;
જીવ ખમાવો સયલ જે, યોનિ ચોરાશી લાખ. ૫
વિધિ શું વલી વોસરાવિયે, પાપસ્થાનક અઢાર;
ચાર શરણ નિત્ય અનુસરો, નિંદો દુરિત આચાર. ૬
શુભ કરણી અનુમોદિયે, ભાવ ભલો મન આણિ,
અણસણ અવસર આદરી, નવ પદ જપો સુજાણ. ૭
શુભ ગતિ-આરાધન તણા, એ છે દશ અધિકાર,
ચિત્ત આણીને આદરો, જિમ પામો ભવપાર. ૮

ઢાલ ૧ લી. (એ છીંડી કિહાં રાખી. એ દેશી.)

જ્ઞાન દરિસણ ચારિત્ર તપ વીરજ, એ પાંચે આચાર,
એહ તણા ઇહ ભવ પરભવના, આલોઇયે અતિચાર રે
પ્રાણી! જ્ઞાન ભણો ગુણખાણી, વીર વદે એમ વાણી રે. પ્રા. ૧

ગુરૂ ઓલવિયે નહિ ગુરૂ વિનયે, કાલે ધરી બહુમાન;
સૂત્ર અર્થ તદુભય કરી સૂધાં, ભણિયે વહી ઉપધાનરે. પ્રા. ૨

જ્ઞાન ઉપકરણ પાટી પોથી, ઠવણી નોકરવાલી;
તેહ તણી કીધી આશાતના, જ્ઞાન ભક્તિ ન સંભાલીરે. પ્રા. ૩

ઈત્યાદિક વિપરિત પણાથી, જ્ઞાન વિરાધ્યું જેહ;
આ ભવ પરભવ વલીરે ભવો ભવ, મિચ્છામિ દુક્કડં તેહરે.

પ્રાણી ! સમકિત લ્યો શુદ્ધ જાણી. ૪

જિન વચને શંકા નવિ કીજે, નવિ પરમત અભિલાષ;
સાધુ તણી નિંદા પરિહરજો, ફલ-સંદેહ મ રાખરે. પ્રા. સ. ૫

મૂઢપણું છંડો પરશંસા, ગુણવંતને આદરિયે,
સાહમ્મિને[1] ધર્મે કરી સ્થિરતા, ભક્તિ પ્રભાવના કરિયેરે. પ્રા. સ.

સંઘ ચૈત્ય પ્રાસાદ તણો જે, અવર્ણવાદ મન લેખ્યો;
દ્રવ્ય દેવકો જે વિણસાડ્યો, વિણસંતાં ઉવેખ્યોરે. પ્રા. સ. ૭

ઈત્યાદિક વિપરીતપણાથી, સમકિત ખંડ્યું જેહ,
આ ભવ પર ભવ વલીરે ભવોભવ, મિચ્છામિ દુક્કડ તેહરે.

પ્રાણી ! ચારિત્ર લ્યો ચિત્ત આણી. ૮

પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ વિરાધી, આઠે પ્રવચન માય;
સાધુ તણે ધર્મે પ્રમાદે, અશુદ્ધ વચન મન કાયરે. પ્રા. ચા ૯

શ્રાવકને ધર્મે સામાયિક, પોસહમા મન વાલી;
તે જયણા પૂર્વક જે આઠે, પ્રવચન માય ન પાલીરે. પ્રા ચા ૧૦

ઇત્યાદિક વિપરીતપણાથી, ચારિત્ર ડોહોલુ જેહ,
આ ભવ પરભવ વલીરે ભવો ભવ, મિચ્છામિ દુક્કડ તેહરે પ્રા ચા ૧૧

---

[1] સાધર્મી.

બાર ભેદે તપ નવિ કીધું, છતે જોગે નિજ શકતે;
ધર્મે મન વચ(ન) કાયા વીરજ. નવિ ફોરવિયું ભકતેરે પ્રા. ચા. ૧૨
તપ વીરજ આચાર એણી પરે, વિવિધ વિરાધ્યા જેહ;
આ ભવ પરભવ વલીરે ભવો ભવ, મિચ્છામિ દુક્કડં તેહરે. પ્રા. ચા.૧૩
વલીય વિશેષે ચારિત્ર કેરા. અતિચાર આલોઇયે;
વીર જિનેશ્વર વયણ સુણીને, પાપ મેલ સવી ધોઇયેરે. પ્રા. ચા.૧૪

ઢાલ ૨ જી. (પામી સુગુરુ પસાય, એ દેશી.)

પૃથ્વી પાણી તેઉરે, વાયુ વનસ્પતિ; એ પાંચે થાવર કહ્યા એ,
કરી કરસણ આરંભરે, ખેત્ર જે ખેડિયા; કૂવા તલાવ ખણાવિયાએ. ૧
ઘર આરંભ અનેક રે, ટાંકા ભોયરાં; મેડી માલ ચણાવિયાએ.
લિંપણ ગુંપણ કાજરે, એણીપરેં પર પરેં; પૃથ્વીકાય વિરાધિયાએ. ૨
ધોયણ નાયણ પાણીરે, ઝીલણ અપકાય; છોતી ધોતી કરી દુહવ્યાએ.
ભાઠીગર કુંભારરે, લોહ સોવનગરા, ભાડભુંજા લિહાલાગરાએ. ૩
તાપણ સેકણ કાજરે, વસ્ત્ર નિખારણ, રંગણ રાંધણ રસવતીએ.
એણી પરેં કર્માદાનરે, પરે પરે કેલવી, તેઉ વાયુ વિરાધિયાએ. ૪
વાડી વન આરામરે, વાવી વનસ્પતિ, પાન ફૂલ ફલ ચુંટિયાએ.
પોંક પાપડી શાકરે, શેક્યાં સૂકવ્યાં, છેદ્યાં છુંદ્યાં આથિયાએ. ૫
અલસી ને એરંડરે, ઘાણી ઘાલીને, ઘણા તિલાદિક પીલિયાએ.
ઘાલી કોલુ માંહીરે, પીલી સેલડી; કંદ મૂલ ફલ વેચિયાએ. ૬
એમ એકેંદ્રિય જીવરે, હણ્યા હણાવિયા, હણતાં જે અનુમોદિયાએ.
આ ભવ પરભવ જેહરે, વલીય ભવો ભવ, તે મુજ મિચ્છા મિ દુક્કડંએ. ૭
કીડી સરીયા ગીંડોલરે, ગાડર ગંડોલા, ઇયલ પોરા અલસીયાંએ.
વાલા જલો ચૂડેલરે, વિચલિત રસ તણા, વલી અથાણાં પ્રમુખનાંએ.
એમ બેઇંદ્રિય જીવરે, જે મેં દુહવ્યા, તે મુજ મિચ્છા મિ દુક્કડંએ. ૮

ઉદ્દેહી જૂ લીંખરે, માંકડ મંકોડા; ચાંચડ કીડી કુંથુઆએ.
.ગદ્દહિયા ઘીમેલરે. કાન ખજુરડા; ગીંગોડા ધનેરિયાએ.
એમ તેઇંદ્રિય જીવરે, જે મેં દુહવ્યા; તે મુજ મિચ્છામિ દુક્કડં એ.૯
માંખી મચ્છર ડાંસરે, મસા પતંગિયા; કંસારી કોલિયાવડાએ.
ઢીંકણ વિછુ તીડરે, ભમરા ભમરિયો; કોતા બગ ખડમાંકડીએ.
એમ ચોરિંદ્રિય જીવરે, જે મેં દુહવ્યા; તે મુજમિ ચ્છામિ દુક્કડં એ૧૦
જલમાં નાખી જાલરે, જલચર દુહવ્યા; વનમાં મૃગ સંતાપિયાએ.
પીડ્યા પંખી જીવરે, પાડી પાસમાં; પોપટ ઘાલ્યા પાંજરેએ.
એમ પંચેંદ્રિય જીવરે, જે મેં દુહવ્યા; તે મુજ મિચ્છામિ દુક્કડં એ.૧૧

ઢાલ ૩ જી.(સમકિતનું મૂલ જાણિએજી. એ દેશી)

.ક્રોધ લોભ ભય હાસ્યથીજી, બોલ્યા વચન અસત્ય;
કૂડ કરી ધન પારકાંજી, લીધા જેહ અદત્તરે;
જિનજી ! મિચ્છામિ દુક્કડં આજ, તુમ સાંખે મહારાજરે;
જિનજી ! દેઇ સારૂં કાજરે, જિનજી ! મિચ્છામિ દુક્કડ આજ
દેવ મનુજ તિર્યંચનાજી, મૈથુન સેવ્યારે જેહ;
વિષય રસ લંપટપણેજી, ઘણું વિડંબ્યો દેહરે. જિનજી
પરિગ્રહની મમતા કરીજી, ભવ ભવ મેલીરે આથ;
જે જિહાંની તે તિહાં રહીજી, કોઇ ન આવી સાથરે. જિનજી
રયણી–ભોજન જે કર્યાંજી, કીધાં ભક્ષ્ય અભક્ષ્ય;
રસના–રસની લાલચેજી, પાપ કર્યા પ્રત્યક્ષરે. જિનજી
વ્રત લઇ વીસારિયાજી, વલી ભાંગ્યા પચ્ચખ્ખાણ,
કપટ હેતુ કિરિયા કરીજી, કીધા આપ વખાણરે. જિનજી
ત્રણ ઢાલ આઠે દુહેજી, આલોયા અતિચાર;
શિવગતિ- આરાધન તણોજી, એ પહેલો અધિકારરે જિનજી

ઢાલ ૪ થી.(સાહેલડીની દેશી.)

પંચ મહાવ્રત આદરો, સાહેલડીરે અથવા લ્યો વ્રત બાર તો;
યથાશક્તિ વ્રત આદરો, સા૦ પાલો નિરતિ ચારતો. ૧
વ્રત લીધાં સંભારિયેં, સા૦ હૈયડે ધરી વિચારતો;
શિવગતિ-આરાધન તણો, સા૦ એ બીજો અધિકારતો. ૨
જીવ સર્વે ખમાવિયે, સા૦ યોનિ ચોર્યાસી લાખતો;
મન શુદ્ધે કરી ખામણા, સા૦ કોઇશું રોષ ન રાખતો. ૩
સર્વ મિત્ર કરી ચિંતવો, સા૦ કોઇ ન જાણો શત્રુનો;
રાગ-દ્વેષ એમ પરિહરો, સા૦ કીજે જન્મ પવિત્રતો. ૪
સાહમિ સંઘ ખમાવિયેં સા૦ જે ઉપની અપ્રીતનો;
સજ્જન કુટુંબ કરી ખામણા, સા૦ એ જિન શાસન રીતનો ૫
ખમીયેં ને ખમાવિયેં, સા૦ એહજ ધર્મનો સાર તો;
શિવગતિ-આરાધન તણો, સા૦ એ ત્રીજો અધિકાર તો. ૬
મૃષાવાદ હિંસા ચોરી, સા૦ ધન-મૂર્છા મૈથુન તો;
ક્રોધ માન માયા તૃષ્ણા, સા૦ પ્રેમ દ્વેષ પૈશુન્ય તો. ૭
નિંદા કલહ ન કીજીયેં, સા૦ કૂડાં ન દીજે આળ તો;
રતિ અરતિ મિથ્યા તજો, સા૦ માયા મોસ જંજાળ તો ૮
ત્રિવિધ ત્રિવિધ વોસરાવિયેં, સા૦ પાપસ્થાનક અઢાર તો;
શિવગતિ-આરાધન તણો, સા૦ એ ચોથો અધિકાર તો. ૯

ઢાલ ૫ મી. ([illegible])

[illegible]
[illegible] ૧

[illegible]

શરણુ એક અરિહંતનું એ, શરણુ સિદ્ધ ભગવંત તો,
શરણુ ધર્મ શ્રી જૈનનો એ, સાધુ શરણુ ગુણવંત તો. ૨
અવર મોહ સવી પરિહરીએ, ચાર શરણુ ચિત્ત ધાર તો;
શિવગતિ-આરાધન તણો એ, એ પાંચમો અધિકાર તો. ૩
આ ભવ પર ભવ જે કર્યાં એ, પાપ કર્મ કઇ લાખ તો;
આતમ-સાખે નિંદિયે એ, પડિક્કમિયેં ગુરૂ-સાખતો. ૪
મિથ્યામતિ વર્તાવિયા એ, જે ભાંખ્યા ઉત્સૂત્રતો;
કુમતિ કદાગ્રહને વશે એ, વલી ઉત્થાપ્યાં સૂત્ર તો. ૫
ઘડ્યા ઘડાવ્યા જે ઘણાં એ, ઘંટી હલ હથિયાર તો;
ભવ ભવ મેલી મૂકિયાં એ, કરતાં જીવ સંહાર તો. ૬
પાપ કરીને પોષિયા એ, જન્મ જન્મ પરિવાર તો,
જન્માંતર પહોતા પછી એ, કોઇએ ન કીધી સાર તો. ૭
આ ભવ પરભવ જે કર્યાં એ, એમ અધિકરણુ અનેક તો;
ત્રિવિધ ત્રિવિધ વોસરાવિયેં એ, આણી હૃદય વિવેક તો. ૮
દુષ્કૃત-નિંદા એમ કરી એ, પાપ કર્યા પરિહાર તો;
શિવગતિ-આરાધન તણો એ, એ છઠ્ઠો અધિકાર તો. ૯

ઢાલ ૬ ઠી, (આદિતું જોય તે આપણી—એ દેશી.)

ધન્ય ! ધન્ય ! તે દિન માહરો, જીહાં કીધો ધર્મ,
દાન શીયલ તપ આદરી, ટાળ્યાં દુષ્ટ કર્મ. ધન્ય૦ ૧
શત્રુંજયાદિક તીર્થની, જે કીધી યાત્ર,
જુગતે જિનવર પૂજિયા, વલી પોષ્યા પાત્ર. ધન્ય૦ ૨
પુસ્તક જ્ઞાન લખાવિયા, [1]જિણહર જિનચૈત્ય,
સંઘ ચતુર્વિધ સાચવ્યા, એ સાતે ક્ષેત્ર. ધન્ય૦ ૩

---

૧ જિનગૃહ.

પડિક્રમણાં સુપરે કર્યાં, અનુકંપા દાન;
સાધુ સૂરિ ઉવજ્ઝાયને, દીધાં બહુ માન. ધન્ય૦ ૪
ધર્મકાર જ અનુમોદિયેં, એમ વારંવાર;
શિવગતિ-આરાધન તણો, એ સાતમો અધિકાર. ધન્ય૦ ૫
ભાવ ભલો મન આણિયે, ચિત્ત આણી ઠામ;
સમતા ભાવે ભાવિયેં, એ આતમરામ. ધન્ય૦ ૬
સુખ દુઃખ-કારણ જીવને, કોઇ અવર ન હોય;
કર્મ આપે જે આચર્યાં, ભોગવીએં સોય. ધન્ય૦ ૭
સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુન્યના કામ;
છાર ઉપર તે લીંપણું, ઝાંખર ચિત્રામ. ધન્ય૦ ૮
ભાવ ભલી પરે ભાવિયેં, એ ધર્મનો સાર;
શિવગતિ-આરાધન તણો, એ આઠમો અધિકાર. ધન્ય૦ ૯

ઢાળ ૭ મી. (રેવતગિરિ ઉપર—એ દેશી.)

હવે અવસર જાણી, કરીએં સંલેખણ સાર,
અણસણ-આદરીએં, પચ્ચખ્ખી ચારે આહાર.
લલુતા સવી મૂકી, છાંડી મમતા અંગ,
એ આતમ ખેલે, સમતા જ્ઞાન તરંગ ૧
ગતિ ચારે કીધાં, આહાર અનંત નિઃશંક,
પણ તૃપ્તિ ન પામ્યો, જીવ લાલચીયો રંક,
દુલ્લહો એ વળી વળી, અણસણનો પરિણામ,
એહથી પામીજે, શિવપદ સુરપદ ઠામ ૨

ધન્ય ! ધન્ના શાલીભદ્ર, ખંધક મેઘકુમાર,
અણુસણુ–આરાધી, પામ્યા ભવનો પાર;
શિવ મંદિર જાશે, કરી એક અવતાર,
આરાધન કેરો, એ નવમો અધિકાર.

દશમે અધિકારે, મહામંત્ર નવકાર,
મનથી નવી મૂકો, શિવસુખ ફલ–[1]દાતાર;
એ જપતાં જાયે, દુર્ગતિ દોષ વિકાર,
સુપરે એ સમરો, ચૌદ પૂરવનો સાર. ૪

જન્માંતર જાતાં, જો પામે નવકાર,
તો પાતિક ગાળી, પામે સુર–અવતાર;
એ નવપદ સરખો, મંત્ર ન કોઇ [2]સંસાર,
ઈહ ભવ ને પરભવ, સુખ સંપત્તિ–દાતાર. ૫

જુવો ભીલ ને ભીલડી, રાજા રાણી થાય,
નવપદ–મહિમાથી, રાજસિંહ મહારાજ;
રાણી રતનવતીએ,[3] પામ્યા છે સુરલોગ,
એક ભવથી લહેશે, સિદ્ધિ વધૂ–સંજોગ.
શ્રીમતીને એ વલી, મંત્ર ફળ્યો તત્કાલ,
મણિધર[4] ફીટીને, પ્રગટ થઇ કુલ–માલ,
શિવકુમરે યોગી, સોવન પુરસા કીધ,
એમ એણે મંત્રે, કાજ ઘણાંના સિદ્ધ.
એ દશ અધિકારે, વીર જિણેસરે ભાંખ્યો,
આરાધન કેરો, વિધિ જેણે ચિત્તમાં રાખ્યો,
તેણે પાપ–પખાલી, ભવ–ભય દૂરે નાખ્યો;
જિન–વિનય કરંતાં, સુમતિ અમૃતરસ ચાખ્યો.

૧ પાઠાંતર–ફલ સુખકાર. ૨ પા૦ સાર ૩ પાઠાંતર–ઇંદુ ૪ પા૦ ફણિધર

ઢાલ ૮ મી (નમો ભવી ભાવશું એ-એ દેશી)

સિદ્ધાર્થરાય-કુલ-[1]તિલોએ, ત્રિશલા માત મલ્હાર તો;
અવનિ-તલે તમે અવતર્યા એ, કરવા અમ ઉપકાર.
જયો જિન વીરજી એ. ૧
મેં અપરાધ કર્યા ઘણાએ, કહેતાં ન લહું પાર તો;
તુમ ચરણે આવ્યા ભણીએ, જો તારે તો તાર. જ૦ ૨
આશ કરીને આવિયોએ, તુમ ચરણે મહારાજ તો;
આવ્યા ને ઉવેખશોએ, તો કેમ રહેશે લાજ. જ૦ ૩
કર્મ અલુંજણ આકરાએ, જન્મ મરણ જંજાલ તો;
હું છું એહથી ઉભગ્યોએ, છોડાવો દીન[2]-દયાલ. જ૦ ૪
આજ મનોરથ મુજ ફળ્યાંએ, નાઠાં દુઃખ દંદોલ તો;
તુઠો જિન ચોવીશમો એ પ્રગટ્યા પુન્ય કલ્લોલ. જ૦ ૫
ભવ ભવ વિનય તુમારડોએ, ભાવ ભક્તિ તુમ પાય તો;
દેવ ! દયા કરી દીજિયે એ, બોધિ બીજ સુપસાય. જ૦ ૬

પ્રશસ્તિ-કલશ.

[illegible] તરણ તારણ [illegible]-[illegible], દુઃખ નિવારણ [illegible].
શ્રી વીર જિનવર-ચરણ [illegible], આધાર મન ઉલટ ધરો. ૧
શ્રી વિજયાનંદસૂરીશ્વર પટધર, તીર્થ [illegible],
તપગચ્છપતિ શ્રી વિજયકમલસૂરિંદ, [illegible] ૨
શ્રી [illegible]વિજય સૂરિ-શિષ્ય વાચક, કીર્તિવિજય [illegible];
તસ શિષ્ય વાચક [illegible], [illegible] જિન [illegible]. ૩

---

૧ કુલ-તિલક [illegible]

સય સત્તર સંવત ઉગણત્રીશે, રહી રાંદેર ચૌમાસ એ;
વિજયદશમી વિજય-કારણ, કીયો ગુણ અભ્યાસ એ. ૪
નરભવ-આરાધન સિદ્ધિ-સાધન, સુકૃત લીલવિલાસ એ;
નિર્જરા હેતેં સ્તવન રચિયું, નામે પુણ્ય પ્રકાશ એ. ૫

વાચક શ્રી સમયસુંદર વિરચિત લઘુ આરાધના રૂપ

૮ શ્રી ઋષભદેવ સ્તુતિ.

બે કર જોડી વિનવુંજી, સુણ સ્વામી ! સુવિદિત;
કૂડ કપટ મૂકી કરીજી, વાત કહું આપ વીત.
કૃપાનાથ ! મુજ વિનતી અવધાર, તું સમરથ-
ત્રિભુવન-ધણીજી, મુજને દુસ્તર તાર. કૃ૦ ૧
ભવસાયર ભમતાં થકાંજી, દીઠા દુઃખ અનંત;
ભાગ્ય સંયોગે તું ભેટિયોજી, ભય-ભંજન ભગવંત. કૃ૦ ૨
જે દુઃખ ભાંજે આપણુંજી, તેહને કહીએ દુઃખ;
પર દુઃખ-ભંજન તું સુણ્યોજી, સેવકને દે સુખ. કૃ૦ ૩
આલોયણ લીધા [1]પખેંજી, જીવ રૂલે રે સંસાર;
રૂપી લખમણા મહાસતીજી, તેનો સુણ્યો અધિકાર. કૃ૦ ૪
દુસમકાલે દોહિલોજી, સુધો ગુરૂ-સંયોગ,
પરમારથ પ્રીછે નહિજી, ગડર પ્રવાહી લોગ. કૃ૦ ૫
તિણે તુજ આગલ આપણાજી, પાપ આલોઉં આજ,
મા-બાપ આગે બોલતાંજી, બાલકને શી લાજ ? કૃ૦ ૬

---

૧ વિના.

જિનધર્મ જિનધર્મ સહુ કહેજી, થાપે આપ આપણી વાત;
સામાચારી જૂજૂઈજી, સાંસે પડ્યું એમ [1]છાત. કુ૦ ૭
જાણ અજાણપણે કરીજી, બોલ્યા ઉત્સૂત્ર-બોલ;
રતને કાગ ઉડાવતાંજી, હાર્યો જન્મ નિટોલ. કુ૦ ૮
ભગવંતે ભાંખ્યું તે કિહાં ? જી, કયાં ? મુજ કરણી એહ;
ગજ પાખર ખર કેમ સહે ? જી, સબલ વિમાસણ એહ. કુ૦ ૯
આપ પરૂપું આકરૂંજી, જાણે લોક મહંત;
પણ ન કરૂં પ્રમાદીઓજી, મહાસાહસ દૃષ્ટાંત. કુ૦ ૧૦
કાલ અનંતે મેં લહ્યાંજી, ત્રણ રતન શ્રીકાર;
પણ પરમાદે પાડિયાજી, કિહાં જઈ કરૂં ? પોકાર. કુ૦ ૧૧
જાણું ઉત્કૃષ્ટ કિરિયા કરૂંજી, ઉગ્ર કરૂં વિહાર;
ધીરજ જીવ ધરે નહિંજી, પોતે બહુલ સંસાર. કુ૦ ૧૨
સહજ પડ્યો મુજ આખળોજી, ન ગમે ભૂંડી વાત;
પર નિંદા કરતાં થકાંજી, જાય દિન ને રાત. કુ૦ ૧
કિરિયા કરતાં દોહિલીજી, આલસ આણે રે જીવ;
ધર્મ પખેં ધંધે પડ્યોજી, નરકે કરશે રીવ. કુ૦ ૧૪
અણહુંતાં ગુણ કો કહેજી, તો હરખું નિશદીશ;
કો હિત શીખ ભલી કહેજી, તો મન આણું રીસ. કુ૦ ૧૫
વાદ ભણી વિદ્યા ભણીજી, પર રંજન ઉપદેશ;
મન સંવેગ ધર્યો નહિજી, કેમ સંસાર તરેશ ? કુ૦ ૧૬
સૂત્ર સિદ્ધાંત વખાણતાંજી, સુણતાં કર્મ વિપાક;
ખિણ એક મનમાં ઉપજેજી, મુજ મરકટ વૈરાગ. કુ૦ ૧૭
ત્રિવિધ ત્રિવિધ કરી ઉચ્ચરુંજી, ભગવંત તુજ હજૂર,
વારંવાર ભાંજું વલીજી, છૂટક બારો દૂર. કુ૦ ૧૮

[1] [illegible]

આપ કાજ સુખ રાચતાંજી, કીધાં આરંભ કોડ;
જયણા ન કરી જીવનીજી, દેવ! દયાપર છોડ. કૃ૦ ૧૯
વચન દોષ વ્યાપક કહ્યાજી, દાખ્યા અનરથ દંડ;
કૂડ કહ્યાં બહુ કેલવીજી, વ્રત કીધાં શત ખંડ. કૃ૦ ૨૦
અણદીધું લીજે તણખલુંજી, તોહી અદત્તાદાન;
તે દૂષણ લાગા ઘણાંજી, ગણતાં નાવે જ્ઞાન. કૃ૦ ૨૧
ચંચલ જીવ રહે નહીંજી, રાચે રમણી-રૂપ;
કામ વિટંબના શી કહું ? જી, તું જાણે તે સ્વરૂપ. કૃ૦ ૨૨
માયા મમતામેં પડયોજી, કીધો અધિકો લોભ;
પરિગ્રહ મેલ્યો[1] કારમોજી, ન ચઢી સંયમ-શોભ. કૃ૦ ૨૩
લાગાં મુજને લાલચેંજી, રાત્રિભોજન-દોષ;
મેં મન મૂક્યો મોકલોજી, ન ધર્યો ધર્મ સંતોષ. કૃ૦ ૨૪
ઇણભવ પરભવ દુહવ્યાજી, જીવ ચોરાસી લાખ;
તે મુજ મિચ્છામિ દુક્કડંજી, ભગવંત ! તોરી સાખ. કૃ૦ ૨૫
કર્માદાન પન્નરે કહ્યાંજી, પ્રગટ અઢારે પાપ;
જે મેં સેવ્યા તે હવેજી, બગસ બગસ માય બાપ ! કૃ૦ ૨૬
મુજ આધાર છે એટલોજી, સદ્દહણા છે શુદ્ધ,
જિનધર્મ મન મીઠો ગમેજી, જિમ સાકરસું દૂધ. કૃ૦ ૨૭
ઋષભદેવ ! તું રાજિયોજી, શત્રુંજય ગિરિ શણગાર,
પાપ આલોયાં આપણાજી, કર પ્રભુ ! મોરી સાર. કૃ૦ ૨૮
મર્મ એહ જિનધર્મનોજી, પાપ આલોયા જાય;
મનસું મિચ્છામિ દુક્કડંજી, દેતાં દૂરે પલાય. કૃ૦ ૨૯
તું ગતિ તું મતિ તું ધણીજી, તું સાહેબ તું દેવ,
આણ ધરૂં શિર તાહરીજી, ભવ ભવ તોરી સેવ. કૃ૦ ૩૦

---

1 મેળવ્યો.

પ્રશસ્તિ-કલશ.

એમ ચઢી શેત્રુંજે ચરણ ભેટયા, નાભિનંદન જિનતણા;
કર જોડી આદિ જિણંદ આગેં, પાપ આલોયા આપણા.
શ્રી પૂજ્ય જિનચંદસૂરિ સદ્દગુરૂ, પ્રથમ શિષ્ય સુયશ ઘણો,
ગણી સકલચંદ્ર સુશિષ્ય વાચક, સમય સુંદર ગણી ભણો. ૩૧

જ્ઞાનવૃદ્ધ મહારાજ શ્રી નાનચંદજી સ્વામી કૃત.

બોધ બાવની.

દોહરા.

અરિહંત સિદ્ધ ગણી ગુણ ભર્યા, ઉવજ્ઝાયા અણગાર;
એ પાંચે પ્રણમી કરી, જોડ કરૂં જયકાર ૧
વર[1] વર[2] આપો શારદા, કંઠે કરી મુજ માય !;
સાહાય કરો સેવક ભણી, ઉદ્યમ સફલો થાય ૨
અધ્યાત્મ[3] અર્થે ભર્યા, કહી ન શકે કોય.
પણ ગુરૂ-કૃપાએ કરી, સજ્જન સહુને હેત. ૩
જોડ કરૂં જિન વચનથી, તેમ ન્યૂનતા [illegible]
[illegible] ૪
[illegible]
[illegible] ૫
[illegible]
[illegible] ૬

[illegible]

ઢાલ—(આદરજીવ ક્ષમા ગુણ આદર, એ દેશી)

ઇણ આરે નિન્હવ નીકલિયા, દુષમ પંચમ કાલજી,
સાધપણું કહે મેં હિંજ પાળાં, અવરાં શિર દે આલજી,
ન્યાય મારગરો નિરહો કીજે. ૧
આપ કર્તવમેં કસર ન જાણે, પેલારા વ્રત ઉડાયજી;
ખબર વિના તે ખોટ[1] પરૂપે, સમઝે નહિં ન્યાય અન્યાયજી ન્યા. ૨
તરતમ જોગે સાધુ દીસે, શ્રાવક પણ ઇણ રીતજી;
સાધુ શ્રાવકમેં સાંસો ધારે, તો શ્રદ્ધા વિપરીતજી ન્યા ૩
ઠાણાંગને સાતમે ઠાણે, પૂછે ગૌતમ એમજી,
છદ્મસ્થ કેવલીરો અંતર, તે જાણીજે કેમ ? જી. ન્યા. ૪
હિંસા મૃષા અદત્ત જે સેવે, વેદે શબ્દાદિ પચજી;
આહાર સદોષી પૂજા-વંછે, ઉપદેશે જયું ન કરે ર ચજી. ન્યા. ૫
એ સાતે સુલટા જો હોવે, તો હોવે કેવલ નાણજી,
વલી ઠાણાંગે ચોથે ઠાણે, વીર વદે એમ વાણજી. ન્યા. ૬
ચાર વિકથા કરે તે ખિણ ખિણ, અશુદ્ધ આહાર પણ ખાયજી,
કાઉસગ્ગ ન કરે આત્મભાવે, એ બીજો અન્યાયજી. ન્યા ૭
નિશિ-અંત દો ધર્મ ન ચિંતે, પ્રમાદે ઉદય વશ થાયજી,
સામુદાણી ભિક્ષા ન કરે, તો કેવલ રહ્યો અટકાયજી ન્યા. ૮
વંક જડા સમઝે નહિં સુપરે, તો કેમ ટાલે ? દોષજી.
સાતમે શતકને પહેલે ઉદ્દેશે, પંચમ અંગ વિશેષજી ન્યા ૯
દશમા [2]છત્રકાળા લગે સાધુ, કષાય યુક્ત કહેવાયજી,
ગુણી ઘણો પણ વિપરીત ચાલે, સૂત્ર ન્યાયે ન ચલાયજી ન્યા ૧૦
પાપ પુણ્ય-પ્રકૃતિ બાંધે, છઠે ગુણ ઠાણે જીવજી.
છત્રીસ પાપને પુન્ય એકત્રીસે, બંધ તણી નિદા નીવજી ન્યા ૧૧

---

૧ ખોટું. ૨ ગુણઠાણા.

દશમે પાપ-પ્રકૃતિ ચઉદે, બંધ તણું છે ઠામજી;
અનંતગુણાકર મુનિવર તે પણ, પાપ બંધે કિણુ કામી જી. ન્યા. ૧૨
શુદ્ધ સાધુ ઉપરલે [1]ચઉ ગુણ ઠાણે, તે નહિં પંચમ કાલજી;
પ્રમાદ સહિત આરંભ પણ લાગે, છઠે ગુણ ઠાણે ભાલજી. ન્યા. ૧૩
કષાય આશ્રવ તે દશમા તાંઇ, તેરમે જોગ પિછાણજી;
બકુશ નીય તે ઇણકાલે વરતે, જિણમેં સંયમ ગુણની હાણજી. ન્યા. ૧૪
બે ઘડી સૂત્ર–ન્યાયે ચાલે, તો લહે કેવલ નાણજી;
સત્ર ન્યાયે ન ચલાયે પૂરો; તેણે અટકી નિર્વાણજી. ન્યા. ૧૫
કલ્પસૂત્રે આ પંચમ કાલરા, કલહકારી મુનિરાયજી;
ક્ષમર મચ્છરને ઉદવેગી, ઘણી અસમાધિ થાયજી. ન્યા. ૧૬
ઉત્તરાધ્યયને એ ગુણ ત્રીશમેં, એકલો કહે અણગારજી;
અપ્પ[2] કલો ગુંહારો ન લહે, એમ કહ્યો જિનરાયજી ન્યા. ૧૭
સ્થિવર કલ્પીમેં કલ્પ દીઠો, નવ બાંધ્યો ભગવંતજી,
દશા સુતખંધે ગાયરમીને, કલ્પ મિટાવે સંતજી. ન્યા. ૧૮
સુયગડાંગ બીજે શ્રુત ખંધે, સાતમ અજ્ઝયન વિચારજી;
ઉદગપેઢાલ પુત્રને આગે, કહે ગૌતમ અણગારજી. ન્યા. ૧૯
ચારિત્રિયો પંચો ગુણવંત પાળે, પ્રધાન મુનિરાયજી,
તેની નિંદા કરે પરલોકે, નહિં આરાધિક થાયજી ન્યા. ૨૦
નવ દીક્ષિત કલ્પાદિકની સાધુ, જ્ઞાનાદિ ગુણ હીનજી,
ઇત્યાદિ નવ તત્ત્વ ન જાણ્યો, પણ પ્રભુને[3] દીનજી ન્યા. ૨૧
[illegible]
[illegible] ન્યા. ૨૨

[1] [illegible]
[illegible]

ઉત્તરાધ્યયને ઇગ્યારમે અધ્યયને, ચૌદ [1]ગુણે અવિનીતજી;
પન્નર ગુણે પંડિત પણ પેખો, શિષ્ય ભલો સુવિનીતજી. ન્યા. ૨૩
સંભોગ કરે તે ભેલા પણ રહેવે, તિણ સામો તું જોયજી;
કસર લગાવે તેહને ભારી, અવરાંને શું હોય ? જી. ન્યા. ૨૪
ત્રીજે સુપને ચંદ્રગુપ્ત નૃપેં, દેખ્યો ચંદ્ર સય છિદ્રજી;
ભદ્રબાહુ સ્વામી એમ ભાંખે, સુણ ચંદ્રગુપ્ત નરેંદ્રજી. ન્યા. ૨૫
ચંદ્ર સમો જિનમત એ નિર્મળ, અનેક મતે દેખાયજી;
પણ મુક્તિનો એહિજ મારગ, સેવ્યાં શિવ સુખ થાયજી. ન્યા. ૨૬
ચૌદમે સપને રયણ અમોલા, તેજે કરીને ખીણજી;
ભરત ઐરવતે સાધુ સાધવી, જ્ઞાનાદિ ગુણ હીણજી. ન્યા. ૨૭
ઉત્તરાધ્યયને દશમે અધ્યયને, પંચમ આરા માંયજી;
બહુમતે આચારજ મારો, દેસી ધર્મ બનાયજી. ન્યા. ૨૮
સોલમે શતકને છઠ્ઠે ઉદ્દેશે, પંચ સુપન વિચારજી;
સંવુડ[2] સાધુ યથાર્થ દેખે, પેખે તેમ ફલ સારજી. ન્યા. ૨૯
અસંવુડ અયથાર્થ દર્શિત, યથાતથ્ય દેખે કોયજી;
સંપ્રતિ કાલે સાધુ સાધવી, સુપન વિલોકે દોયજી ન્યા. ૩૦
[3]ગુણસ્થાનક્રમ ગ્રંથે ભાંખ્યો, અચિત મિશ્ર એ આહારજી.
છદ્મસ્થને સરાગપણાથી, એ દીસે વ્યવહારજી ન્યા ૩૧
સચિત્તાચિત એષણી અણેષણી, [4]ભગવતી અંગે જોયજી.
શ્રમણ ભણી પ્રતિ લાભે શ્રાવક, ફલ ભાંખ્યા તિહા દોયજી. ન્યા. ૩૨
ઘણી નિર્જરા પાપ-અલ્પતા, એ પણ વીર વચનજી,
એહવા પાઠ સિદ્ધાંતે દીસે, શ્રદ્ધે શ્રાવક ભવ્ય જનજી ન્યા ૩૩

---

૧ લક્ષણ, ૨ સંવૃતાત્મા. ૩ ગુણસ્થાનક્રમારોહ ૪ શ. ૮ ઉ ૬-
એષણીય અનેષણીય આહારનો પાઠ છે.

સુયગડાંગ બીજે સુયખંધે, પંચમ અયણ સુજાણજી;
આધા કર્મી આહાર કરંતો, દેખીને અણગારજી. ન્યા. ૩૪
કર્મે લિપ્ત અલિપ્ત ન ભાંખે, જે મુનિવર ગુણધારજી;
છદ્મસ્થરો વ્યવહાર ન પહોંચે, બોલે ભાષા વિચારજી. ન્યા. ૩૫
ઠાણાંગને ત્રીજે ઠાણે, અલ્પ આયુ બંધાયજી;
હિંસા જૂઠ અશુદ્ધ આહારથી, પાપ કહ્યા જિનરાયજી. ન્યા. ૩૬
આધાકર્મીરી સીત[1] ભોગવે, બે પક્ષ સેવ્યા તેણજી;
સુયગડાંગ પહેલે સુયખંધે, તીર્થંકરના વેણજી. ન્યા. ૩૭
દ્રવ્યે છ લેશ્યા કહી મુનિવરમાં, પંચમ અંગ સુજાણજી;
ઉપરથી ત્રણ ભાવે ભાંખી, સૂત્ર ન્યાય વિચારજી. ન્યા. ૩૮
પગલે પગલે મત ઉઠાવે, મૂર્ખ ન જાણે મર્મજી;
ચાર તીરથ શિર આલ દેતાં, નહિં લજ્જ નહિં સર્મજી. ન્યા. ૩૯
વલી કહે ઉત્કૃષ્ટ પરૂપ્યાં, પામે ઓના ધર્મજી;
થરહારી ઉપજે તિણ સેતી, ન બાંધે ગાઢા કર્મજી ન્યા. ૪૦
મુનિ થયા પણ મર્મ ન જાણ્યો, પકડી ગાઢી રૂઢજી,
સ્યાદ્વાદ સમજ્યા વિણ મૂરખ, સેવે માયા ગુઢજી ન્યા. ૪૧
એક અંશે જો ખોટું થાપે, વલી અધિક કરે થાપજી,
તેહને સમકિત કેમ સંભવે ?, હોય મિથ્યાત્વને વ્યાપજી ન્યા. ૪૨
નિન્હવની તો એ નીશાની, કહે ખોટું વિપરીતજી,
સંજમ તેનો કેમ સદહીજે ?, નહિં સમકિતની રીતજી ન્યા. ૪૩
બળ સામર્થ્ય આપણું દેખી, સદા શરીર નીરોગજી,
દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવ જાણીને, પાલે સંજમ સંયોગજી. ન્યા. ૪૪
દશવિકાલિક અધ્યયન આઠમેં, એમ કહ્યો [illegible],
[illegible] ભાખે, તે પદે મુનિવરજી ન્યા. ૪૫

[1] આધાકર્મી આહારનો [illegible]

પરને કુશીલપણું નવિ દાખે, ભાંખે પ્રવચન સારજી;
જિણુ વચનને કોઇ ભેદ ન પામે, ત્યું ઉપદેશે અણુગારજી. ન્યા
દશવિકાલિક દશમે અજઝયણે, એ જિનવચન રસાલજી;
શિવસાધન આરાધન કારણુ, આગમ અરથ સંભાલજી. ન્યા
જે જે વ્રત કરે ભવ્ય પ્રાણી, લારે દૂષણુ ચારજી;
અતિક્રમ વ્યતિક્રમ બીજો, અતિચાર અનાચારજી, ન્યા
ત્યાગ કીયા પછી મનમેં ધ્યાવે, બીજો સામો જાયજી;
ત્રીજે અંગે ફરસ કર મૂકે, ચોથે લે મોંઢામેં ખાયજી. ન્યા
ઇત્યાદિક જે ભાવ [1]વતાયા, સૂત્ર-સાંખ દેખાયજી;
થાપ ઉત્થાપ કદી નહિં કરવું, લેજો સમજી ન્યાયજી. ન્યા
ભાવ પરૂપે એવં ભૂતના, નહિ વ્યવહાર-વિચારજી;
ગડર પ્રવાહી લોક ન જાણે, ડોળે ધર્મ અપારજી. ન્યા
એણી પરે ન્યાય અનેકજ દીસે, મત કરો ખાંચાતાણુજી,
ન્યાય સહિત જે [2] વાણી ભાંખે, તેનો ભણ્યો પ્રમાણુજી. ન્યા
બોધ કારણુ એ બાવની કીધી, ભાવ ઉલટ મન આણુજી,
જિનવાણી પરિણુત ભવ્ય પ્રાણી, નિશ્ચય લહે નિર્વાણુજી ન્યા
પૂજ્ય કર્મેંદુ ગુરૂ પસાએ, બાલેંદુ કહે એમજી;
સંવત ઉગણીસે અઠ્યાવીશમાં, મંડનપુરે ધરી પ્રેમજી. ન્યા



૧ પાઠાંતર-પ્રરૂપ્યા. ૨ પા० જિન.

શ્રી રત્નાકરપચ્ચીશી.

હરિગીત છંદ.

મંદિર છો મુક્તિતણી માંગલ્ય ક્રિડાના પ્રભુ,
ને ઇંદ્ર નર ને દેવતા સેવા કરે તારી વિભુ;
સર્વજ્ઞ છો સ્વામી વળી શિરદાર અતિશય સર્વના,
ઘણું જીવ તું ઘણું જીવ તું ભંડાર જ્ઞાન કળા તણા. ૧

ત્રણ જગતના આધાર ને અવતાર હે કરૂણા તણા,
વળી વૈદ્ય ! હે દુર્વાર આ સંસારનાં દુઃખો તણા;
વીતરાગ વલ્લભ વિશ્વના તુજ પાસ અરજી ઉચ્ચરૂં,
જાણો છતાં પણ કહી અને આ હૃદય હું ખાલી કરૂં. ૨

શું બાળકો માબાપ પાસે બાળક્રિડા નવ કરે ?.
ને મુખમાંથી જેમ આવે તેમ શું નવ ઉચ્ચરે ?;
તેમજ તમારી પાસ તારક ! આજ ભોળા ભાવથી,
જેવું બન્યું તેવું કહું તેમાં કશું ખોટું નથી ૩

મેં દાન તો દીધું નહિ ને શીયળ પણ પાળ્યું નહિ,
તપથી દમી કાયા નહિ શુભ ભાવ પણ ભાવ્યો નહિ.
એ ચાર ભેદે ધર્મમાંથી કાંઈ પણ પ્રભુ ! નવ કર્યું,
મ્હારૂં ભ્રમણ ભવસાગરે નિષ્ફળ ગયું નિષ્ફળ ગયું ! ! ૪

હું ક્રોધ અગ્નિથી બળ્યો વળી લોભ સર્પ ડશ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે હું કેમ કરી ધ્યાવું તને !
મન મારૂં માયાજાળમાં મોહન ! મહા મુંઝાય છે,
ચડી ચાર ચોરો હાથમાં ચેતન ઘણો ચગદાય છે ૫

મેં પરભવે કે આ ભવે પણ હિત કાંઇ કર્યું નહિ,
તેથી કરી સંસારમાં સુખ અલ્પ પણ પામ્યો નહિ;
જન્મો અમારા જિનજી ! ભવ પૂર્ણ કરવાને થયા,
આવેલ બાજી હાથમાં અજ્ઞાનથી હારી ગયા. ૬

અમૃત ઝરે તુજ મુખ રૂપી ચંદ્રથી તોપણ પ્રભુ !
ભીંજાય નહિ મુજ મન અરેરે ! શું કરૂં ? હું તો વિભુ !
પત્થર થકી પણ કઠણ મારૂં મન ખરે ! ક્યાંથી દ્રવે ?
મરકટ સમા આ મન થકી હું તો પ્રભુ ! હાર્યો હવે. ૭

ભમતા મહા ભવસાગરે પામ્યો પસાયે આપના,
જે જ્ઞાન દર્શન ચરણરૂપી રત્નત્રય દુષ્કર ઘણા;
તે પણ ગયા પરમાદના વશથી પ્રભુ કહું છું ખરૂં,
કોની કને કિરતાર આ પોકાર હું જઇને કરૂં ? ૮

ઠગવા વિભુ ! આ વિશ્વને વૈરાગ્યનાં રંગો ધર્યા,
ને ધર્મનો ઉપદેશ રંજન લોકને કરવા કર્યા;
વિદ્યા ભણ્યો હું વાદ માટે કેટલી કથની કહુ ?
સાધુ થઇને બ્હારથી દાંભિક અંદરથી રહુ. ૯

મેં મુખને મેલું કર્યું દોષો પરાયા ગાઇને,
ને નેત્રને નિંદિત કર્યાં પરનારીમાં લપટાઇને;
વળી ચિત્તને દોષિત કર્યું ચિંતી નઠારૂં પરતણું,
હે નાથ ! મારૂં શું થશે ? ચાલાક થઇ ચૂક્યો ઘણું. ૧૦

કરે કાળજાને કતલ પીડા કામની બીહામણી,
એ વિષયમાં બની અંધ હું વિડંબના પામ્યો ઘણી,
તે પણ પ્રકાશ્યુ આજ લાવી લાજ આપ તણી કને,
જાણો સહુ તેથી કહું કર માફ મારા વાંકને. ૧૧

નવકાર મંત્ર વિનાશ કીધો અન્ય મંત્રો જાણીને,
કુશાસ્ત્રનાં વાક્યો વડે હણી આગમોની વાણીને;
કુદેવની સંગત થકી કર્મો નકામા આચર્યાં,
મતિ ભ્રમ થકી રત્નો ગુમાવી કાચ કટકા મેં ગ્રહ્યા ૧૨

આવેલ દ્રષ્ટિમાર્ગમાં મૂકી મહાવીર ! આપને,
મેં મૂઢધિએ હૃદયમાં ધ્યાયા મદનના ચાપને;
નેત્રબાણો ને પયોધર નાભી ને સુંદર કટી,
શણગાર સુંદરીઓ તણાં છટકેલ થઈ જોયાં અતિ. ૧૩

મૃગનયની સમ નારી તણા મુખચંદ્ર નીરખવાવતી,
મુજ મન વિષે જે રંગ લાગ્યો અલ્પ પણ ગૂઢો અતિ;
તે શ્રુત રૂપ સમુદ્રમાં ધોયા છતાં જાતો નથી,
તેનું કહો કારણ તમે બચું કેમ હું આ પાપથી ? ૧૪

સુંદર નથી આ શરીર કે સમુદાય ગુણ તણો નથી,
ઉત્તમ વિલાસ કળા તણો દેદિપ્યમાન પ્રભા નથી;
પ્રભુતા નથી તો પણ પ્રભુ ! અભિમાનથી અક્કડ ફરૂં,
ચોપાટ ચાર ગતિ તણી સંસારમાં ખેલ્યા કરૂં. ૧૫

આયુષ્ય ઘટતું જાય તો પણ પાપબુદ્ધિ નવ ઘટે,
આશા જીવનની જાય પણ વિષયાભિલાષા નવ મટે.
ઔષધ વિષે કરું યત્ન પણ હું ધર્મને તો નવ ગણું,
બની મોહમાં મસ્તાન હું પાયા વિનાના ઘર ચણું. ૧૬

આત્મા નથી પરભવ નથી વળી પુન્ય પાપ કશું નથી,
મિથ્યાત્વીની કટુ વાણી મેં ધરી કાન પીધી સ્વાદથી,
રવિ સમ હતા જ્ઞાને કરી પ્રભુ આપશ્રી તો પણ અરે,
દીવો લઈ કુવે પડ્યો ધિક્કાર છે મુજને ખરે ! ૧૭

મેં ચિત્તથી નહિ દેવની કે પાત્રની પૂજા ચહી,
ને શ્રાવકો કે સાધુઓનો ધર્મ પણ પાળ્યો નહિ;
પામ્યો પ્રભુ નરભવ છતાં રણમાં રડ્યા જેવું થયું,
ધોબી તણા કુત્તા સમું મમ જીવન સહુ એળે ગયું. ૧

હું કામધેનુ કલ્પતરૂ ચિંતામણિના પ્યારમાં,
ખોટાં છતાં ઝંખ્યો ઘણું બની લુબ્ધ આ સંસારમાં;
જે પ્રગટ સુખ દેનાર ત્હારો ધર્મ તે સેવ્યો નહિ,
મુજ મૂર્ખ ભાવોને નિહાળી નાથ ! કર કરુણા કંઈ. ૧

મેં ભોગ સારાં ચિંતવ્યા તે રોગ સમ ચિંત્યા નહિ,
આગમન ઇચ્છયું ધન તણું પણ મૃત્યુને પ્રીછયું નહિ,
નહિ ચિંતવ્યું મેં નર્ક કારાગ્રહ સમી છે નારીઓ,
મધુબિંદુની આશા મહીં ભય માત્ર હું ભૂલી ગયો; ૨

હું શુદ્ધ આચારોવડે સાધુ હૃદયમાં નવ રહ્યો,
કરી કામ પર ઉપકારના યશ પણ ઉપાર્જન નવ કર્યો;
વળી તીર્થનાં ઉદ્ધાર આદિ કોઈ કાર્યો નવ કર્યા,
ફોગટ અરે ! આ લક્ષ ચોરાશી તણા ફેરા ફર્યા.

ગુરૂવાણીમાં વૈરાગ્ય કેરો રંગ લાગ્યો નહિ અને,
દુર્જન તણા વાકયો મહીં શાંતિ મળે કયાંથી મને ?
તરૂં કેમ હું સંસાર આ અધ્યાત્મ તો છે નહિ જરી,
તૂટેલ તળીયાનો ઘડો જળથી ભરાયે કેમ કરી ?

મેં પરભવે નથી પુન્ય કીધું ને નથી કરતો હજી,
તો આવતા ભવમાં કહો કયાંથી થશે હે નાથજી !
ભૂત ભાવી ને સાંપ્રત ત્રણે ભવ નાથ ! હું હારી ગયો,
સ્વામી ! ત્રિશંકુ જેમ હું આકાશમાં લટકી રહ્યો.

અથવા નકામું આપ પાસે નાથ ! શું બકવું ઘણું ?
હે દેવતાના પૂજ્ય ! આ ચરિત્ર મુજ પોતા તણું;
જાણો સ્વરૂપ ત્રણ લોકનું તો માહરૂં શું માત્ર આ ?,
જ્યાં ક્રોડનો હિસાબ નહિ ત્યાં પાઈની તો વાત ક્યાં ? ૨૪

શાર્દૂલ વિક્રીડિત.

ત્હારાથી ન સમર્થ અન્ય દીનનો, ઉદ્ધારનારો પ્રભુ ! ।
મ્હારાથી નહિ અન્ય પાત્ર જગમાં, જોતાં જડે હે વિભુ ! ।।
મુક્તિ મંગળ સ્થાન ! તોય મુજને, ઈચ્છા ન લક્ષ્મી તણી ।
આપો સમ્યગ્ શ્યામ રત્ન જીવને, તો તૃપ્તિ થાયે ઘણી ।। ૨૫



શ્રી ચતુર્વિંશતિ જિનસ્તુતિ.

(વસંતતિલકા વૃત્ત)

શ્રી તીર્થરાજ વિમલાચલ નિત્ય વંદો,
દેખી સદા નયનથી જિમ પૂર્ણ ચંદો;
પૂજે મળી સુરવરો નરનાથ જેને,
[1]ધારી સદા ચરણ લંછન માહિ તેને. ૧

શ્રેયાંસના ઘર વિષે રસ ઈક્ષુ લીધો,
ભિક્ષા ગ્રહી નિજ પ્રપૌત્ર સુપાત્ર કીધો;
માતા પ્રત્યે વિનય ભાવ ધરી પ્રભુએ,
આપ્યું અહો પરમ કેવલ શ્રી વિભુએ. ૨

દેવાધિદેવ ગજ-લાંછન ચંદ્રકાંતિ,
સંસાર સાગર તારી હરનાર ભ્રાંતિ.

૧ વૃષભ

એવા જિનેશ્વર તણા યુગપાદ પૂજો,
દીઠો નહિ જગતમાં તુમ તૂલ્ય દૂજો. ૩

જન્મ્યા તણી નગરી ઉત્તમ જે અયોધ્યા,
ત્રાતા નરેશ પ્રભુના જિત શત્રુ યોધા;
દેદિપ્યમાન જનની વિજયા સ્વિકારી,
સેવો સદા અજિતનાથ ઉમંગકારી. ૪

વાધે ન કેશ શિરમાં નખ રોમ વ્યાધિ,
[1]પ્રસ્વેદ ગાત્ર નહિ લેશ સદા સમાધિ;
છે માંસ શોણિત અહો ! અતિ શ્વેતકારી,
હે સ્વામિ સંભવ ! સુસંપદ ગાત્ર તારી. ૫

છે શ્વાસ [2]અંબુજ સુગંધ સદા પ્રમાણે,
આહાર ને તુમ નિહાર ન કોય જાણે;
એ ચાર છે અતિશયો પ્રભુ-જન્મ સાથે,
વંદું હમેશ અભિનંદન જોડી હાથે. ૬

ભૂમંડલે વિચરતા જિનરાજ જ્યારે,
કાંટા [3]અધોમુખ થઇ રજ શુદ્ધ ત્યારે;
જે એક જોજન સુધી શુભ વાત[4] શુદ્ધિ,
એવા નમું સુમતિનાથ સદા સુબુદ્ધિ. ૭

વૃષ્ટિ કરે સુરવરો અતિ સુદમધારી,
જાનુ પ્રમાણ વિરચે કુસુમો શ્રીકારી;
શબ્દો મનોહર સુણી શુભ શ્રોત્રમાંહિં,
શ્રી પદ્મનાથ પ્રભુને પ્રણમું ઉછાંહિં ૮

સેવા કરે યુગલ યક્ષો સુચંકરોને,
વીંજે ધરી કર વિષે શુભ ચામરોને;

૧ પરસેવો. ૨ કમલ. ૩ ઊંધે મુખ. ૪ પવન.

વાણી સુણે સરસ જોયણ એક સારી,
વંદું સુપાર્શ્વ પુરૂષોત્તમ પ્રીતિકારી. ૯

[1]જ્યવે જિનેંદ્ર મુખ માગધિ અર્ધભાષા,
દેવો નરો તિરિગણો સમજે સ્વભાષા;
આર્યો અનાર્ય સઘલા જન શાંતિ પામે,
ચંદ્રપ્રભુ ચરણ લંછન ચંદ્રનામે. ૧૦

વૈરો વિરોધ સઘલા જન ત્યાં વિસારે,
મિથ્યાત્વિઓ વિનયી વાક્ય મુખે ઉચારે;
વાદી કદી અવિનયી થઇ વાદ માંડે,
દેખી જિનેશ સુવિધિજીન ગર્વ છાંડે. ૧૧

જે દેશમાં વિચરતા જિનરાજ જ્યારે,
ભીતિ ભયંકર નહી લવલેશ ત્યારે;
ઇતી ઉપદ્રવ દુકાલ વિદૂર ભાગે,
નિત્યે કરૂં નમન શીતલનાથ આજે. ૧૨

છાયા કરે તરૂ અશોક સદૈવ સારી,
વૃષ્ટો સુગંધ શુભ શીતલ શ્રેયકારી;
પચ્ચીસ જોયણ લગે નહિ આધિવ્યાધિ,
શ્રેયાંસનાથ તુમ સેવનથી સમાધિ ૧૩

સ્વપ્નાં ચતુર્દશ લહે જિનરાજ માતા,
માતંગને વૃષભ સિંહ સુલક્ષ્મી દાતા;
નિર્ધૂમ અગ્નિ શુભ છેવટ દેખિને તે,
શ્રી વાસુપૂજ્ય પ્રભુના શુભ સ્વપ્નાથી તે ૧૪

---

૧ જેમ

જે પ્રાતિહાર્ય શુભ આઠ અશોક વૃક્ષે,
વૃષ્ટિ કરે કુસુમથી સુરનાદ દક્ષે,
બે ચામરો શુભ સુખાસન ભાસ્કરો તે,
છે છત્ર હે વિમલનાથ ! સુદુંદુભી તે. १५

સંઠાણુ છે સમ સદા [1]ચતુરસ્ર તારૂં,
સંઘેણુ વજ્રઋષભાદિ દીપાવનારૂં;
અજ્ઞાન ક્રોધ મદ મોહ હર્યા તમોએ,
એવા અનંત પ્રભુને નમિયે અમો એ. १६

જે કર્મવૈરિ અમને બહુ પીડનારા,
તે કર્મથી પ્રભુ તમેજ મૂકાવનારા;
સંસાર સાગરથકી તમે તારનારા,
શ્રી ધર્મનાથ પદ શાશ્વત આપનારા. १७

શ્રી વિશ્વસેન નૃપનંદન દિવ્ય કાંતિ,
માતા સુભવ્ય અચિરા તસ પુત્ર શાંતિ;
શ્રી મેઘના ભવ વિષે સુર એક આવી,
પારેવ સિંચનકનાં સ્વરૂપો બનાવી. १८

પારેવને અભય જીવિતદાન આપ્યું,
પોતાતણું અતિ સુકોમલ માંસ કાપ્યું,
તેવા મહા અભયદાનથી ગર્ભવાસે,
મારી ઉપદ્રવ ભયંકર સર્વ નાશે. १९

શ્રી તીર્થનાયક થયા વલી ચક્રવર્તી,
બન્ને લહી પદવિઓ ભવ એક વર્તી;
જે સાર્વભૌમ પદ પંચમ ભોગવીને,
તે સોલમા જિન તણા ચરણે નમીને २०

[1] સમચોરસ.

ચોરાશિ લક્ષ ગજ અશ્વ રથે કરીને,
છન્નું કરોડ જન લશ્કર વિસ્તરીને;
તેવી છતે અતિ સમૃદ્ધિ તજી ક્ષણિકે,
શ્રી કુંથુનાથ જિન ચક્રિ થયા વિવેકે. ૨૧

રત્નો ચતુર્દશ નિધાન ઉમંગકારી,
બત્રીશ બદ્ધ નિત નાટક થાય ભારી;
[1]પદ્માનની સહસ ચોસઠ અંગનાઓ,
તેવી તજી અર જિનેશ્વર સંપદાઓ. ૨૨

નિત્યે કરે કવલ ક્ષેપન કંઠ સુધી,
ષટ્ મિત્રને તરણ કાજ નિપાઇ બુદ્ધિ;
ઉદ્યાન મોહન ગૃહે રચી હેમ મૂર્તિ,
મલ્લિજિનેશ-પડિમા ઉપકાર કર્તિ. ૨૩

નિસ્સંગ દાંત ભગવંત અનંત જ્ઞાની,
વિશ્વોપકાર કરૂણાનિધિ આત્મધ્યાની;
પંચેંદ્રિયો વશ કરી હણી કર્મ આઠે,
વંદો જિનેંદ્ર મુનિસુવ્રત તેહ માટે. ૨૪

ઇંદ્રો સુરો નરવરો મલી સર્વ સંગે,
જન્માભિષેક સમયે અતિ ભક્તિ રંગે,
વિદ્યાધરી સુરવરી શુભ શબ્દ રાગે,
સંગીત નાટક કરે નમિનાથ આગે. ૨૫

રાજે મતી ગુણવતી સતી સૌમ્યકારી,
તેને તમે તજી થયા મહા બ્રહ્મચારી.
પૂર્વે ભવે નવ લગે તુમ સ્નેહધારી.
હે નેમિનાથ! ભગવંત પરોપકારી ૨૬

1 કમળ જેવા મુખવાળી.

સંમેત શૈલ શિખરે પ્રભુ પાર્શ્વ સોહે,
શંખેશ્વરા અમિઝરા કલિ કુંડ મોહે;
શ્રી અશ્વસેન કુલદીપક માતુ વામા,
નિત્યે અચિંત્ય મહિમા પ્રભુ પાર્શ્વનામા. ૨૭

સિદ્ધાર્થરાય ત્રિશલા સુત નિત્ય વંદો,
આનંદકારક સદા [1]ચરણારવિંદો;
જે શાસનેશ્વરતણો ઉપકાર પામી,
પૂજું પ્રભુ ચરણ શ્રી મહાવીર સ્વામી. ૨૮

શ્વેતાંબરી શુભ પરંપર આદ્ય જેની,
સંવેગ રંગ રસ રંગિત આત્મ તેની;
શાસ્ત્રોક્ત શુદ્ધ ઉપદેશક મુખ્ય સૂરિ,
શ્રી પાર્શ્વચંદ્ર ગુરૂરાજ પ્રતાપ ભૂરિ. ૨૯

ચંદ્રાર્ધ શોભિત વિશાલકપાલકાંતિ,
શ્રી હર્ષચંદ્ર સૂરિરાજ સ્વભાવ શાંતિઃ
શિષ્યો થયા તસપટે સૂરિ હેમચંદ્રો,
છે જેષ્ઠ ભ્રાત કુશલેંદુ સુમુક્તિચંદ્રો. ૩૦

પાટે પરંપર સુગંધર ઉગ્રભાજી (ગી),
ઋદ્ધિ પરિગ્રહ મહામદ મોહ ત્યાગી;
તે વિદ્યમાન વિચરે ગુણવંત આજે,
શ્રી ભ્રાતૃચંદ્ર ગુણ નિર્મલ સૂરિરાજે ૩૧

વિખ્યાત શ્રી ગુરૂસદા હર્ષચંદ્ર હેતે,
તેના પ્રતાપ સુપસાયથી શાંત ચિત્તે,
દ્વાત્રિંશિકા સ્તુતિ જિનેંદ્ર અખંડ કાવ્યે,
શ્રેયો વસંતતિલકા કૃતિ શુદ્ધ ભાવ્યે. ૩૨

---

૧ ચરણકમલ.

શ્રીમદ્ રાજચંદ્ર વિરચિત,

ગુણસ્થાનક્રમારોહ.

અપૂર્વ અવસર એવો કયારે આવશે?,
કયારે થઇશું ? બાહ્યાંતર નિર્ગ્રંથ જો;
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું ? કવ મહત્પુરૂષને પંથજો. અ૦ ૧

સર્વ ભાવથી ઔદાસિન્ય વૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમ-હેતુ હોયજો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોયજો. અ૦ ૨

દર્શન મોહ વ્યતિત થઇ ઉપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાનજો;
તેથી પ્રક્ષીણ ચારિત્ર મોહ વિલોકીએ,
વર્તે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાનજો. અ૦ ૩

આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહ પર્યંતજો;
ઘોર પરિષહ કે ઉપસર્ગ-ભયે કરી,
આવી શકે નહી તે સ્થિરતાનો અંતજો અ૦ ૪

સંયમના હેતુથી યોગ-પ્રવર્તના,
સ્વરૂપ લક્ષે જિન આજ્ઞા આધીનજો.
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
અંતે થાયે નિજ સ્વરૂપમાં લીનજો. અ૦ ૫

પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મલે મનનો ક્ષોભજો;
દ્રવ્ય,ક્ષેત્રને કાલ ભાવ-પ્રતિબંધ વિણુ,
વિચરવું ઉદયાધીન પણ વીત લોભજો. અ૦ ૬

ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધ સ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનું માનજો;
માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની,
લોભ પ્રત્યે નહી લોભ સમાનજો. અ૦ ૭

બહુ ઉપસર્ગ કરતા પ્રત્યે પણ ક્રોધ નહી,
વંદે ચક્રી તથાપિ ન મલે માનજો;
દેહ જાય પણ માયા થાય ન રોમમા,
લોભ નહીં છો પ્રબલ સિદ્ધિ નિધાનજો અ૦ ૮

નગ્નભાવ મુંડભાવ સહ અસ્નાનતા,
અદંત ધોવન આદિ પરમ પ્રસિદ્ધજો;
કેશ રોમ નખ કે અંગે શૃંગાર નહીં,
દ્રવ્ય ભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધજો. અ૦ ૯

શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તેજ સ્વભાવજો,
જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવજો અ૦ ૧૦,

એકાકી વિચરતો વલી સ્મશાનમા,
વલી પર્વતમાં વાઘ સિંહ સંયોગજો;
અડોલ આસન ને મનમાં નહી ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગજો. અ૦ ૧૧

ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં મનને પ્રસન્ન ભાવજો;
રજ કણ કે ઋદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવજો. અ૦ ૧૨

એમ પરાજય કરીને ચારિત્ર મોહનો,
આવ્યું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવજો;
શ્રેણિ ક્ષપક તણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવજો. અ૦ ૧૩

મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણ મોહ ગુણસ્થાનજો;
અંતસમય ત્યાં પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઇ,
પ્રગટાવું નિજ કેવલજ્ઞાન નિધાનજો. અ૦ ૧૪

ચાર કર્મ ઘનઘાતિ તે વ્યવચ્છેદ જ્યાં,
ભવના બીજતણો આત્યંતિક નાશજો;
સર્વ ભાવ જ્ઞાતા દૃષ્ટા સહ શુદ્ધતા,
કૃત્ય કૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશજો. અ૦ ૧૫

વેદનીયાદિ. ચાર કર્મ વર્તે જિહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્રજો:
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે,
આયુષ પૂર્ણે મટિયે દૈહિક પાત્રજો અ૦ ૧૬

મન વચન કાયા ને કર્મની વર્ગણા,
છૂટે જિહાં સકલ પુદ્ગલ સંબંધજો,
એવું અયોગિ ગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહા ભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધજો અ૦ ૧૭

એક પરમાણુ માત્રની મલે ન સ્પર્શતા,
પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપજો;
શુદ્ધ નિરંજન ચૈતન્ય મૂર્ત્તિ અનન્યમય,
અગુરૂ લઘુ અમુર્ત્ત સહજપદ રૂપજો. ૨

પૂર્વ પ્રયોગાદિ કારણુના યોગથી,
ઉર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિતજો;
સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,
અનંત દર્શન જ્ઞાન અનંત સહિતજો. ૨

જે પદ શ્રીસર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શકયા નહીં પણ તે શ્રી ભગવાનજો;
તેહ સ્વરૂપને અન્યવાણી તે શું કહે ?,
અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાનજો

એહ પરમ પદ–પ્રાપ્તિનુ કર્યું ધ્યાન મે,
ગજા વગરને હાલ મનોરથ રૂપજો;
તો પણ નિશ્ચય ગજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ–આજ્ઞાએ થાશુ તેજ સ્વરૂપજો



ક્ષમાપના.

હે ભગવાન! હુ બહુ ભુલી ગયો, મે તમારં વચનોને લક્ષ્યમા લીધા નહી, તમારા કહેલા અનુપમ મેં વિચાર કર્યો નહી.

તમારા પ્રણીત કરેલાં ઉત્તમ શીલને મેં સેવ્યું નહીં, તમારા કહેલાં દયા શાંતિ ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યા નહીં. હે ભગવાન! હું ભૂલ્યો આથડ્યો રઝળ્યો અને અનંત સંસારની વિટંબણામાં પડયો છું. હું પાપી છું, હું બહુ મદોન્મત અને કર્મરજથી કરીને મલીન છું. હે પરમાત્મન્! તમારા કહેલાં તત્ત્વો વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડયો છું, અજ્ઞાનથી અંધ થયો છું, નિરાશ્રિત છું અનાથ છું. નિરાગી પરમાત્મા! હવે હું તમારૂં તમારા ધર્મનું અને તમારા સાધુનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થાઉં એ મારી અભિલાષા છે. આગલ કરેલાં પાપોનો હું હવે પશ્ચાતાપ કરૂં છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઉંડો ઉતરૂં છું, તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે.

તમે નિરાગી નિર્વિકારી સચ્ચિદાનંદ સ્વરૂપ સહજાનંદી અનંત જ્ઞાની અનંતદર્શી અને ત્રૈલોક્ય–પ્રકાશક છો. હું માત્ર મારા હિત અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એકપળ તમારા કહેલા તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તા (માર્ગ) માં અહોરાત્ર હું રહું; એજ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ

હે સર્વજ્ઞ ભગવાન! તમને હું વિશેષ શું કહું? તમારાથી કંઈ અજાણ્યું નથી, માત્ર પશ્ચાતાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઈચ્છું છું.

ॐ शांतिः शांतिः शांतिः

આત્માનો અલંકાર

કર્ત્તવ્ય કંકણ.

કંકણ જેમ સ્ત્રીઓનાં સ્વાભાવિક બાહ્ય સૌન્દર્યમાં ઉમેરો કરે છે તેમ કોઇપણ મનુષ્યે પોતાનું બાહ્ય તેમજ આંતર જીવન આદર્શમય અને સૌન્દર્યપૂર્ણ બનાવવું હોય તો માત્ર એકજવાર આ કર્ત્તવ્યકંકણનાં પાંત્રીશ કર્ત્તવ્યો મનનપૂર્વક વાંચી જાઓ અને પછી તમારા હૃદયને પુછો કે તમે તમારા જીવનમાં કંઇ પ્રકાશ મેળવ્યો ? તમારી આંતર-બાહ્ય સુન્દરતામાં કંઇ ઉમેરો થયો ? જવાબ એકજ મળશે કે-ચિરકાળથી જે આદર્શમયતા -મનુષ્યજીવનની વાસ્તવિક સૌન્દર્યતાની અભિલાષા રાખી રહ્યો હતો તે આ પાંત્રીશ કર્ત્તવ્યરૂપ કંકણોના પરિધાનથી પૂર્ણ થઇ છે. આવાં પુસ્તકોજ બાળકો, યુવાનો અને વૃદ્ધોમાં કોઇ અદ્વિતીય પ્રકાશ પૂરે છે અને એટલા માટેજ આ ગ્રંથના લેખક ઉપર આ પુસ્તકની ઉપયોગીતા માટે મળેલા અનેક અભિપ્રાયો પૈકી માત્ર એકજ અભિપ્રાય રજુ કરીશ:—

"શ્રીમાન્ મુનિ દેવચંદ્રજી !

આપના તરફથી અત્રેના જૈન પંડિત મારફત 'કર્ત્તવ્યકંકણ'ની એક પ્રત મળી. તે માટે આપનો ઉપકાર માનું છું. આપે સમાજ સુધારણાર્થે અતિ શ્રેયસ્કર માર્ગો પુસ્તકમાં દર્શાવ્યા છે શીખામણો વાંચવાલાયક અને બોધદાયક છે. મને આશા છે કે 'કર્ત્તવ્યકંકણ' જનસમાજમાં રસથી વંચાશે અને જેઓ તેમાંથી સાર લઇ વર્ત્તનમાં પરિણીત કરશે તેમને જરૂર લાભ થશે.

પોષ સુ ૧૨ વિ સં. ૧૯૮૪ ડેપ્યુટી ચીટનીસ

વિદ્યાધિકારી-બરોડા સ્ટેટ

આવા સર્વાંગસુંદર પુસ્તકનો સૌ કોઇ મહેલાઇથી લાભ લઇ શકે તે માટે તેની કિમ્મત પોસ્ટેજ સાથે માત્ર રૂ. ૧-૦-૦ એકજ ગણેલ છે.

તત્ત્વાવતાર.

પુસ્તકના નામ ઉપરથીજ સ્પષ્ટ થાય છે કે આ ગ્રંથમાં જૈનધર્મનાં મુખ્ય સૂત્રોને ઉતારવામાં આવ્યાં છે. વિશેષતા એજ છે કે એ સૂત્રોને સારી રીતે સમજવા માટે તે ઉપર સંસ્કૃતમાંજ ટીકા રચી તેનો મર્મ રીતે સ્ફુટ કરવામાં આવ્યો છે. એટલે કોઇપણ સંસ્કૃત ભાષાના અભ્યાસીને તે સહજ ઉપયોગી થઇ પડે તેવો છે. કિમ્મત નામ માત્ર પોસ્ટેજ સાથે આના ૦-૮-૦ માત્ર બન્ને પુસ્તકો મળવાનું ઠેકાણું-આકડોડી મોટીપક્ષ ઉપાશ્રય કચ્છ કુકમા.